MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
ભરૂચ ઓફિસ
૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । મંગળવાર । તા. ૦૫-૦૫-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 કોરોનાથી ૭૪ વર્ષના વૃદ્ધનું થયું મોત, પ્રાઈવેટ હોસ્પિટલે ફટકાર્યું ૧૬ લાખનું બિલ

5 આજથી ૬ દેશો વચ્ચે ઓનલાઈન નેશન્સ કપ, ૧૦ મેના રોજ ફાઇનલ રમાશે

8 આરોગ્યમંત્રીની જાણ બહાર તેમના "હિટલિસ્ટ" વાળા ડોક્ટરને નિમણૂંક અપાતા વિવાદ...!

12 રાજપીપળાના લગભગ દરેક વીજ પોલ ઉપર વાયરોની માયાજાળ...?! છાશવારે શોટસર્કિટને આમંત્રણ

દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૪૨,૫૦૦ને પાર,મૃત્યુઆંક ૧૩૭૩એ પહોંચ્યો

લૉકડાઉન છતાં ભારતમાં કોરોનાથી દર કલાકે ત્રણના મોત

છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના ૨૫૫૩ નવા કેસ અને ૭૨ના મોત નિપજ્યા,૧૧ હજાર કરતાં વધુ દર્દીઓ સાજા થયા,લૉકડાઉન ૩.૦ ૧૭મે સુધી ચાલશે,છેલ્લા ૩ દિવસોમાં કોરોના વાયરસના ૭ હજારથી વધારે કેસ નોંધાયા

ન્યુ દિલ્હી

૨૧મી સદીના બીજા દસકાના આરંભે જ દુનિયામાં ફેલાયેલા કોરોના મહામારી ચેપી રોગના ભરડામાં ભારત પણ છે. ભારતમાં આજે ૪ મેથી લોકડાઉન-૩નો આરંભ થયો છે. જે ૧૭મે સુધી રહેશે. લોકડાઉનના ત્રીજા તબક્કામાં સરકારે કેટલીક છૂટછાટ ઓરેન્જ અને ગ્રીન ઝોનવાળા વિસ્તારમાં આપી છે. જેથી લોકડાઉનમાં ઠપ્પ અર્થતંત્ર ધીમે ધીમે ધબકતુ થઈ રહ્યું છે. જ્યાં દારૂબંધી નથી એવા રાજ્યોમાં દિલ્હી સહિત ત્યાં, સોમવારથી કેટલાક નિયમો સાથે ફરીથી શરાબની દુકાનો શરૂ થતાં ખરીદનારાઓની એક-એક કિ.મી. લાંબી લાઇનો લાગી હતી. ક્યાંક પોલીસનમે હળવો લાઠીચાર્જ કરવો પડ્યો હતો. જ્યારે, પોતાના વતન જવા માંગતા શ્રમિકો માટે રેલવે દ્વારા ૧૫ ટકા ટોકન ભાડુ વસૂલીને ટ્રેનો દોડાવવામાં આવી રહી છે. જો કે વિપક્ષ કોંગ્રેસે સત્તાપક્ષને મ્હાત કરવા અને કેન્દ્ર સરકારને ખાસ કરીને રેલવેને ક્ષોભજનક સ્થિતિમાં મૂકીને આ શ્રમિકોનું રેલ ભાડુ પોતે આપવાની જાહેરાત કરતાં રાજકિય ગરમાવો આવી ગયો હતો. તો બીજી તરફ કોરોનાના પોઝીટીવ કેસો ભારતમાં ઓછા થવાનું નામ લેતા નથી. છેલ્લાં ૨૪ કલાકમાં ૨,૫૫૩ નવા કેસો ઉમેરાયા તો દર કલાકે ઉના દરે છેલ્લાં ૨૪ કલાકમાં ૭૨ લોકો કોરોનામાં માર્યા ગયા છે. ગઈકાલે ૮૩ લોકો માર્યા ગયા હતા. જો કે તેની સાથે ૧૧ હજાર કરતાં વધુ દર્દીઓ કોરોનામાં સાજા પણ થયા છે. વીતેલા ત્રણ દિવસમાં કેસની સંખ્યા વધીને ૪૨ હજારને પાર થઈ ગઈ છે. આ ત્રણ દિવસોમાં ૭,૬૮૦ કેસ સામે આવ્યા છે.

દેશમાં એક મહિના કરતાં પણ વધુ સમયથી લાગુ લૉકડાઉન છતાં કોરોના વાયરસનો કાળો કેર શમતો નથી. સોમવારે કેન્દ્રીય આરોગ્ય તેમજ પરિવાર કલ્યાણ મંત્રાલયે માહિતી આપતા જણાવ્યુ કે છેલ્લા ૨૪ કલાક દરમિયાન જ કોરોના વાયરસના ૨૫૫૩ નવા કેસ સામે આવ્યા છે. આ નવા કેસ બાદ કોરોના વાયરસના સંક્રમિત દર્દીઓની સંખ્યા વધીને ૪૨,૫૩૩ થઈ ગઈ છે. વળી, છેલ્લા માત્ર ૨૪ કલાકમાં કોરોના વાયરસ ૭૨ લોકોનો જીવ લઈ ચૂક્યુ છે

દરમ્યન, કેન્દ્રીય મંત્રી ડૉ.હર્ષવર્ધનના જણાવ્યાં પ્રમાણે, દેશમાં કોરોનાના કેસોનો ડબલિંગ રેટ ૩ દિવસનો હતો જે ૧૨ દિવસનો થઈ ગયો છે. ૧૧૦૦૦થી વધુ લોકો રિકવર થઈ ગયા છે બાકી બધા લોકો રિકવરી પર છે. મૃત્યુ દર દુનિયામાં સૌથી ઓછો છે માત્ર ૩%. રોજ ભારતમાં ૭૫૦૦૦ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છેઃ

કેન્દ્રીય આરોગ્ય તેમજ પરિવાર કલ્યાણ મંત્રાલય મુજબ અત્યાર સુધી કોરોના વાયરસના કારણે ૧૩૭૩ લોકોના મોત થઈ ચૂક્યા છે. જો કે રાહતની વાત એ છે કે

અનુસંધાન પાના નં. ૬

રિલાયન્સ ઈન્ડ.માં રૂપિયા ૫૬૫૫.૭૫ કરોડનું રોકાણ કરશે

અમેરિકાની કંપની સિલ્વર લેકે જિયોમાં ૧ ટકા હિસ્સેદારી ખરીદી

મુંબઇ

રિલાયન્સ ઈન્ડસ્ટ્રી દેવાના દબાણ હેઠળ હવે સબસિડયરી અને જોઈન્ટ વેન્ચરમાં હિસ્સેદારી વેચીને દેવાનું ભારણ ઘટાડી રહી છે. ફેસબુક સાથેની ઐતિહાસિક ડીલ બાદ હવે રિલાયન્સે જિયોમાં વધુ ૧% હિસ્સો વેચીને ૫૬૫૫ કરોડ એકઠા કર્યા છે. ફેસબૂક બાદ અમેરિકાની જ જાયન્ટ પ્રાઈવેટ ઈક્વિટી કંપનીની સિલ્વર લેક પાર્ટર્સે જિયો પ્લેટફોર્મમાં ૧% હિસ્સેદારી ખરીદી છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રી સાથે ઁઈ ફર્મે ૭૫૦ મિલિયન ડોલરમાં આ સોદો કર્યો છે. બે સપ્તાહ અગાઉ જ ભારતની સૌથી મોટી કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીએ ફેસબૂક સાથે જિયો પ્લેટફોર્મમાં સ્ટેલ સેલની ડીલ કરી હતી. જિયોમાં ૯.૯૯% હિસ્સેદારી ખરીદવા માટે ફેસબૂકે ૫.૭ અબજ ડોલર એટલેકે ૪૩,૫૭૫ કરોડ ચૂકવવા સંમતિ દર્શાવી હતી. ભારતના ઈતિહાસમાં ટેક્નોલોજી ક્ષેત્રે થયેલ સૌથી મોટા વિદેશી રોકાણ સોદાના ૧૦ જ દિવસમાં ફરી રિલાયન્સે જિયોમાં વધુ ૧% હિસ્સો અમેરિકાની PE કંપનીને ૫૬૫૫ કરોડ વેચ્યો છે. જે રીતે રિલાયન્સ જીયોમાં કંપની એક પછી એક રોકાણ આવી રહ્યા છે તેના ઉપર લાગી રહ્યું છે કે રિલાયન્સ

અનુસંધાન પાના નં. ૬

વિદેશથી લોકોને ફ્રીમાં લવાયા હતા હવે ભેદભાવ કેમ?: કોંગ્રેસ

મજૂરોનો રેલવેનો ખર્ચ કોંગ્રેસ પાર્ટી ઉઠાવશેઃ સોનિયા ગાંધી

ન્યુ દિલ્હી

કોરોના વાઈરસની મહામારી સામે જારી લડતમાં લાગુ કરવામાં આવેલા લૉકડાઉનના કારણે મજૂર લાંબા સમયથી ફસાયેલા હતા. હવે જ્યારે લગભગ એક મહિના બાદ ઘરે જવાની પરવાનગી મળી તો કેન્દ્ર સરકારે રેલવેનો તમામ ખર્ચ મજૂરો પાસેથી વસૂલવાનો નિર્ણય લીધો.

આ વિશે જોરશોરથી રાજકીય નિવેદનબાજી થઈ અને હવે કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ મોટો નિર્ણય લીધો છે. કોંગ્રેસ પાર્ટી તમામ જરૂરિયાત મંદ મજૂરોનો રેલવે ટિકિટનો ખર્ચ ઉઠાવશે.

કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ નિર્ણય લીધો છે કે પ્રદેશ કોંગ્રેસ કમિટીના દરેક એકમ શ્રમિક-કારીગરના ઘરે જવાની ટ્રેનની ટિકિટનો ખર્ચ ઉઠાવશે અને જરૂરી પગલા લેશે. સોમવારે જારી કરવામાં આવેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યુ છે કે માત્ર ચાર કલાકના નોટિસ પર લોકડાઉન લાગુ થવાના કારણે દેશના મજૂર પોતાના ઘરે જવાથી વંચિત રહી ગયા છે. ૧૯૪૭ બાદ દેશે પહેલી વાર આ રીતની ઘટના જોઈ કે લાખો મજૂર પગપાળા જ હજારો કિલોમીટર ચાલીને ઘરે જઈ રહ્યા છે. સોનિયા ગાંધીએ તેમના નિવેદનમાં કહ્યુ કે જો આપણે વિદેશમાં ફસાયેલા ભારતીયોને કોઈ ખર્ચ કર્યા વિના પાછા લાવી શકતા હોઈએ, ગુજરાતમાં એક કાર્યક્રમમાં સરકારી ખજાનામાંથી ૧૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરી શકતા હોઈએ, જો રેલવે મંત્રાલય પ્રધાનમંત્રી રાહત ફંડમાં ૧૫૧ કરોડ રૂપિયા આપી શકતા હોય તો પછી મુશ્કેલ સમયમાં મજૂરોના ભાડાનો ખર્ચ કેમ ઉઠાવી ના શકીએ?

રેલ્વે પીએમ કેયર્સ ફંડમાં દાન કરે છે અને શ્રમિકો પાસેથી ભાડૂ વસૂલે છેઃ રાહુલ

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ અન્ય રાજ્યોમાંથી વતન પરત ફરી રહેલા શ્રમિકો પાસેથી ભાડું વસૂલવાને લઈ રેલવે પર નિશાન સાધ્યું છે. રાહુલ ગાંધીએ આ અંગે ટ્વિટ કર્યુ છે. રાહુલ ગાંધીએ ટ્વિટ કરીને કહ્યું, "રેલવે એકબાજુ પીએમ કેયર્સ ફંડમાં ૧૫૧ કરોડ રૂપિયા આપી રહ્યું છે અને બીજી તરફ પ્રવાસી શ્રમિકો પાસેથી ભાડું વસૂલી રહી છે. આ ગૂંચવણ ઉકેલો."

રાજ્યો પાસેથી માત્ર કુલ ભાડાના ૧૫ ટકા ચાર્જ માંગવામાં આવે છે

મજૂરોને કોઈ ટિકિટ વેચવામાં નથી આવતીઃ રેલ્વેની સ્પષ્ટતા

ન્યુ દિલ્હી

કોરોના મહામારી વચ્ચે જે તે રાજ્યોમાં ફસાયેલા પ્રવાસી શ્રમિકોને તેમના વતનમાં પાછા મોકલવા માટે મોદી સરકારે કમર કસી છે. શરૂઆતમાં આ શ્રમિકોને ખાનગી બસ દ્વારા અને હવે રેલવે ટ્રેનો દ્વારા પોતાના રાજ્યોમાં મોકલવામાં આવી રહ્યાં છે. પ્રવાસી શ્રમિકો માટે સરકાર નોન-સ્ટોપ ટ્રેનો દોડાવી રહી છે. પરંતુ શ્રમિકો પાસેથી રેલવે ભાડું વસૂલવાનો મામલો વિવાદનું સ્વરૂપ ધારણ કરી રહ્યો છે.

હવે રેલ મંત્રાલયએ સ્પષ્ટીકરણ જાહેર કર્યું છે. રેલ મંત્રાલયે કહ્યું કે, મજૂરોને કોઈ ટિકિટ નથી વેચવામાં આવતી. રાજ્યો પાસેથી માત્ર કુલ ભાડાના ૧૫ ટકા ચાર્જ માંગવામાં આવી રહ્યો છે. તો સોશિયલ ડિસ્ટન્સિંગના કારણે ટ્રેનની અનેક બર્થ ખાલી રાખવામાં આવી રહી છે.

કોરોના મહામારી વચ્ચે રેલવેએ પ્રવાસી શ્રમિકો માટે નોનસ્ટોપ રેલવે ટ્રેનો દોડાવવાનું શરૂ કર્યું છે.

અનુસંધાન પાના નં. ૬

સોશિયલ ડિસ્ટન્સિંગના ધજાગરા ઉડ્યા

લોકડાઉનમાં છૂટ અપાતા દેશભરમાં દારૂની દુકાનોમાં લાંબી લાઈનો

ન્યુ દિલ્હી

લોકડાઉનના ત્રીજા તબક્કામાં દારૂની દુકાનો ખોલવા માટે આજથી છૂટ આપવામાં આવી છે. લગભગ દોઢ મહિના સુધી લોકો દારૂ પીધા વગર જીવી રહ્યા હતા. આવા તમામ લોકો દારૂ પીવા માટે એટલા બધા તલપાપડ થઈ રહ્યા હતા કે સરકાર તરફથી છૂટ મળતાની સાથે જ દારૂની દુકાનો પર એક-એક કિલોમીટર લાંબી લાઈનો લાગી ગઈ હતી.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે લોકડાઉનમાં આપેલી છૂટછાટમાં સ્પષ્ટ પણે સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરવાના આદેશ આપ્યા હતા. પરંતુ અનેક વિસ્તારોમાં દારૂની દુકાનો ખુલે તેના બે કલાક પેહેલેથી જ લોકોની લાઈનો લાગવા લાગી હતી. આ દરમિયાન સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરાવવા માટે દુકાનોની બાહર બેરિકેડ્સ લગાવવામાં આવ્યા હતા તેમજ કેટલીક જગ્યાઓએ ખાના દોરવામાં આવ્યા હતા જેથી લોકો એકબીજા વચ્ચે અંતર રાખી શકે.

દિલ્હીના ચન્દ્ર નગર અને કાશ્મીરી ગેટ વિસ્તાર દારૂની દુકાનોની બહાર લાંબી લાંબી લાઈનો લાગી ગઈ છે. આ લાઈનોને કાબુમાં રાખવા માટે પોલીસે લાઠીચાર્જ કરવો પડ્યો હતો. આશરે દોઢ મહિનાના લોકડાઉન બાદ ગ્રીન ઝોનમાં દારૂની દુકાનો ફરીથી ખોલવાની છૂટ આપી છે. પરંતુ લોકોને અહીં સરકાર તરફથી આદેશ આપવામાં આવેલ સોશિયલ ડિસ્ન્સિંગના નિયમોના ધજાગરા ઉડતા જોવા મળ્યા છે.

જોકે, કેટલાક વિસ્તારોમાં સોશિયલ ડિસન્ટન્સિંગનું પાલન થતું જોવા મળ્યું હતું. જયાં કેટલીક જગ્યાઓએ લાઈનોમાં ધક્કા-મુક્કી પણ થઈ હતી. પરંતુ લોકડાઉનમાં આપવામાં આવેલી ઢીલ પોલીસ માટે સૌથી મોટો પડકાર બનીને સામે આવ્યો

અનુસંધાન પાના નં. ૬

આજની પરિસ્થિમાં આપની આવક વધારવા અને આપની તંદુરસ્તી માટે નીચેની લિંક ખોલી જુઓ

સામાન્ય માણસ જ્યારે કોરોનાની મહામારી અને મંદીનો સામનો કરી રહ્યું છે ત્યારે ૧૬ વર્ષ જુના જંગ એ ગુજરાત અખબાર ગ્રુપનું નવું નજરાણું

MARKET4U(OPC) PRIVATE LIMITED

જેમાં જુદા જુદા બે પ્લેટફોર્મ ની લિંક અત્રે પ્રસ્તુત છે જે લિંક ખોલી આપ વિગત સમજી શકશો ન સમજાય તો અમારા 9904733000 અને 9978406257 પર કોલ કરી શકો છો.

www.market4u.in

જ્યાં આપ પોતાની જાહેરાત અને જરૂરિયાં માત્ર રૂપિયા ૫૫૦/- માં ૬ મહિના સુધી કરી ખૂબ પ્રસિદ્ધિ કરી કમાઈ શકશો

www.connectindians.in

જ્યાં આપ જોડાયબદ અન્યને market4u ની વિગત સમજાવી અન્ય ને જોડશો તો મહેનત મુજબ ખુબ કમાઈ શકશો તદુપરાંત અમે લાવ્યા છીયે આપના સ્વસ્થ્ય માટે જરૂરી નેગેટિવ આયન્સ રિસ્ટબેન્ડ જે આપને માટે હાલના સમયમાં ખુબજ જરૂરી છે નેગેટિવ આયન એટલે શું? શામાટે આપણા સ્વસ્થ જીવન માટે જરૂરી છે? ક્યાંથી મેળવી શકશો આપ?

9978406257

http://www.jungegujarat.in/negative-ion/

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

ગુજરાતના તમામ સ્થળે ટીમ લીડર નીમવાના છે

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ (રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં સભ્ય બની તમારા વિસ્તારમાં અન્યોને મદદરૂપ થાઓ. શુ આપ સહેલાઈથી ઓછો મહેનતે ઘર ચલાવવા કે બચત કરવા માંગો છો? શુ આપ અભ્યાસ સાથે સ્વનિર્ભર બનવા માંગો છો તો આજે જ સંપર્ક કરો

757488861

(ટ્રસ્ટની સભ્ય ફી માત્ર ૧૦૦ રૂપિયા રહેશે. જોડાવા માટે આધાર કાર્ડ પાન કાર્ડ જરૂરી રહેશે. વાર્ષિક સામાન્ય સભ્યનું ઈ ઓળખ પત્ર મળશે)

-:: ફી મોકલવાની ડિટેલ ::-

Phone pay 7574888859 • Act No. 33586780623
State Bank of India • Ifsc code SBIN0009164
Pritam nagar Branch, Bharuch 392002

ડિસેમ્બર સુધી અમે કોરોનાની રસી તૈયાર કરી લઈશુઃ ટ્રમ્પ

અમારી પાસે પૂરતા પુરાવા કે કોરોના વાયરસ ચીનની લેબમાં જ પેદા થયોઃ પોમ્પિયોનો દાવો

વોશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે, ડિસેમ્બર સુધી કોરોનાની વૈક્સીન તૈયાર કરવામાં આવશે. તેમણે એક ચેનલના કાર્યક્રમમાં રવિવારે આ વાત જણાવી હતી. ટ્રમ્પે જણાવ્યું કે, અમે વહેલી તકે વૈક્સીન તૈયાર કરી લઈશું. જે આ વર્ષના અંત સુધી ઉપલબ્ધ થઈ શકે છે. જેના માટે અમે તમામ પ્રયાસ કરી રહ્યા છે. અમે સપ્લાઈ લાઈન તૈયાર કરી રહ્યા છે એટલું જ નહીં અમારી પાસે ફાઈનલ વૈક્સીન પણ તૈયાર છે. તેમણે જોનસન એન્ડ જોનસનનું નામ લઈને જણાવ્યું કે, અનેક ફાર્માસ્યૂટિરલ કંપનીઓ વૈક્સીન તૈયાર કરવાની ખૂબ જ નજીક છે.

ટ્રમ્પે જણાવ્યું કે, દેશમાં મૃત્યુઆંક પહેલાના અંદાજ કરતા વધારે હોઈ શકે છે. દેશમાં મૃત્યુઆંક ૭૫ હજાર અથવા એક લાખને પાર થઈ શકે છે. આ ભયાવહ છે આ બીમારીથી એક પણ વ્યક્તિનું મોત થવું જોઈએ નહીં. એક અઠવાડિયા પહેલા કોરોનાથી લગભગ ૬૦ હજાર લોકોના મોતનો અંદાજ વ્યક્ત કર્યો હતો જો કે અમેરિકામાં અત્યાર સુધી ૬૮ હજારથી વધારે લોકોના મોત થયા છે.

અમેરિકાની નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ એલર્જી એન્ડ ઈન્ફેક્શિયસ ડિસીઝના ડિરેક્ટર ડૉ. એન્થની ફોસીએ હાલમાં જણાવ્યું હતું કે, વૈક્સીન આગામી જાન્યુઆરી સુધી તૈયાર થઈ શકે છે. આવું ત્યારે જ થશે જ્યારે કંપનીઓ પહેલા જ ઉત્પાદન શરૂ કરવા માટે તૈયાર હોય. સ્વાસ્થ્ય અધિકારીઓએ જણાવ્યું છે કે, કોરોનાની વૈક્સીન તૈયાર થવામાં ૧૮ મહિનાનો સમય લાગશે. સામાન્ય રીતે એક વૈક્સીન તૈયાર કરવા અને તેને બજારમાં લાવવામાં એક વર્ષનો સમય લાગશે.

અમેરિકાના વિદેશ સચિવ માઈક પોમ્પિયોએ જબરદસ્ત મોટો દાવો કરતા કહ્યું કે એ વાતના અમારી પાસે પૂરતા પુરાવા છે કે કોરોના વાયરસ ચીનના વુહાનની લેબમાં જ પેદા થયો હતો.

ન્યૂજ ચેનલ એબીસીના 'દિસ વીક' શોમાં પોમ્પિયોએ આ દાવો કર્યો. તેમણે વાયરસ સામે લડવાના ચીનના વલણની પણ આલોચના કરી. જો કે તેમણે એ વાતનો કોઈ જવાબ આપ્યો નથી કે શું વાયરસને જાણીજોઈને છોડવામાં આવ્યો હતો.

લોકડાઉનમાં સેનિટાઈઝરમાંથી દારૂ બનાવ્યો, પોલીસે ધરપકડ કરી

ભોપાલ

દેશમાં આજથી લોકડાઉનના ત્રીજા ચરણનો પ્રારંભ થયો છે. કેન્દ્ર સરકારે જાહેરનામું પાડીને દેશના રેડ, ઓરેન્જ અને ગ્રીન ઝોનમાં કેટલીક ચીજવસ્તુઓને છૂટ આપી છે તો કેટલાકમાં અગાઉની જેમ પ્રતિબંધ યથાવત રાખ્યો છે. કેટલાક વિસ્તારોમાં દારૂની દુકાનો ખોલવાની મંજૂરી આપવામાં આવી નથી. નશાખોરો હંમેશા બીજો વિકલ્પ તૈયાર કરી લેતા હોય છે. પ્યાસીઓની તલપને સંતોષવા મધ્ય પ્રદેશમાં એક શખ્સે સેનિટાઈઝરમાંથી દારૂ બનાવતા પોલીસે તેની ધરપકડ કરી લીધી હતી. સેનિટાઈઝરમાં ૭૦ ટકાથી વધુ દારૂ હોય છે જેને પગલે આ શખ્સે નશાખોરોની પ્યાસ સંતોષવા આ અનોખો નુસ્ખો અપનાવ્યો પરંતુ આખરે પોલીસને જાણ થતા તેને જેલ ભેગો કરવામાં આવ્યો હતો.

મધ્યપ્રદેશના રાયસન જિલ્લામાં શનિવારે પોલીસે એક શખ્સની ધરપકડ કરી છે. રાજ્યમાં દારુની દુકાનો બંધ હોવાથી આ શખ્સે સેનિટાઈઝરમાંથી દારૂ બનાવવાનો કીમીયો અપનાવ્યો હતો. સેનિટાઈઝરમાં આલ્કોહોલ મુખ્ય ઘટક હોય છે. આ શખ્સની ઓળખ ઈન્દલ સિંઘ રાજપૂત હોવાની થઈ છે અને તે સુલ્તાનપુર પોલીસ સ્ટેશનની હદમાં આવતા બોરિયા જાગિર ગામનો રહેવાસી હોવાનું જણાયું હતું.

નિફ્ટી ૫૬૬ અંક ઘટી ૯૨૯૩ની સપાટીએ બંધ

સપ્તાહના પ્રથમ દિવસે જ સેન્સેક્સમાં ૨૦૦૦ પોઈન્ટનો કડાકો

માત્ર ગણતરીની મિનિટોમાં રોકાણકારોના લગભગ ૫.૧૫ લાખ કરોડ રૂપિયા ધોવાયા

મુંબઈ

સપ્તાહના પ્રથમ દિવસે સેન્સેક્સ ૨૦૦૨ અંક ઘટીને ૩૧૭૧૫ પર બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૫૬૬ અંક ઘટીને ૯૨૯૩ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સ પર ટાટા સ્ટીલ, ઈન્ડસઈન્ડ બેંક, બજાજ ફાઈનાન્સ, આઈસીઆઈસીઆઈ બેંક અને ટેક મહિન્દ્રા સહિતના શેરમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. ટાટા સ્ટીલ ૮.૧૮ ટકા ઘટી ૨૭૪.૦૫ પર કારોબાર કરી રહ્યો છે. ઈન્ડસઈન્ડ બેંક ૮.૦૨ ટકા ઘટી ૪૩૦.૪૫ પર કારોબાર કરી રહ્યો છે. જ્યારે બજાજ ફાઈનાન્સ ૭.૪૯ ટકા ઘટીને ૨૧૪૩.૫૦ પર કારોબાર કરી રહ્યો છે. ટેક મહિન્દ્રા ૭.૬૧ ટકા ઘટીને ૫૦૪.૫૫ પર કારોબાર કરી રહ્યો છે. જોકે સનફાર્મા ૧.૫૨ ટકા વધી ૪૭૧.૯૦ પર કારોબાર કરી રહ્યો છે.

આ સિવાય બેંક નિફ્ટી પણ ૧,૭૯૦ પોઈન્ટના કડાકા સાથે ૧૯,૭૪૩ નજીક બંધ આવ્યો છે. બીએસઈ પણ મીડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સ અનુક્રમે ૪.૨૫ ટકા અને ૩.૧૪ ટકા પટકાઈને બંધ આવ્યા છે. આજે સેક્ટોરિયલ ઈન્ડેક્સની વાત કરીએ ઓટો, ફાઈનાન્શિયલ સર્વિસેઝ, એફએમસીજી, આઈટી, મીડિયા, મેટલ, રિયલિટી, પીએસયૂ બેંક, પાઈવેટ બેંકના સ્ટોક ગગડીને સેટલ થયા છે.

ઉલ્લેખનીય છે કે મોદી સરકારે દેશમાં લોકડાઉનને બે સપ્તાહ આગળ વધારીને ૧૭ મે સુધી કરી દીધું છે. જેની અસર આજે માર્કેટ પર જોવા મળી. આજે માર્કેટની શરૂઆતમાં જબરદસ્ત વેચવાલી જોવા મળી જેના કારણે માત્ર ગણતરીની મિનિટોમાં રોકાણકારોના લગભગ ૫.૧૫ લાખ કરોડ રૂપિયા ધોવાયા હતા. આજે કુલ ૫૬૭ સ્ક્રીપમાં સુધારો, ૧૮૧૭ સ્ક્રીપમાં મંદી અને ૧૭૯ સ્ક્રીપમાં કોઈ ફેરફાર જોવા મળ્યો નહોતો.

શુક્રવારે ૧ મેના રોજ વિશ્વના મોટા ભાગના બજારો ઘટાડા સાથે બંધ થયા હતા. અમેરિકાનું બજાર ડાઉ જોન્સ ૨.૫૫ ટકા ઘટાડા સાથે ૬૨૨.૦૩ અંક ઘટી ૨૩,૭૨૩.૭૦ પર બંધ થયું હતું. જ્યારે અમેરિકાનું બજાર નેસ્ડેક ૩.૨૦ ટકાના ઘટાડા સાથે ૨૮૪.૬૦ અંક ઘટી ૮,૬૦૪.૯૫ પર બંધ થયું હતું. બીજી તરફ એસએન્ડપી ૨.૮૧ ટકા ઘટાડા સાથે ૮૧.૭૨ અંક ઘટી ૨૮૩૦.૭૧ પર બંધ થયો હતો. જોકે ચીનનો શંઘાઈ કમ્પોઝિટ નો પ્રોફિટ-નો લોસમાં રહ્યો હતો. બીજી તરફ ફ્રાન્સ, ઈટલી, જર્મનીના બજાર પણ ઘટાડા સાથે બંધ થયા હતા.

કોરોનાથી ૭૪ વર્ષના વૃદ્ધનું થયું મોત, પ્રાઈવેટ હોસ્પિટલે ફટકાર્યું ૧૬ લાખનું બિલ

મુંબઈ

કોરોનાના દર્દીઓથી સરકારી હોસ્પિટલો ઉભરાઈ રહી છે, અને પ્રાઈવેટ હોસ્પિટલો તેના માટે કલ્પના ના કરી શકાય તેટલા ચાર્જ વસૂલી રહી છે. તેવામાં મધ્યમ વર્ગની હાલત સૂડી વચ્ચે સોપારી જેવી થઈ ગઈ છે. મુંબઈમાં સામે આવેલી એક ઘટનામાં એક વ્યક્તિને કોરોનામાં ના માત્ર પોતાના ૭૪ વર્ષીય પિતાને ગુમાવવા પડ્યા, પરંતુ પ્રાઈવેટ હોસ્પિટલનું ૧૬ લાખ રુપિયાનું તગડું બિલ પણ ચૂકવવું પડ્યું.

સાંતાક્રુઝમાં રહેતા એક વ્યક્તિના પિતાને મુંબઈની નાણાવટી હોસ્પિટલમાં એડમિટ કરાયા હતા, અને તેમની ૧૫ દિવસ સુધી ટ્રીટમેન્ટ ચાલી હતી. જોકે, શરીરના એક પછી એક અંગોએ કામ કરવાનુ બંધ કરી દેતા ૭૪ વર્ષીય વૃદ્ધનું અવસાન થયું હતું. બીજી તરફ, હોસ્પિટલના ડિરેક્ટર મનપ્રિત સોહલે વધારે પડતો ચાર્જ લેવાયો હોવાના આક્ષેપને નકારતા જણાવ્યું હતું કે, દર્દીને ગંભીર હાલતમાં લવાયા હતા, અને તેમને બેસ્ટ ટ્રીટમેન્ટ આપવા છતાં તેઓનું મોત થયું હતું.

મહારાષ્ટ્ર સરકારે ગયા સપ્તાહે વીમો ના હોય તેવા લોકોને કોરોના તેમજ અન્ય રોગોની સારવાર માટેના ચાર્જ પ્રાઈવેટ હોસ્પિટલ માટે નક્કી કરેલા છે. છતાંય ઘણા પરિવારો પ્રાઈવેટ હોસ્પિટલો કમરતોડ ચાર્જ વસૂલતી હોવાના આક્ષેપો કરી રહ્યા છે.

નાણાવટી હોસ્પિટલની ઘટનામાં મૃતકના દીકરાનો આક્ષેપ છે કે, હોસ્પિટલે જે બિલ આપ્યું તેમાં ૮.૬ લાખ રુપિયા ચાર્જ દવાઓ અને બીજી વસ્તુઓનો લગાવાયો છે. જ્યારે ૨.૮ લાખ રુપિયા કોવિડ ચાર્જ લેવાયો છે. તેમનો આક્ષેપ છે કે સરકારે ભલે ચાર્જ નક્કી કર્યા હોય, પરંતુ લાગે છે કે હોસ્પિટલો તેને નથી ગણકારી રહી.

કિમ જોંગ મુદ્દે દક્ષિણ કોરિયાનો ચોંકાવનારો દાવો

કિમ જોંગ ઉનની ના તો કોઈ સર્જરી થઈ છે ન તો કોઈ સારવાર

પ્યોંગયોગ

દક્ષિણ કોરિયાના એક અધિકારીએ દાવો કર્યો કે નોર્થ કોરિયાના તાનાશાહ કિમ જોંગ ઉનની ના તો કોઈ સર્જરી થઈ છે, ના તો કોઈ સારવાર થઈ છે. કિમ જોંગ ત્રણ સપ્તાહ સુધી ગાયબ રહ્યા અને પરિવારના એક મહત્વપૂર્ણ ફંકશનનો હિસ્સો ના બન્યા બાદ તેમના સ્વાસ્થ્યને લઈ કેટલીય અટકળો ચાલી હતી. કિમના બીમાર હોવાથી લઈ મોત સુધીની અફવાઓ ઉડી હતી.

દક્ષિણ કોરિયન સમાચાર આઉટલેટ યોનહાપના મતે એક અધિકારીએ કહ્યું કે સરકારને એ વાતનો ભરોસો છે કે કિમની કોઈ સર્જરી કે કોઈ સારવાર થઈ નથી. જો કે પોતાના નિવેદનની વચ્ચે કારણની સ્પષ્ટતા કરી નથી.

ઉત્તર કોરિયાએ ગયા શનિવારના રોજ કહ્યું હતું કે કિમ શુક્રવારના રોજ પ્યોંગયાંગની નજીક આવેલ બિયારણની ફેકટરીના એક કાર્યક્રમમાં સામેલ થયા હતા. ૧૧ એપ્રિલ બાદ તેઓ પહેલી વખત જાહેરમાં આ રીતે દેખાયા હતા. કિમની વાયરલ થયેલી તસવીરોમાં તેઓ હસતા હતા અને પોતાના કર્મચારીઓ સાથે વાતચીત કરતાં દેખાઈ રહ્યા હતા.

માર્ચ મહિનામાં પીએમઆઈ ઈન્ડેક્સ ૫૧.૮ની સપાટીએ હતો

એપ્રિલમાં મેન્યુફેક્ચરિંગ પર્ચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ ૨૭.૪ના સૌથી નીચા સ્તરે

મુંબઈ

લોકડાઉનને કારણે દેશભરમાં માંગ અને સપ્લાય ચેઈન પર અસર પડી છે. આના લીધે એપ્રિલમાં મેન્યુફેક્ચરિંગ પર્ચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ (PMI) ૨૭.૪ પર આવી ગયો છે. જાણકારોના મતે આ અત્યાર સુધીનો સૌથી નીચું સ્તર છે. સૂચકાંકમાં ઘટાડો એ સંકેત છે કે દેશમાં ઉત્પાદનથી લઈને લગભગ તમામ ક્ષેત્રોમાં કામ અટકી ગયું છે. કોરોના વાયરસને કારણે ૨૫ માર્ચથી દેશભરમાં લોકડાઉન જાહેર કરાયું હતું. માર્ચ મહિનામાંPMI ઈન્ડેક્સ ૫૧.૮ પર હતો, જેની તુલનામાં એપ્રિલનો ઈન્ડેક્સ લગભગ અડધો થયો છે જે બતાવે છે કે દેશમાં ઉત્પાદનને લગતી પ્રવૃત્તિ ઠપ્પ થઈ છે.

વર્ષ ૨૦૦૫માં PMI ઈન્ડેક્સ રજૂ થયા પછીનું આ સૌથી નીચું સ્તર છે. આઈએચએસ માર્કેટના અર્થશાસ્ત્રી ઈલિયટ કેરના જણાવ્યા મુજબ માર્ચમાં ભારતની ઔદ્યોગિક પ્રવૃત્તિ પર વધારે અસર થઈ ન હતી, પરંતુ એપ્રિલમાં લોકડાઉનની અસર સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ઉત્પાદનમાં મોટો ઘટાડો થયો છે અને નવા ઓર્ડર મળ્યા નથી, જેના કારણે રોજગાર પર વિપરીત અસર થવાની સંભાવના છે. ૨૦૦૫માં સર્વે શરૂ થયું ત્યારથી આ સૌથી ખરાબ આંકડો છે. તે દેશની મંદી પણ દર્શાવે છે.

લોકડાઉનને કારણે દેશની અર્થવ્યવસ્થાને થતા નુકસાનથી બચાવવા સરકારે અને રિઝર્વ બેંકે રાહત પેકેજની ઘોષણા કરી છે, તેમ છતાં અર્થતંત્રમાં ઝડપથી ઘટાડો થવાની સંભાવના છે. ફિચ, મૂડીઝ, આઈએમએફ, વર્લ્ડ બેંક સહિત વિશ્વની ઘણી મોટી એજન્સીઓએ દેશના વિકાસ દરના અંદાજમાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે. બાર્કલેઝે વિકાસ દર ઘટાડીને શૂન્ય પર રહેવાનો અંદાજ મુક્યો છે.

યોગી સરકાર અન્ય રાજ્યમાંથી આવતા મજૂરો માટે ૧૦ હજાર બસો ફાળવશે

લખનઉ

ઉત્તર પ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે ટીમ-૧૧ના મુખ્ય અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી. જેમાં પરપ્રાંતિય કામદારોને તેમના ઘરે સલામત પહોંચાડવાની વ્યૂહરચના બનાવવામાં આવી છે. લોકોને સલામત રીતે ઘરો સુધી પહોંચાડવા માટે યોગી સરકારે ૧૦,૦૦૦ બસો ફાળવવાની સૂચના આપી છે.

મુખ્યપ્રધાનની સૂચનાથી મેડિકલ સ્ક્રીનીંગ માટે ૫૦,૦૦૦થી વધુ મેડિકલ ટીમો મુકવામાં આવી છે. સોમવારે ગુજરાત, મહારાષ્ટ્ર, અને કર્ણાટકથી પરપ્રાંતિય મજૂરો ટ્રેન મારફતે ઉત્તરપ્રદેશ પહોંચી રહ્યા છે.

મુખ્યપ્રધાનની સૂચના મુજબ તમામ સમુદાયોના રસોડા, ક્વોરેન્ટાઈન સેન્ટર અને આશ્રયસ્થાનોને ભૂ-ટેગ કરવામાં આવી રહ્યા છે. બહારથી આવતા લોકોને પહેલા સરકાર દ્વારા બનાવાયેલા જિલ્લાઓના ક્વોરેન્ટાઈન સેન્ટરમાં લઈ જવામાં આવશે. જ્યા તેમની તબીબી તપાસ કરવામાં આવશે.

આરોગ્ય તપાસ કર્યા બાદ તેમના સ્વાસ્થય હોમ ક્વોરેન્ટાઈન અથવા હોસ્પિટલ મોકલવામાં આવશે. તેમને ફૂડ પેકેટો સાથે હોમ ક્વોરેન્ટાઈન કરવામાં આવશે. નિરાધાર લોકોને મેઈન્ટેનન્સ ભથ્થું પણ આપવામાં આવી રહ્યું છે.

બીએસએફના વધુ ૨૫ જવાન કોરોના વાયરસની ચપેટમાં

ન્યુ દિલ્હી

દિલ્હીમાં કોરોના વાયરસ સંક્રમણના મામલાઓમાં ખૂબ જ તેજીથી વધારો થઈ રહ્યો છે. ત્યારે હવે કોવિડ-૧૯ ની ઝપેટમાં સ્વાસ્થ્યકર્મિઓની સાથે-સાથે સુરક્ષાબળોના જવાનો પણ આવી રહ્યા છે. દિલ્હીની જામા મસ્જિદ વિસ્તારમાં દિલ્હી પોલીસની સાથે તૈનાત BSF ની ૧૨૬ બટાલિયનના વધુ ૨૫ જવાન કોરોના વાયરસથી પોઝિટિવ મળી આવ્યા છે.

૧૨૬ બટાલિયનથી અત્યાર સુધી કુલ ૩૧ જવાન કોરોના સંક્રમિત મળી આવ્યા છે. તો બીજી તરફ જીહ્લ ના ૪૨ જવાનોમાં કોરોના સંક્રમણ મળી ચૂક્યા છે. જીહ્લ ની આ બટાલિયનમાં કુલ ૯૪ જવાન છે. જવાનોમાંથી ૯ જવાનોના રિપોર્ટ શનિવારે આવી હતી.જેમાંથી ૬ કોરોના પોઝિટિવ હતા. રિપોર્ટમાં ૨૫ લોકોના રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યા છે. ૮૦ જવાનોનો કોવિડ-૧૯ ટેસ્ટ કરવામાં આવ્યો હતો. જેમાં ૫ જવાનોનો ટેસ્ટ પણ હજુ આવવાનો બાકી છે. સંક્રમિત જવાનોના સંપર્કમાં આવેલા જવાનોને આઈસોલેટ કરી દેવામાં આવ્યા છે. સંપર્કમાં આવેલા લોકોની ટ્રેસિંગ કરવામાં આવી રહી છે.

ખાડી દેશોમાંથી ભારતીય નાગરિકોને લાવવાનો આદેશ નથી મળ્યોઃ વાયુસેના

ન્યુ દિલ્હી

ભારતીય વાયુસેનાએ કહ્યું છે કે, તે ખાડી દેશોમાંથી ભારતીય નાગરિકોને લાવવા માટે તૈયાર છે. આસિસ્ટન્ટ ચીફ ઓફ એર સ્ટાફ ઓપરેશન્સ એર વાઈસ માર્શલ સુરતસિંહે જણાવ્યું હતું કે, આ દેશોમાંથી ભારતીયોને લાવવાનો આદેશ હજી સુધી મળ્યો નથી. જયારે પણ આદેશ મળે, ત્યારે અમે તેમને પાછા ભારત લાવવા ઓપરેશન શરૂ કરવા તૈયાર છીએ. વાયુસેનાએ નેપાળમાં માલ પૂરો પાડ્યો છે. અમે દેશની અંદર અને બહારની કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા તૈયાર છીએ.

ખાડી દેશોમાં કોરોના ચેપ ઝડપથી વધી રહ્યો છે. આવી સ્થિતિમાં ત્યાં રહેતા ભારતીયોએ દેશ પરત આવવા વિનંતી કરી છે. આ લોકોમાંથી ઘણા લોકોએ સોશિયલ મીડિયા અને ઈમેઈલ દ્વારા ભારતીય દૂતાવાસનો સંપર્ક કર્યો હતો અને ભારત પાછા ફરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. કેન્દ્ર સરકારે તેમને મદદની ખાતરી આપી છે. આ દેશોમાં રહેતા લગભગ ૨ હજાર ભારતીયો સંક્રમિત છે.

કોરોનાના કહેર વચ્ચે આસામમાં ૨૫૦૦થી વધુ ભૂંડોને મારી નખાયા

ગૌહાટી

કોરોનાના કહેર વચ્ચે દેશમાં એક બીજી મોટી આફત આવી છે. આસામ સરકારે રવિવારે કહ્યું કે રાજ્યમાં આફ્રિકન સ્વાઈન ફ્લૂનો પહેલો કેસ નોંધાયો છે અને આસામમાં આનાથી ૩૦૬ ગામડાઓમાં ૨૫૦૦થી વધુ ભૂંડોને મારવામાં આવ્યા છે.

આ અંગે આસામના પશુપાલન અને પશુ ચિકિત્સક મંત્રી અતુલ બોરાએ કહ્યું કે રાજ્ય સરકાર કેન્દ્રની મંજૂરી હોવા છતાં તરત જ ભૂંડોને મારવાની બદલે આ ઘાતક સંક્રમક બીમારીને ફેલાવાથી રોકવા માટે કોઈ બીજો રસ્તો અપનાવશે.

તેમને જણાવ્યુ કે આ બીમારીને કૉવિડ-૧૯થી કોઈ લેવા દેવા નથી. બોરાએ કહ્યું રાષ્ટ્રીય ઉચ્ચ સુરક્ષા પશુ રોગ સ ં સ ્ થ ા ન (એનઆઈએચએસએડી) ભોપાલે પુષ્ટી કરી છે કે આ આફ્રિકન સ્વાઈન ફ્લૂ(એએસએફ) છે. કેન્દ્ર સરકારે અમને જણાવ્યુ કે દેશમાં આ બીમારીનો પ્રથમ કેસ છે. વિભાગ દ્વારા ૨૦૧૯ની ગણતરી અનુસાર ભૂંડોની કુલ સંખ્યા લગભગ ૨૧ લાખ હતી પણ હવે વધીને લગભગ ૩૦ લાખ થઈ ગઈ છે. આસામ સરકારે જણાવ્યું કે, રાજ્યમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૪૨ થઈ ગઈ છે જેમાં ૩૨ સાજા થઈ ગયા છે અને તેમને હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી રહી છે. રાજ્યમાં હજુ ૯ કેસ એક્ટિવ છે અને એકનું મોત થઈ ચૂક્યું છે.

પાકિસ્તાનના ઈતિહાસમાં પહેલી વખત હિન્દુ વ્યક્તિની એરફોર્સમાં પાયલોટ તરીકે પસંદગી

ઈસ્લામાબાદ

પાકિસ્તાનના ઈતિહાસમાં પહેલી વખત એક હિન્દુ વ્યક્તિની પાકિસ્તાન એરફોર્સમાં પાયલોટ તરીકેની પસંદગી કરવામાં આવી છે. આ યુવાનનું નામ રાહુલ દેવ છે અને તેની પાકિસ્તાન એરફોર્સમાં જનરલ ડ્યૂટી પાયલોટ ઓફિસર તરીકેની પસંદગી કરવામાં આવી છે. લઘુમતીઓ સાથેના અત્યાચાર માટે બદનામ પાકિસ્તાન દેશમાં એક હિન્દુ વ્યક્તિની પાયલોટ તરીકેની પસંદગીને સુખદ ઘટના માનવામાં આવી રહી છે.

પાકિસ્તાનના મીડિયા રિપોર્ટ મુજબ રાહુલ દેવ થારપારકરનો રહેવાસી છે. થારપારકર પાકિસ્તાનના સિંધ પ્રાંતનો સૌથી મોટો જિલ્લો છે. થારપારકર જિલ્લામાં મોટી સંખ્યામાં હિન્દુ સમુદાયના લોકો રહે છે. જ્યારે રાહુલ દેવ નામના આ યુવાનની પાકિસ્તાની એરફોર્સમાં પાયલોટ તરીકેની પસંદગી કરવામાં આવી ત્યારે પાકિસ્તાનમાં રહેતા હિન્દુઓએ ખુશી વ્યક્ત કરી છે. ઑલ પાકિસ્તાની હિન્દુ પંચાયત સેક્રેટરી રવિ દવાણીએ પાકિસ્તાની એરફોર્સમાં રાહુલ દેવ નામના આ યુવાનની પસંદગી પર ખુશી વ્યક્ત કરી છે.

કોરોના સંકટઃ ૩૧ મેએ યોજાનારી યૂપીએસસીની પરીક્ષા સ્થગિત

ન્યુ દિલ્હી

સંઘ લોક સેવા આયોગએ આગામી સૂચના સુધી સિવિલ સેવા પ્રારંભિક પરીક્ષાને સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે. મહત્વનું છે કે આ પરીક્ષા ૩૧ મેએ યોજાવાની હતી. યૂપીએસસી અધિકારીઓ અનુસાર હવે ૨૦ માર્ચ સુધી સ્થિતિઓના મૂલ્યાંકન બાદ પરીક્ષાની નવી તારીખ જાહેર કરવામાં આવશે. મહત્વનું છે કે અરવિંદ સેક્સેનાની અધ્યક્ષતામાં આયોગની એક બેઠક સોમવારે યોજાઈ જેમાં યૂપીએસસીના વરિષ્ઠ અધિકારીઓએ પરીક્ષાને સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણય કેન્દ્ર સરકાર દ્વારા ૪ મેથી બે સપ્તાહ માટે શરૂ થનારા લૉકડાઉનના નિર્ણય બાદ લેવામાં આવ્યો છે. યૂપીએસસીનું કહેવું છે કે હજુ કોવિડ-૧૯ના સતત વધતા પ્રભાવને જોતા આયોગે નિર્ણય કર્યો છે. હાલ જે પ્રકારે ત્રીજીવાર લૉકડાઉન વધારવામાં આવ્યું છે, તેને જોતા આટલા મોટા પાયા પર આયોજન કરવું સંભવ નથી. ખાસ કરીને રેડ અને ઓરેન્જ ઝોનમાં વધુ મુશ્કેલી છે.

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા 300/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રે 31st ડિસેમ્બર

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ **MARKET4U (OPC) PVT. LTD.** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U (OPC) PVT. LTD.**ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U (OPC) PVT. LTD.**નું નવું સાહસ **WWW.CONNECTINDIANS.IN**

MARKET4U (OPC) PVT. LTD.ના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૨૦૦/-ભરી જોડાઈ જાવ અને **MARKET4U (OPC) PVT. LTD.** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૩૦૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **MARKET4U (OPC) PVT. LTD.** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૩૦૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 200
INCOME ILLUSTRATION OF 1 X 5 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	5	20	100	5	95
2	25	10	250	13	238
3	125	5	625	31	594
4	625	5	3125	156	2969
5	3125	5	15625	781	14844
6	15625	5	78125	3906	74219
7	78125	5	390625	19531	371094
8	390625	5	1953125	97656	1855469
TOTAL EARNING :					2319520

Note : This illustration is based on assumption that every Member makes 5 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો રૂા. ૧૫૦૦ની MRPનું નેગેટીવ આયર્ન બ્રેસલેટ ફ્રી ગીફ્ટમાં મળશે

★ **સિલ્વર ડાયરેક્ટર:** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૩૦૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી લેખ

સફળતા સુધી સરળતાથી પહોંચી શકાય

આધુનિક સમયમાં સફળ થવા માટે તમામ લોકો ૨૪ કલાક સુધી ભાગતા નજેર પડે છે. ગળા કાપ સ્પર્ધાના સમયમાં સફળતા હાંસલ કરવા માટે વ્યક્તિ તમામ પ્રયાસો કરે છે. જાણકાર નિષ્ણાંતો અને મોટી સફળતા હાંસલ કરી ચુકેલા લોકોનુ કહેવુ છે કે સરળતાથી સફળતા સુધી પહોંચી શકાય છે. પરંતુ આના માટે કેટલાક નક્કર પગલા લેવા પડશે. સાથે સાથે શિસ્તની બાબત પણ સૌથી મહત્વપૂર્ણ છે. જો જીવનમાં સફળતા મેળવવા કોઈ વ્યક્તિ ઈચ્છે છે તો તે વ્યક્તિને જીવનને સરળ બનાવી દેવુ પડશે. સરળતા અને સહેજતાથી જીવનમાં સફળ થઈ શકાય છે. જીવન અમને તમામને આ તક આપે છે કે અમે પોતાને અજમાવીને આગળ વધીએ તથા સફળતા હાંસલ કરીએ. છતાં ખુબ ઓછા એવા લોકો છે જે સફળતા હાંસલ કરી શકે છે. હકીકતમાં જીવનમાં સફળ થવાની બાબત એટલી જ સરળ છે જેટલી કોઈ બાળક માટે કોઈ નવી ચીજ શિખવા માટેની હોય છે. એટલે કે જો અમે કેટલાક જરૂરી અભ્યાસ અને તરીકાને લાઈફમાં સામેલ કરી લઈશુ તો સફળતા ચોક્કસપણે મળી જશે. આના કારણે કોઈ પણ ક્ષેત્રમાં સફળતા હાંસલ કરી શકાય છે. સફળતા અમારી જિન્દગીના મહત્વપૂરણ હિસ્સા તરીકે રહી શકે છે. સરળ રસ્તાથી માત્ર મંજિલ મળી શકે છે પોતાની ઓળખ મળી શકી નથી. જો અમે પોતાને સરળ રસ્તા પર ચાલવાની ટેવ પાડી ચુક્યા છીએ તો આ બાબત તો નક્કી છે કે સફળતા આડે સૌથી મોટી સમસ્યા અમે પોતે છીએ. આના માટે અમને કેટલાક નિયમો તો ચોક્કસપણે બનાવવા જ પડશે. જેમ કે સવારે વહેલી તકે ઉઠી જવાની બાબત ખુબ જ જરૂરી છે. રોજ શારરિક કસરત અને ધ્યાન કરવાની બાબત પણ જરૂરી બની છે. દરરોજ વાંચન, નક્કી કરવામાં આવેલા કામને નક્કી સમયમાં પુર્ણ કરવાની ટેવ વિકસિત કરવાની જરૂર છે. સમય મુજબ તમામ બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે તે જરૂરી છે. આ તમામ નિયમો દેખાવવામાં નાના લાગે છે પરંતુ મોટા ભાગના લોકો તો આ ટેવને પાડવામાં પણ સફળ રહેતા નથી. જો અમે પોતાને જ ઓળખવા માંગીએ છીએ તો પોતાને નવા નવા પડકારો આપવા પડશે. આવી સ્થિતીમાં જરૂરી કસોટી થઈ શકે છે.જાણકાર લોકો કહે છે કે વિચાર મોટા રાખવામાં આવે અને કામ નાના પાયે કરવામાં આવે તે પણ જરૂરી છે. સતત કામ કરતા રહેવાથી સફળતા મળે છે. કોઈ પણ લક્ષ્યને હાંસલ કરવા માટે આ નિયમ અતિ જરૂરી છે. અમે તમામ લોકો પોતાના નવા કામ અથવા તો કેટલાક ખાસ કરવાની વાત કરીએ છીએ. તેના પર કામ કરવાની શરૂઆત પણ કરી દઈએ છીએ. જો કે આ કામમાં આગળ વધ્યા બાદ સતત કામ જારી રાખી શકતા નથી. કારણ એ છે કે કેટલાક સમય બાદ અમારા વિચાર બદલાઈ જાય છે અથવા તો શરૂઆતમાં ઈચ્છિત પરિણામ હાંસલ થતા નથી. યોગ્ય સમય અને વાતાવરણ પણ કેટલાક કેસમાં અનુકુળ નથી. દુનિયામાં પોતાની મોટી વિચારધારાની દિશામાં કામ કરનાર લોકો ખુબ ઓછા રહ્યા છે. આ જ કારણ છે કે શ્રેષ્ઠ અને સફળ લોકોની સંખ્યા પણ ઓછી રહે છે. એક સારી શરૂઆતનો અર્થ એ નથી કે તમે સફળ થઈ ગયા. આવી જ રીતે એક ખરાબ શરૂઆતનો અર્થ પણ એ નથી કે તમે ફ્લોપ અથવા તો નિષ્ફળ થઈ ગયા છો. અમે વારંવાર અને સતત જોતા રહીએ છીએ કે એક માસુમ બાળક કેટલાક નવા કામ કરતી વેળાો સતત પ્રયાસ કરે છે. પરિણામ સારા આવતા નથી અને તે સફળ રહેતો નથી પરંતુ તે સતત પ્રયાસ કરતો રહે છે. તે રોકાઈ જતો નથી. સફળતાની સાથે સાથે ખુશ રહેવા માટે સૌથી જરૂરી છે કે અમે દરેક સ્થિતીમાં સહેજ રહીએ. પરિણામ કેવા પણ મળે છતાં સહેજ રહેવામાં આવે તે જરૂરી છે. જો પરિણામ સારા મળી રહ્યા નથી તો પ્રશ્નો કરીએ. દુનિયામાં ચાર પ્રકારના લોકો હોય છે. પહેલા લોકો એવા છે જે ભુલ કરવાના ડરથી કઈ કરતા જ નથી. બીજા એવા લોકો હોય છે જે ભુલો કરે છે પરંતુ ભુલોથી કોઈ બોધપાઠ લેતા નથી. ત્રીજા લોકો એવા હોય છે ભુલો કરે છે અને તેનાથી શિખીને આગળ વધે છે. પોતાનામાં સુધારો કરે છે. ચોથા લોકો એવા હોય છે જે પોતાની ભુલોથી શિખવાની સાથે સાથે બીજાની ભુલોથી પણ બોધપાઠ લઈને આગળ વધે છે. આજના સમયમાં અમે જો અંતિમ શ્રેણી અથવા તો ચોથી વ્યક્તિની જેમ જ બનીને આગળ વધીશુ તો જ સફળતા સુધી પહોંચી શકાશે. અમને દરકે અનુભવમાંથી શિખીને પોતાને ચકાસીને આગળ વધવાની જરૂર પડશે. જો તમે શિખવા માટે તૈયાર છો તો દરેક અવસર સફળતાની દિશામાં એક પગલુ છે. કેટલાક પ્રશ્નો છે જે હમેંશા પોતાને કરી શકાય છે. આ અવસર અથવા તો વ્યક્તિ પાસેથી શુ શિખી શકાય છે આજે હુ નવુ શુ શિખી રહ્યો છુ આ નવા બોધપાઠને કઈ રીતે અમલી કરવામાં આવે આ તમામ પ્રશ્નો વ્યક્તિને પોતાને કરવા જોઈએ. આગળ વધવા માટે શિખવા માટે પુરતો સમય કાઢવામાં આવે તે જરૂરી છે. ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારના બાળકો પણ ટોપના સ્તર પર પહોંચી રહ્યા છે. જેથી સતત મહેનત, શિસ્ત અને નિયંમો સૌથી ઉપયોગી છે. .

રૂપાણી રાજમાં લોકો અને ડોક્ટરોને બાય બાય ચાયણી ચલાવતું તંત્ર..!

વિશ્વભરમાં કોરોના સામેના વાસ્તવિક યુદ્ધમાં સાચા યુદ્ધાઓ ડૉક્ટરો, નર્સો, મેડિકલ કર્મચારીઓ પોતાના જાનના જોખમે મેદાને જંગ ખેલી રહ્યા છે, તેઓને અંતઃકરણથી લાખ લાખ સલામ... જ્યારે બીજા ક્રમે આવે છે પોલીસ આ યોદ્ધાઓને પણ લાખ્ખો સેલ્યુટ.... અત્યારની કોરોનાની મહામારીના સમયમાં વિજ્ઞાને અત્યારે ભગવાન કે ખુદાના રૂપમાં ડૉક્ટરો,નર્સો અને મેડિકલ કર્મચારીઓને કોરોના સામેનો જંગ જીતવા મેદાનમા ઉતારી દીધા છે...આ બાબત અંધવિશ્વાસુઓ, ધર્મ ભક્તો અને ધર્મ શ્રધ્ધા ધરાવનારાઓએ સમજવાની ખાસ જરૂર છે. હવેના આવનાર સમયમાં આધુનિક હોસ્પિટલો, દવાખાના અને મેડિકલ સંશોધનોમાં દાન આપીને સાચી રીતનુ પુણ્ય કમાવું જરૂરી છે. અત્યારના મહામારીના ખે સમયમાં દર્દીઓને બચાવવા મેદાનમાં કોણ છે....? કોઈપણ ધર્મ કે તેના ધુરંધરો- મોટા મોટા સંતો મહંતો દર્દીઓને બચાવવા સેવા સુશ્રુષા કરતા હોય તો બતાવો....આ બધા પોતાના સ્થાનોમા-મઠોમા કે સલામત સ્થળોમા પુરાઈ ગયા છે....કારણ...કોરોના મોતનો ડર.... જ્યારે બીજા ક્રમે પોલીસ આવે છે. જે કાયદા અને તેના રખેવાળે પોલીસો કે જેઓ કોરોના વધુ લોકોને પોતાની રાક્ષસી ચપેટમાં ન લઈ લે તે માટે લોકડાઉન નિયમો તોડનારાઓ, રખડુ અલડટપ્પુઓ, કે અણ સમજુઓને શિસ્તમા રાખવાની રાત-દિવસ જોયા વગર પરિવારજનોને ભૂલીને સેવા કરે છે... તેમાં પણ સામાજિક સેવા પણ કરી રહ્યા છે... અનેકને જમાડે છે.... ખાવાની અને ભોજનની વ્યવસ્થા કરી આપે છે તથા અનાજ કીટો આપે છે... તેઓને અંતઃકરણથી સલામ.. તો પત્રકાર કે જેને દર્દીઓની માહિતી મેળવવા વિવિધ હોસ્પિટલો- દવાખાના,કોરોના વિસ્તારો, આરોગ્ય તંત્ર, સરકારી તંત્ર, પોલીસ તંત્ર સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે સતત સંપર્ક જાળવવો અને પ્રેસ કોન્ફરન્સમાં દોડતા રહેવું અને સમાચારો એકઠા કરવાના તે પણ પોતાની કે પરિવારજનો માટે કોઈ સરકારી અન્ય સુવિધા વિના... તેઓને પણ હૃદયથી કોટી કોટી ધન્યવાદ....

વર્તમાન વૈશ્વિક મહામારીના સમયમાં જે તે દેશના વડા સમજી-વિચારીને લોકહિતને નજરમાં રાખીને નિર્ણયો કરે તે જ સાચા અર્થમાં સત્તાને લાયક કહેવાય.....!ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાના અર્થતંત્રને મહત્વ આપીને કંઈ પણ વિચાર્યા વગર આડેધડ નિર્ણયો લીધા તેના કારણે સૌથી વધુ કોરોના દર્દીઓ અમેરિકન પ્રજા બની તો સૌથી વધુ મોત પણ ત્યા થયા છે. ભારતમા કોરોનાએ આકરૂ રૂપ ધારણ કર્યું તેના કારણમાં ભારતના અનુભવી અને આર્થિક કટોકટીમાંથી દેશની નૈયા હેમ ખેમ પાર કરાવી દીધી તેમજ વિશ્વમાં કોરોના ફેલાવાની ઝડપથી લઈને સરકારને ચેતવનારા તથા સલાહ આપનારાઓની વાત ન માની અને વિચાર્યા વગર પગલાં લીધા છે.....! તો દેશમાં માસ્ક,પીપીઈ કીટ,રેપીડ કીટ,વેન્ટીલેટર સહિતની કમીને કારણે કોરોના વધુ ફેલાયો.... જોકે તે સાથે ભારતમાં વિદેશથી આવનારાઓ તથા અનેકો નાસમજ અલ્લડ ટપ્પુઓ, વધારે છે તેઓએ સરકારની સલાહ કે ચેતવણીને અવગણી ટોળાઓમાં ભળ્યા, ટહેલવા નીકળી પડ્યા તેઓ પણ કોરોના ફેલાવવાના જવાબદાર છે....! કેન્દ્ર સરકારે ફ્કીષ્ટાર્હુહ જાહેર કર્યા બાદ જે રીતે લંબાવવામાં આવ્યું તેના કારણે કરોડો લોકોની મુશ્કેલીઓ વધી ગઈ છે... જેમાં ગરીબો, મજૂર વર્ગ,લોઅર મધ્યમ વર્ગ અને મધ્યમ વર્ગનો સમાવેશ થાય છે. આમ પ્રજાને જીવનજરૂરી વસ્તુઓનું સરકારે વિતરણ કર્યું પણ તે માટે આયોજન અને સંકલનમાં ખામીને લઈને લાખો લોકો સરકારી અનાજથી વંચિત રહ્યા....! પરિણામ સ્વરૂપ જે તે રાજ્યોમાં પરપ્રાંતીઓને અનાજના ફાફા પડવા સાથે કોરોના મોતનો ડર હતો.... તેઓ વતન જવા ટોળા બધ્ધ બહાર આવી ગયા. જેના કારણે વિવિધ શહેરોમા અનેક સ્થળે ટોળાઓ એકઠા થયા પરિણામે ફ્કીષ્ટાર્હુહ ના નિયમોના ધજીયા ઉડ્યા....! સરકારે સમય પારખીને વતન જનારાઓ માટે જે તે રાજ્યો ઉપર જવાબદારી નાખી પછીથી જરૂરી ટ્રેનો મૂકવા નિર્ણય લીધો. બસોમાં જનારાઓને ખાનગી બસો ભાડાના નામે લુટવામાં આવી રહ્યા હતા. પરિણામે અનેક શ્રમિકો મુશ્કેલીમાં મુકાઈ ગયા.... ઉપરાંત તેમની પાસે ખાવા પીવાની વ્યવસ્થા ન હતી... રાજ્ય સરકારોએ કે તેમના તંત્રએ આ માટે કોઈ વ્યવસ્થા કરી ન હતી....! તો વતન જવા મુકાયેલી ટ્રેનને ભાજપા પક્ષના નેતા પક્ષના ઝંડા સાથે આવીને ઝંડી આપે છે અને ટ્રેન ઉપડે છે. તો ક્યાંક તો રેલવે સ્ટેશને વતન જનારા શ્રમિકોના ટોળા વચ્ચે પહોંચી ગયા....જેની ભારે ટીકા આમ પ્રજામા થઈ રહી છે... કારણ કે આ કોઈ નવી ટ્રેન શરૂ થવાની ન હતી. કોરોના જેવી મહામારીમાં ફસાયેલાઓને વતન જવા કેન્દ્ર સરકારે ટ્રેનની વ્યવસ્થા કરી હતી. જ્યારે બીજી તરફ જે તે રાજ્ય પાસે પોતાની માલિકીની એસ.ટી.બસો હતી છતા તેઓએ ખાનગી બસો મુકીને બહુ મોટી ભૂલ કરી છે.....! જેથી આમ પ્રજામાં આક્રોશ ફરી વળ્યો છે.....!

ગુજરાતમાં જે રીતે કોરોના સંક્રમિત કેસોની સંખ્યા અને મૃત્યુઆંક વધી રહ્યા છે તેને કારણે આમ પ્રજામાં ભારે ફફડાટ પ્રસરી ગયો છે... તો પરપ્રાતિઓ માટે વતન જવા ખાનગી બસોની વ્યવસ્થા કરવામાં આવી પરંતુ તેઓ ભાડામા ઉઘાડી લુટ કરે છે....! તો ટ્રેન ભાડું પણ વતન જનારા એ જ આપવાનું.... આવા શ્રમિકોની પાસે ખાવાનું નથી- પૈસા નથી. તો સરકારીતંત્ર દૂર વતન જનારાઓને ખાવાનું,પીવા માટે પાણી આપવાની તસ્દી પણ લીધી નથી. જ્યારે બીજી તરફ વિદેશથી આવનારાઓને મફતમાં લાવવામાં આવે છે..... ત્યારે સવાલ ઊઠે છે કે સરકારની આ તે કેવી નીતિ છે.....? જેની પાસે કશું નથી તેને કશું જ આપવાનું નહીં..... અને વિદેશની આવનારાને બધી જ મફત સુવિધા.....!? રૂપાણી સરકાર સહિત આમ પ્રજા જેની ઉપર ઓળઘોળ છે તવા ડોક્ટરો- નર્સો,મેડિકલ કર્મીઓનું અંતઃકરણથી સ્વાગત કરે છે.... પરંતુ કોરોના ટેસ્ટ કીટ મામલે હવે સામાન્ય પ્રજા... તંત્રની ખોટી નીતિ રીતી જાહેર કરી રહી છે તેનો વીડિયો પણ વાયરલ થયો છે જેમાં એક વ્યક્તિ પોતાની પત્નીને કોરોના પોઝિટીવ આવતા તંત્રના અધિકારીઓ પાસે મદદ માગે છે... પરંતુ તેઓ તેને ટેસ્ટ કરાવવા "ના' કહુ રહ્યા છે. ત્યારે આપણે શું સમજવાનુ....? શું આ રીતે કોરોના સંક્રમિતોનો આક ઓછો બતાવવાનું આયોજન તો નથી ને....? તેવો સવાલ લોકોમા ઉઠ્યો છે... તો ગુજરાત કેન્સર ઈન્સ્ટિટ્યૂટના ૧૭ જેટલા ડોક્ટરો કોરોનાનો ભોગ બન્યા.... ટેસ્ટ કરાવવા ગયા તો બહાર ઊભા રાખ્યા... પરંતુ તત્કાલ સારવાર પણ શરૂ ન કરી... તો બેડ પણ ફાળવી નહીં. પરંતુ આ ડોક્ટરોને કહેવું પડ્યું કે અમને જાનવર સમજો પરંતુ ધ્યાનમાં લો....જ્યારે રાજ્યની અગત્યની સેવા ૧૦૮ પણ કોરોના દર્દી બાબતે બાય બાય ચાયણી જેવા જવાબો આપી રહ્યું છે ત્યારે રૂપાણીજી આ બાબતે તપાસ કરાવી આકરા પગલા ભરશે કે કેમ....?વડોદરાની એક મહિલા પોતાના પતિને નોકરી ન હોય બે સંતાનોનો પેટનો ખાડો પુરવા મજૂરી કરે છે રેશન દુકાને જાય છે પણ અનાજ મળતું નથી. પછી મજબૂરીથી મહિલા પ્રજા સમક્ષ વીડિયો વાયરલ કરે છે અને મદદ માગે છે.....ખેર ! રૂપાણીજીની સંવેદન સરકાર છે... તંત્રમાં બધું લોલં લોલ તો નથીને....? છેલ્લે સરકારી કાર્યક્રમોમાં એસ.ટી.બસો દોડાવો છો ત્યારે પરપ્રાતિઓને મોકલવા એસ ટી બસો કેમ નથી મોકલતા.....? અને હવે અમદાવાદ મ્યુનિસિપલ કમિશનરશ્રી, આરોગ્ય સચિવશ્રી અને ખુદ રૂપાણીજી જમીની સ્થિતિ જાણ્યા પછી જ પોતાની સરકારને સંવેદનશીલ સરકાર કહે તો વધુ સારું કહેવાશે.....! વંદે માતરમ્

તાપી જિલ્લામાં ફરજિયાત આશ્રય લેવો પડ્યો હોય તેવા

જિલ્લા કે રાજ્ય બહારના વ્યક્તિઓ પરવાનગી મેળવી તેમના વતન જઈ શકશે

www.digitalgujarat.gov.in ઉપર ઓનલાઈન અરજી કરવાની તકલીફ હોય તો તાલુકા કક્ષાના જનસેવા કેન્દ્રો ખાતે ઓફલાઈન અરજી કરીને પણ પરવાનગી મેળવી શકશે ;

વ્યારા

'લોકડાઉન' દરમિયાન ફરજિયાત પણે તાપી જિલ્લામાં આશ્રય લેવો પડ્યો હોય તેવા જિલ્લા કે રાજ્ય બહારના વ્યક્તિઓ/પરપ્રાંતિયો www. digitalgujarat. gov.in ઉપર ઓનલાઈન અરજી કરીને પરવાનગી મેળવી તેમના ઘરેકેવતનમાં જઈ શકશે.

જિલ્લા કે રાજ્ય બહાર પોતાના વતનમાં જવા ઈચ્છતા વ્યક્તિઓએ www. digitalgujarat. gov. inઉપર ઓનલાઈન વિગતો રજૂ કરીને પરવાનગી મેળવી શકે છે. જો કોઈ વ્યક્તિને ઓનલાઈન પરવાનગી મેળવવામાં તકલીફ કે મુશ્કેલી હોય તો તેઓ, તાપી જિલ્લાના તમામે તમામ સાતેય તાલુકાઓમાં મામલતદાર ઓફિસે કાર્યરત જનસેવા કેન્દ્રોમાં જઈને, ઓફલાઈન પરવાનગી મેળવી શકે છે તેમ કલેક્ટર શ્રી આર.જે.હાલાણીએ જણાવ્યુ છે.

આવી પરવાનગી મેળવનાર વ્યક્તિઓએ તેમના પોતાના વાહનની વ્યવસ્થા સાથે, તેની વિગતો આપવાની રહેશે.તથા ઉપયોગમાં લેવાનારા વાહનોમાં સોશિયલ ડિસ્ટનસિંગના સંપૂર્ણ પાલન સાથે, આવી વ્યક્તિઓએ નિયત આરોગ્ય ચકાસણી પણ કરાવવાની રહેશે, તેમ પણ કલેક્ટરશ્રીએ વધુમાં જણાવ્યું છે. તાલુકા કક્ષાએ કાર્યરત જનસેવા કેન્દ્રો ખાતેથી કોઈ અશુભ પ્રસંગ કે માંદગીના કારણોસરની ઓફલાઈન પરવાંનગીઓ તત્કાલીક આપવામાં આવશે, તેમ જણાવી કલેક્ટર શ્રી હાલાણીએ અત્યાર સુધી તાપી જિલ્લામાથી અન્ય રાજ્યો માટે ૧૭૯ વ્યક્તિઓને આવી પરવાનગી આપવામાં આવી છે. તેમ પણ જણાવ્યુ હતું.

તાપી જિલ્લામા ચાલતા સુજલામ સુફલામ જળસંચય અભિયાનના

કામોની જાતમુલાકાત લેતા કલેક્ટરશ્રી તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રી સહિતના ઉચ્ચાધિકારીઓ



વ્યારા

રાજ્ય સમસ્તની જેમ તાપી જિલ્લામા પણ શરૂ કરાયેલા સુજલામ સુફલામ જળસંચય અભિયાનના કામોની તાજેતરમાં કલેકટર શ્રી આર.જે.હાલાણી,જિલ્લા વિકાસ અધિકારી કુ.નેહા સિંહ, સહિત જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી એન. એન. ચૌધરીએ જાતમુલાકાત લીધી હતી.

તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકાનાં ભીંતખુર્દ ગામે ચાલી રહેલા માનરેગાના કામ અંતર્ગત ખેત તલાવડીના કામનું જાત નિરીક્ષણ કરતાં તાપી કલેક્ટર શ્રી આર.જે.હાલાનીએ શ્રમિકોને ફેસ માસ્કના ઉપયોગ સાથે, સોશિયલ ડિસ્ટન્સિંગ બાબતે સમજ આપી હતી. "કોરોના" ના સંક્રમણને અટકાવવા સાથે સ્થાનિક રોજગારી ઉપાર્જનના હેતુ માટે કામ કરતાં શ્રમિકોને ઘર આંગણે રોજગારી ઉપલબ્ધ થઈ શકે તે માટે પણ સરકાર અને જિલ્લા પ્રશાસન ચિંતિત છે તેમ શ્રી હાલાણીએ આ વેળા સૌને જણાવ્યુ હતું.

સ્થાનિક શ્રમિકો તકેદારી અને સાવધાની સાથે પોતાના પરિવાર માટે રોજગારી મેળવી શકે તે માટે શરૂ કરાયેલા આ કાર્યોમાં સૌને "કોરોના" ના સંક્રમણ સામે રક્ષણ માટેના નિયત ધારાધોરણો જાળવવા આવશ્યક છે, તેમ જિલ્લા વિકાસ અધિકારી કુ. નેહા સિંહે જણાવ્યુ હતું.

"લોડ્ડાઉન" સહિતના નિયત પ્રતિબંધોના સુપેરે અમલ સાથે રોજગારીના આ કાર્યક્રમમાં જોડાઈ, સૌને પોતાનું અને અન્યોનું સ્વાસ્થ્ય જાળવવાની ચોકસાઈ રાખવાની જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી એન. એન. ચૌધરીએ આ વેળા અપીલ કરી હતી. સુજલામ સુફલામ જળસંચય અભિયાન-૩ના તાપી જિલ્લાના નોડલ ઓફિસર-વ-વેર ૨ના કાર્યપાલક ઈજનેર શ્રી પી.જી.વસાવા અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી નિનામાએ ભીંતખુર્દ સહિત જિલ્લામાં ચાલી રહેલી કામગીરીથી અધિકારીઓને વાકેફ કરાવ્યા હતા. તા.૧ લી મે ૨૦૨૦ સુધી તાપી જિલ્લામાં વન વિભાગના ૨૨, જિલ્લા ગ્રામ વિકાસ વિભાગના ૨૩, સિંચાઈના ૧૮, અને પાણી પુરવઠા બોર્ડના ૧૪ મળી કુલ ૭૭ કામો શરૂ કરવામાં આવ્યા છે, તેમ નોડલ ઓફિસર શ્રી પી.જી.વસાવાએ પૂરક વિગતો આપતા જણાવ્યુ હતું.

સુરતમાં લોકડાઉનના ભંગ બદલ વધુ ૯૫૪ વાહનો જપ્ત

પોલીસે ૨૩૩ આરોપીઓની અટક કરી

સુરત

કોરોના વાયરસની મહામારી વચ્ચે સુરત શહેરમાં વધી રહેલા કોરોના વાયરસના કેસોને ધ્યાને લઈ શહેર પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

આજ રોજ જાહેરનામા ભંગના બદલ વિવિધ કલમો હેઠળ ૨૩૩ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાબાજી કરીને બહાર ફરતા ૯૫૪ લોકોના વાહનો જપ્ત કરવામાં આવ્યા છે. ડ્રોન કેમેરાની મદદથી ૧૪ ગુનાઓ અને સી.સી.ટીવી કેમેરા દ્વારા ૦૧ ગુના નોંધવામાં આવ્યા છે.

નોંધનીય છે કે, લોકડાઉન દરમિયાન સુરત શહેર પોલીસ દ્વારા કુલ ૧૧,૫૪૧ આરોપીઓની જુદા જુદા ગુનાઓમાં ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાઓ બનાવીને ફરતા ૨૩,૮૬૬ જેટલા લોકોના વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે.સુરત શહેરમાં લોકડાઉનના નિયમોનું કડકપણે પાલન કરાવવામાં આવી રહ્યું છે. કોરોના સામેની લડાઈમાં આવતીકાલથી શરૂ થતા ત્રીજા તબક્કાના લોકડાઉનમાં જેથી શહેરીજનો સંપૂર્ણ સહયોગ આપે અને ઘરથી બહાર ન નીકળવા અને સોશ્યલ ડિસ્ટન્સ તેમજ લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરવા અનુરોધ કરાયો છે. કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે શહેરીજનોને સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ સૂરત શહેર પોલિસ દ્વારા કરવામાં આવી રહી છે.

આજથી ૬ દેશો વચ્ચે ઓનલાઈન નેશન્સ કપ, ૧૦ મેના રોજ ફાઈનલ રમાશે

નવી દિલ્હી

ઈન્ટરનેશનલ ચેસ ફેડરેશન અને ચેસ.કોમ કોરોનાવાયરસ વચ્ચે ઓનલાઈન નેશન્સ કપનું આયોજન કરી રહ્યું છે. આ ટૂર્નામેન્ટ મંગળવારથી શરૂ થશે અને ફાઈનલ ૧૦ મેના રોજ રમાશે. તેમાં ૬ દેશો ભારત, રશિયા, અમેરિકા, ચીન, યુરોપ અને રેસ્ટ ઓફ ધ વર્લ્ડની ટીમો સામેલ થશે. તેઓ ૯ મે સુધી રાઉન્ડ રોબિન ફોર્મેટમાં રમશે. તેના પછી ટોપ -૨ ટીમો વચ્ચે ૧૦ મેના રોજ ફાઈનલ થશે. ૫ વખતના વર્લ્ડ ચેઝ ચેમ્પિયન વિશ્વનાથન આનંદ પણ આ ટૂર્નામેન્ટમાં ભારત તરફથી રમશે. કોરોનાના કારણે જૂન-જુલાઈ સુધીની લગભગ તમામ સ્પોર્ટ્સ ટૂર્નામેન્ટ્સ સ્થગિત અથવા રદ્દ કરવામાં આવી છે. ટોક્યો ઓલિમ્પિક્સ, રમતની સૌથી મોટી ઈવેન્ટ, પણ એક વર્ષ માટે મોકૂફ રાખવામાં આવી છે. તે જ સમયે, ક્રિકેટ ટુર્નામેન્ટ ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ને પણ અનિશ્ચિત સમય માટે મુલતવી રાખવામાં આવી છે. તેથી આ ઓનલાઈન ટૂર્નામેન્ટ રમતના ચાહકો માટે એક સારા સમાચાર છે.

આ ટૂર્નામેન્ટની ઈનામ રકમ ૧ લાખ ૮૦ હજાર ડોલર (આશરે ૧.૩૮ કરોડ રૂપિયા) છે. નિવૃત્ત દિગ્ગજ ખેલાડીઓ ગેરી કાસ્પારોવ અને વ્લાદિમીર ક્રેમનિક પણ ટૂર્નામેન્ટમાં જોડાશે. જે અનુક્રમે યુરોપ અને ભારતીય ટીમના કેપ્ટન રહેશે. આ તમામ ટીમોમાં વિશ્વભરના દિગ્ગજ ખેલાડીઓનો સમાવેશ કરવામાં આવશે, જ્યારે વર્તમાન વર્લ્ડ ચેમ્પિયન મેગ્નસ કાર્લસન આ ટૂર્નામેન્ટમાં રમી શકશે નહીં. તમામ ૬ ટીમોમાં કપ્તાન સહિત ૭-૭ ખેલાડીઓ હશે, જેમાં એક મહિલા હોવી જરૂરી છે. ભારતીય ટીમ તરફથી સુકાની વ્લાદિમીર ઉપરાંત વિશ્વનાથન આનંદ, વિદિત ગુજરાતી, પંતલા હરિકૃષ્ણ, કોનેરુ હમ્પી, આધિબન ભાસ્કરન અને હરિકા દ્રોણાવલ્લી ટીમમાં છે. મેચમાં દરેક ટીમમાં ફક્ત ચાર ખેલાડીઓ (ત્રણ પુરુષ અને એક મહિલા) રમશે. કેપ્ટન આ ખેલાડીઓની પસંદગી કરશે. બાકીના રિઝર્વમાં રહેશે.

રમતમાં દરેક ચાલ પછી ખેલાડીને ૨૫ મિનિટ અને ૧૦ સેકન્ડનો વધારાનો સમય આપવામાં આવશે. રાઉન્ડ રોબિન પછી ટોપ -૨ ટીમો વચ્ચે ફાઈનલ થશે. તે ૧૦ રાઉન્ડ સુધી ચાલશે. ફાઈનલમાં ટાઈ થાય તો રાઉન્ડ રોબિનમાં પ્રથમ ક્વોલિફાય કરનાર ટીમને વિજેતા જાહેર કરવામાં આવશે. તમામ મેચ ૪ બોર્ડ પર રમવામાં આવશે અને દરરોજ બે રાઉન્ડમાં લડવામાં આવશે. મેચ દરમિયાન અયોગ્ય પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવતો નથી તે જોવા માટે, ખેલાડી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કનેક્ટ જશે. તેમજ સીસીટીવી, ૩૬૦ સ્કેન, રૂમ સ્કેન, સ્ક્રીન શેર, મોનિટર ચેક સહિતના અન્ય પ્રકારનાં સર્વેલન્સથી ચેસ.કોમ અને એફઆઈડીઈ દ્વારા મોનિટર કરવામાં આવશે.

પાક. મોહમ્મદ યુસુફે સચિન અને લારાને ગણાવ્યા પોતાના ફેવરીટ ક્રિકેટર



લાહોર

કોરોના વાયરસના કારણે સ્પોર્ટ્સ ગતિવિધિ બંધ છે. આ સ્થિતિમાં ક્રિકેટરો તેમના ફેન્સ સાથે જોડાયેલા રહેવા સોશિયલ મીડિયાનો સહારો લઈ રહ્યા છે. આ કડીમાં પાકિસ્તાનના પૂર્વ બેટ્સમેન મોહમ્મદ યુસુફે પણ ટ્વિટર પર સવાલ-જવાબ સેશન રાખ્યું હતું. જેમાં તેણે આપેલા જવાબથી ભારતના ક્રિકેટ પ્રેમીએ ખુશ થઈ ગયા હતા.

ફેન્સે પાંચ અલગ-અલગ ખેલાડીઓના નામ આપીને તેમાંથી નંબર એક પસંદ કરવા કહ્યું હતું. ફેન્સે પૂછ્યું કે, રિકી પોન્ટિંગ, કુમાર સંગાકારા, બ્રાયન લારા, જૈક કાલિસ અને સચિન તેંડુલકરમાંથી નંબર વન કોણ છે. જેનો જવાબ આપતાં મોહમ્મદ યુસુફે સચિન તેંડુલકરને નંબર ૧, બ્રાયન લારાને નંબર ૨, રિકી પોન્ટિંગને નંબર ૩ પર રાખ્યા હતા.

આ દરમિયાન એક ફેને તેમને વર્તમાન સમયના 'ફેબ ફોર' અંગે પૂછ્યું હતું. જેનો જવાબ આપતાં પાકિસ્તાની દિગ્ગજ મોહમ્મદ યુસુફે વિરાટ કોહલી, બાબર આઝમ, સ્ટીવ સ્મિથ અને કેન વિલિયમસનના નામ લીધા હતા. અન્ય એક ફેન્સે પૂછ્યું કે, વિરાટ કોહલી અંગે એક શબ્દમાં કંઈક કહો. આ સવાલનો જવાબ આપતાં કહ્યું- હાલનો નંબર ૧.... મહાન ખેલાડી. થોડા સમય પહેલા પાકિસ્તાનના પૂર્વ બેટ્સમેન ઝહીર અબ્બાસે પણ વિરાટ કોહલીને હાલના સમયનો સૌથી શાનદાર ખેલાડી ગણાવ્યો હતો. તેમણે કહ્યુ હતું કે, ટીમ ઈન્ડિયા હાલ વધારે ક્રિકેટ રમે છે. ટોપ ખેલાડી કોહલી લગભગ દરેક મેચનો હિસ્સો હોય છે.

કુમ્બલેની કેપ્ટન્સીમાં મને ક્યારે મારા સ્થાનની ચિંતા થઈ નહતી: ગૌતમ ગંભીર

નવી દિલ્હી



ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન ગૌતમ ગંભીરે તેની ઓલટાઈમ ઈન્ડિયન ઈલેવનની કેપ્ટન્સી ભૂતપૂર્વ સ્પિનર અનિલ કુમ્બલેને સોંપી છે. જ્યારે ગંભીરની ટેસ્ટ ઈલેવનમાં ભૂતપૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની અને વર્તમાન કેપ્ટન વિરાટ કોહલીને સ્થાન આપવામાં આવ્યું હતુ. ગંભીર અગાઉ પણ કુમ્બલેના ભારોભાર વખાણ કરી ચૂક્યો છે. તેણે કહ્યું હતુ કે, હું મારી કારકિર્દીમાં જે કેપ્ટનોના માર્ગદર્શનમાં રમ્યો હતો, તેમાંથી મારી પસંદગીનો કેપ્ટન તો અનિલ કુમ્બલે જ છે.

ગંભીરે ઊમેર્યું હતુ કે, કુમ્બલેની કેપ્ટન્સીમાં મને ક્યારે મારા સ્થાનની ચિંતા થઈ નહતી. તેણે મને મુક્તમને રમવાની છૂટ આપી હતી. ગંભીરે તેની ઓલ ટાઈમ ટેસ્ટ ઈલેવનમાં મોટાભાગે તેની સાથે રમેલા ખેલાડીઓને પસંદ કર્યા હતા. ભારતીય ક્રિકેટનાં લેજન્ડરી સુપરસ્ટાર્સ સુનિલ ગાવસ્કર અને કપિલ દેવને પણ ગંભીરની ટેસ્ટ ઈલેવનમાં સ્થાન મળ્યું છે. જ્યારે ફાસ્ટર તરીકે ઝહીર ખાન અને જવાગલ શ્રીનાથ પર તેણે પસંદગીનો કળશ ઢોળ્યો હતો.

રાહુલ દ્રવિડને ત્રીજા અને સચિન તેંડુલકરને ચોથા ક્રમના બેટ્સમેન તરીકે તેણે પસંદ કર્યા હતા. વિકેટકિપર તરીકેની જવાબદારી માટે ધોનીની પસંદગી કરવામાં આવી હતી. જ્યારે વર્તમાન કેપ્ટન અને ધુરંધર બેટ્સમેન કોહલીને પાંચમા ક્રમે બેટીંગમાં ઉતારવા માટે પસંદ કર્યો હતો. કેપ્ટન કુમ્બલેના સ્પિન જોડીદાર તરીકે હરભજન સિંઘને ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો.

ગંભીરની ઓલટાઈમ ટેસ્ટ ઈલેવન : ગાવસ્કર, સેહવાગ, દ્રવિડ, તેંડુલકર, કોહલી, કપિલ દેવ, ધોની (વિ.કી.), હરભજન, અનિલ કુમ્બલે (કેપ્ટન) , ઝહીર ખાન અને જવાગલ શ્રીનાથ.

ભારતીય સેનાની હોસ્પિટલો પર ફૂલોની વર્ષા મુદ્દે

સંગીતકાર વિશાલ દદલાનીએ કહ્યું- સેના સરકારની PR બની ગઈ છે



મુંબઈ

મુંબઈ. કોરોનાવાઈરસને કાબૂમાં લેવા માટે સરકાર સતત પગલાંઓ લઈ રહી છે પરંતુ કેસોની સંખ્યામાં સતત વધારો થયો છે. કોરોનાને લઈને લૉકડાઉન ૧૭ મે સુધી વધારવામાં આવ્યું છે. હાલમાં જ સ્વાસ્થ્યકર્મીઓને પ્રોત્સાહન આપવા માટે ભારતીય સેનાએ હોસ્પિટલો પર ફૂલોની વર્ષા કરી હતી. રવિવારે દેશની તમામ હોસ્પિટલ પર વાયુસેનાએ પુષ્પવર્ષા કરી હતી. આના પર બોલિવૂડ સિંગર વિશાલ દદલાનીએ તીખી પ્રતિક્રિયા આપી હતી.

વિશાલે ટ્વીટ કરીને કહ્યું હતું, ડોક્ટર્સની હિંમતને સલામ કરવા માટે ફાઈટર જેટ ટ્વીટને રીટ્વીટ કરીને બોલિવૂડ એક્ટ્રેસ અમાયરા દસ્તૂરે કહ્યું હતું કે હોસ્પિટલો પર પુષ્પવર્ષા કરનાર હેલિકોપ્ટરના ઈંધણ ખરીદવા માટે આ ફંડનો ઉપયોગ થાય છે. કેન્દ્ર સરકારના સેન્ટ્રલ વિસ્ટા રીડેવલપ્મેન્ટ પ્રોજેક્ટને ના ભૂલશો. આ પ્રોજેક્ટ ૧૨૮૭૯ કરોડ રૂપિયાનો છે. તમને નથી લાગતું કે ટેક્સ તથા રાહત ફંડના વિતરણને બારીકાઈથી જોવાનો આ સમય છે.

ઉલ્લેખનીય છે કે ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ) જનરલ બિપિન રાવતે શુક્રવાર (પહેલી મે)ના રોજ જાહેરાત કરી હતી કે સેનાની ત્રણેય પાંખ કોવિડ હોસ્પિટલ પર પુષ્પવર્ષા કરશે, માઉન્ટેન બેન્ડ પર્ફોર્મન્સ કરીને કોરોનાના કર્મવીરો પ્રત્યે આભાર પ્રગટ કરશે. આ પહેલાં પોલીસ દળોના સન્માનમાં સશસ્ત્ર દળ પોલીસ મેમોરિયલ પર માલ્યાર્પણ કરવામાં આવ્યું હતું.

પૂર્વ ફાસ્ટ બોલર હોલિંગે ICC ટેસ્ટ ચેમ્પિયનશિપની પોઈન્ટ સિસ્ટમને ગણાવી બકવાસ



નવી દિલ્હી

વેસ્ટ ઈન્ડિઝના પૂર્વ ફાસ્ટ બોલર માઈકલ હોલિંગે વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશિપની પોઈન્ટ સિસ્ટમની ટીકા કરી છે. તેમણે કહ્યું કે, તે કેમ સંભવ છે કે તમે ૫ ટેસ્ટની સિરીઝ રમીને પણ એટલા પોઈન્ટ મેળવી શકો, જેટલા ૨ મેચની સિરીઝથી સંભવ છે. માઈકલ હોલિંગે કહ્યું કે, આ ફોર્મેટ પોતાની પૂર્ણ ક્ષમતા પર પહોંચે, તેની પહેલાં તેના વિશે વિચારવાની જરૂર છે. આઈસીસી ટેસ્ટ ચેમ્પિયનશિપની શરૂઆત ઓગસ્ટ-૨૦૧૯થી થઈ હતી, જેમાં ટેસ્ટ રેંકિંગની ટોપ-૯ ટીમ ભાગ લઈ રહી છે. તેની ફાઈનલ જૂન ૨૦૨૧માં લોર્ડ્સમાં રમાશે.

ફાઈનલમાં તે ટીમ પહોંચશે જે અંતમાં ટોપ-૨માં રહેશે. ચેમ્પિયનશિપ પ્રમાણે દરેક સિરીઝના ૧૨૦ પોઈન્ટ હોય છે અને સિરીઝમાં રમાનારી મેચના હિસાબે તેની ગણતરી કરવામાં આવે છે. જેમ કે સિરીઝમાં પાંચ મેચ હોય તો દરેક મેચના ૨૪ પોઈન્ટ. બે મેચની સિરીઝમાં એક મેચના ૬૦ પોઈન્ટ.

વિઝનડને હોલિંગના હવાલાથી લખ્યું, 'આ કામ કરશે નહીં. પ્રથમ વાત તો પોઈન્ટ સિસ્ટમ બકવાસ છે. તમે પાંચ મેચોની ટેસ્ટ સિરીઝ રમીને પણ એટલા પોઈન્ટ મેળવી શકો છો, જેટલા ૨ મેચ રમીને.

તૈયારી માટે સમય ન હોવા પર સ્થગિત કરી દેવો જોઈએ ટી૨૦ વિશ્વકપ: જેસન રોય



લંડન

ફરીથી બાળકોની જેમ અનુભવી રહ્યો છે ઈંગ્લેન્ડનો બેટ્સમેન જેસન રોય (તસ્વીર ઈંઅ) ક્રિકેટના મેદાન પર પરત ફરવા આતુર છે પરંતુ તેણે કહ્યું કે, તૈયારીનો સમય ન હોવા પર ઓક્ટોબર-નવેમ્બરમાં યોજાનાર ટી૨૦ વિશ્વકપ સ્થગિત કરી દેવો જોઈએ. કોરોના વાયરસ મહામારી ને કારણે વિશ્વભરમાં ક્રિકેટ સહિત તમામ રમત ઠપ્પ છે અને ઓસ્ટ્રેલિયામાં યોજાનાર ટી-૨૦ વિશ્વકપ ને લઈને પણ અટકળો લગાવવામાં આવી રહી છે.

રોયે ઈએસપીએન ક્રિકઈન્ફોને કહ્યું, 'જો ખેલાડી તૈયારી કરી શકે નહીં અને અમે ઓસ્ટ્રેલિયા ન જઈ શકીએ તો તેને સ્થગિત કરવી યોગ્ય રહેશે. તેણે કહ્યું, 'પરંતુ જો વિશ્વ કપ યોજાય તો અમારૂ કામ ક્રિકેટ રમવાનું છે. જો કહેવામાં આવે છે કે તૈયારી માટે ત્રણ સપ્તાહ છે તો ઘર પર તૈયારી કરીને પણ રમીશું.

ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડે પણ એક જુલાઈ સુધી ક્રિકેટ પર પ્રતિબંધ લગાવી દીધો છે. રોય રમવા માટે આતુર છે પરંતુ કહ્યું કે, સુરક્ષા સર્વોપરિ છે. રયે કહ્યું, મને ઈસીબી પર સંપૂર્ણ વિશ્વાસ છે. તે તમામ પાસા પર વિચાર કરશે અને અમારે તેની વાત પર વિશ્વાસ કરવો જોઈએ. હું ઈયોન મોર્ગન સાથે વાત કરીશ અને જોઈશ કે તે શું વિચારે છે. તેણે કહ્યું કે, દર્શકો વિના રમવામાં પણ વાંધો નથી. તેણે કહ્યું, 'હું માત્ર ક્રિકેટ રમવા ઈચ્છુ છું. બીજીવાર મેદાનમાં પરત ફરવાનો અનુભવ અદ્ભુત હશે. હું ફરી એકવાર બાળકની જેમ અનુભવ કરી રહ્યો છું.'

અરવિંદ ત્રિવેદીના સ્વાસ્થ્યને લઈ ફેલાઈ રહેલી અફવા પર લક્કેશે કરી સ્પષ્ટતા

મુંબઈ

ટીવી સિરિયલ 'રામાયણ'માં રાવણનું પાત્ર ભજવનાર અરવિંદ ત્રિવેદીના નિધનના સમાચાર તદ્દન ખોટા છે. રવિવાર (૩ મે)ના રોજ તેમના નિધનના સમાચાર સોશિયલ મીડિયામાં વાયરલ થયા હતાં. જોકે, પછી તેમના ભત્રીજા કૌસ્તુભ ત્રિવેદીએ સોશિયલ મીડિયામાં તેમણે સ્પષ્ટતા કરી હતી. આટલું જ નહીં અરવિંદ ત્રિવેદીએ જાતે પણ પોતે સહી સલામત હોવાની વાત કહી હતી. અરવિંદ ત્રિવેદીએ કહ્યું કે, હું મર્યો નથી, ઠીક છું,

બધાને આવું કહી કહીને હેરાન થઈ ગયો છું. ખબર નહીં આ ન્યૂઝ ક્યાંથી આવ્યાં. રામ ભગવાનની દુઆથી મારી તબિયત બિલકુલ સારી છે અને બધાની જેમ જ હું લૉકડાઉનનું પાલન કરી રહ્યો છું. ટીવી પર 'રામાયણ' જોઈને મારો દિવસ પસાર કરું છું. વિચાર્યું નહોતું કે આજની જનરેશનને પણ 'રામાયણ' આટલું પસંદ આવશે અને મને લઈને પણ આ રીતની અફવાઓ ફેલાશે. હું પૂરી રીતે સહી સલામત છું. કૌસ્તુભ ત્રિવેદીએ કહ્યું હતું, તમામ વ્હાલા લોકો, મારા કાકા અરવિંદ ત્રિવેદી લંકેશ પૂરી રીતે સારા અને સલામત છે. તમને વિનંતી છે કે તેમના નિધનના ખોટા સમાચાર ના ફેલાવો. મહેરબાની કરીને તેમના સકુશળ હોવાની વાત ફેલાવો. આભાર.

ઈરફાન ખાનને યાદ કરીને ભાવુક થયો WWE સ્ટાર જૉન સીના, શેર કર્યો ફોટો



નવી દિલ્હી

દિવંગત દિગ્ગજ અભિનેતા ઋષિ કપૂરના નિધન પર શોક વ્યક્ત કર્યા બાદ હવે ઉઓઈ સુપરસ્ટાર જૉન સીનાએ ઈરફાન ખાનના નિધન પર પણ દુ:ખ વ્યક્ત કર્યુ છે. જૉન સીનાએ સોશ્યલ મીડિયામાં એક તસવીર શેર કરીને એક્ટરને શ્રદ્ધાંજલિ અર્પિત કરી છે.

ઈરફાન ખાનને યાદ કરતાં ઉઓઈ ચેમ્પિયન અને હૉલીવુડ એક્ટર જૉન સીનાએ હીટ ફિલ્મ 'લાઈફ ઓફ પાઈ' ની એક તસવીર પૉસ્ટ કરી છે. પૉસ્ટ પર પ્રતિક્રિયા આપતા, કેટલાય યૂઝર્સે ઈરફાનને શ્રદ્ધાંજલિ આપવા માટે જૉન સીનાને ધન્યવાદ કર્યા છે, એક સોશ્યલ મીડિયા ફોલૉઅરે કૉમેન્ટ કરી - તમે ભારતીય લોકોની ચિંતા કરો છો, લવ યુ સીના. નોંધનીય છે કે, દિગ્ગજ એક્ટર ઈરફાન ખાને ૨૯ એપ્રિલે ૫૪ વર્ષની વયે દુનિયાને અલવિદા કહી દીધુ હતુ. લાંબા સમયથી કેન્સર સામે ઝઝૂમી રહેલા એક્ટરે મુંબઈની કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હૉસ્પીટલમાં અંતિમ શ્વાસ લીધા હતા. ડબ્લ્યૂડબલ્યૂઈ સ્ટાર જૉન સીને અવારનવાર ભારતીય સેલેબ્સને યાદ કરીને તસવીરો શેર કરતો રહે છે. અગાઉ પણ સીને સચિન તેંદુલકર, અભિનેત્રી શિલ્પા શેટ્ટી સહિતના સ્ટારના ફોટોઝ શેર કરી ચૂક્યો છે.

ક્રિકેટર શોએબ અખ્તરે કહ્યું- જો મારી બાયોપિક બને તો સલમાન ખાન કરે મારો રોલ



નવી દિલ્હી

બોલિવૂડમાં આમ તો ઘણી બાયોપિક મૂવીઝ બની છે. જેમાં ટીમ ઈન્ડિયાના ભૂતપૂર્વ કેપ્ટન અને 'કેપ્ટન કૂલ' એમ એસ ધોનીના જીવન પર બનેલી મૂવી 'એમ એસ ધોની: ધ અનટોલ્ડ સ્ટોરી' પણ સામેલ છે. પરંતુ હવે એક જાણીતા ક્રિકેટરે કહ્યું કે જો તેની બાયોપિક બને તો લીડ રોલ બોલિવૂડનો 'દબંગ' અભિનેતા સલમાન ખાન કરે. આ જાણીતો ક્રિકેટર ભારતનો નહીં પણ પાડોશી દેશ પાકિસ્તાનનો છે. મીડિયા રિપોર્ટ મુજબ પાકિસ્તાનના ઝડપી બોલર શોએબ અખ્તરે એક સોશિયલ મીડિયા એપ પર ફેન્સ સાથે રૂબરૂ થતા એક સવાલનો જવાબ આપતા કહ્યું, 'જો મારી બાયોપિક બને તો હું ઈચ્છું છું કે તેમાં લીડ રોલ સલમાન ખાન કરે. આ સાથે અખ્તરે ખુલાસો કર્યો કે જ્યારે ગેંગસ્ટર ફિલ્મ આવી રહી હતી તો સલમાન ખાને તેનાથી કહ્યું હતું કે તે શાઈની અહૂજાના કેરેક્ટર માટે એકદમ ફિટ છે. કારણ કે તે ગેંગસ્ટરની જેમ દેખાય છે. આ સિવાય શોએબ અખ્તર હાર્દિક પંડ્યા અંગે વાત કરતા કહ્યું કે તે દુનિયાનો બેસ્ટ ઓલરાઉન્ડર બની શકે છે. આ સાથે જ તેણે હરભજન સિંહ અને યુવરાજ સિંહને પોતાના સૌથી સારા મિત્ર ગણાવ્યા. ઉપરાંત જો અખ્તરને કોચિંગની તક મળે તો તે ટીમ ઈન્ડિયા અને ઈન્ડિયન પ્રીમિયર લીગ માં પોતાની પૂર્વ ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સ નો કોચ બનવાનું પસંદ કરશે.

ગુજરાત સહિત ૧૦ રાજ્યોમાં કામ કરશે

દેશમાં સૌથી વધારે સંક્રમિત ૨૦ જિલ્લામાં કેન્દ્રની સ્પેશિયલ ટીમ ઉતારવામાં આવશે

ન્યુ દિલ્હી

કેન્દ્ર સરકારે ૧૦ રાજ્યોના ૨૦ સૌથી ચેપગ્રસ્ત જિલ્લાઓમાં રાજ્ય સરકારોને મદદ કરવા માટે ૨૦ ટીમોની રચના કરી છે. આ ટીમોમાં ભોપાલ અને દિલ્હી એઇમ્સ ઉપરાંત નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ (એનસીડીસી) ના ઉચ્ચ અધિકારીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ૨૦ ટીમો મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, આંધ્રપ્રદેશ, ગુજરાત, મધ્યપ્રદેશ, દિલ્હી, રાજસ્થાન, તામિલનાડુ, તેલંગાણા અને પશ્ચિમ બંગાળમાં રાજ્ય સરકારો સાથે કામ કરશે.

યુપીના લખનઉ અને આગ્રામાં બે ટીમો કામ કરશે. દિલ્હીમાં દક્ષિણ પૂર્વી અને મધ્ય જિલ્લામાં ટીમો કન્ટેનમેન્ટ ઝોનના આયોજન પર કામ કરશે. દિલ્હીના આ બંને જિલ્લામાં અત્યાર સુધીમાં સૌથી વધુ દર્દીઓ મળી આવ્યા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, કોરોના વાયરસના નવા દર્દીઓ સૌથી વધુ બહાર આવતા જિલ્લાઓ માટે બે નિષ્ણાતોની ટીમો મોકલવામાં આવી રહી છે.

આ ટીમો તબીબી સેવાઓથી લઈ કન્ટેનમેન્ટ ઝોન અને આરટી પીસીઆર તપાસ પર ધ્યાન કેન્દ્રિત કરીને હોસ્પિટલોમાં યોજના બનાવશે અને કાર્ય કરશે. તેઓ રાજ્ય સરકારોને પણ મદદ કરશે. તેમણે કહ્યું કે દિલ્હી સરકારે થોડા દિવસો પહેલા મદદ માટે કેન્દ્રિય સ્તરે ટીમો તૈનાત કરવાની માંગ કરી હતી. ત્યારે જ એનસીડીસી અને દિલ્હી એઈમ્સના સમુદાય તબીબી નિષ્ણાતોની ટીમો બનાવવામાં આવી છે.કડાઉન દરમિયાન ગૃહ મંત્રાલયે ટ્રક ડ્રાઇવરો અને ટ્રાન્સપોર્ટરોની ફરિયાદોને ઝડપથી નિવારવા માટે એક કન્ટ્રોલ રૂમ બનાવ્યો છે. દેશના કોઈપણ ભાગમાં ટ્રકો ખાલી અથવા ભરેલી ટ્રકો પોલીસ કે કોઈ પણ વિભાગ દ્વારા રોકવામાં આવે છે તો તેઓ ૧૯૩૦ નંબર પર ફરિયાદ કરી શકે છે.

પાકિસ્તાન સુપ્રિમ કોર્ટે ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં ચૂંટણી યોજવા આદેશ આપ્યો છે

ગિલગિટ-બાલ્ટિસ્તાન ભારતનો અભિન્ન હિસ્સોઃ ભારત

ન્યુ દિલ્હી

ભારતે પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટ દ્વારા ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં ચૂટણી યોજવા માટે આપેલા આદેશનો કડક વિરોધ નોંધાવ્યો છે. ભારતના વિદેશ બાબતોના મંત્રાલયે જણાવ્યું કે પાકિસ્તાનને અગાઉ જણાવાયું છેકે ગિલગિટ બાલ્ટિસ્તાન સહિતનો જમ્મુ અને કાશ્મિર તેમજ લદ્દાખનો વિસ્તાર ભારતનો અભિન્ન હિસ્સો છે અને ઈસ્લામાબાદે આ ગેરકાયદે કબ્જે કરાયેલા હિસ્સાને તાત્કાલિક ખાલી કરી દેવો જોઈએ.

તાજેતરમાં પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટે એક ઓર્ડરમાં ગિલગિટ-બાલ્ટિસ્તાન સરકારમાં ફેરફાર માટેના ૨૦૧૮ના આદેશમાં સુધારાને મંજૂરી આપતા વિસ્તારમાં સામાન્ય ચૂંટણી યોજવા આદેશ આપ્યો હતો. ભારતે પાકિસ્તાનના વરિષ્ઠ રાજદ્વારીને ડીમાર્શ મોકલવા સાથે કડક વિરોધ નોંધાવ્યો હતો. પાકિસ્તાન સુપ્રીમ કોર્ટના આ આદેશનો ભારતે વિરોધ કર્યો તેમજ કથિત ગિલગિટ-બાલ્ટિસ્તાન સામે વાંધો વ્યક્ત કર્યો હતો.

વિદેશ મંત્રાલયે જણાવ્યું કે, અગાઉ સ્પષ્ટ કરી દેવામાં આવ્યું છે કે જમ્મુ અને કાશ્મીર તેમજ લદ્દાખના કેન્દ્ર શાસિત પ્રદેશમાં ગિલગિટ-બાલ્ટિસ્તાનનો પણ સમાવેશ કરાયો છે. આ હિસ્સો કાયદાકીય તેમજ અફર રીતે ભારતનો અભિન્ન ભાગ છે. પાકિસ્તાન સરકાર કે તેની ન્યાય વ્યવસ્થાનો ગેરકાયદે તેમજ બળપૂર્વક પચાવી પાડવામાં આવેલા વિસ્તારમાં કોઈ જ સ્થાનિક અધિકાર નથી. ભારત સંપૂર્ણપણે આને વખોડે છે પાક. હસ્તકના ભારતના જમ્મુ અને કાશ્મીરની હદના વિસ્તારોમાં ફેરફારને ફગાવે છે તેમ મંત્રાલયે વધુમાં જણાવ્યું હતું. આના બદલે પાકિસ્તાને સમગ્ર વિસ્તારને ખાલી કરી દેવો જોઈએ જે તેણે ગેરકાયદે કબ્જે કર્યો છે.

ઈસ્લામોફોબિયા મુદ્દે પોસ્ટ કરવા મામલે ત્રણ ભારતીયોને નોકરીમાંથી હાંકી કઢાયા

યુએઈ/યુએન

યુનાઈટેડ આરબ અમીરાતમાં સોશિયલ મીડિયા પર ઈસ્લામોફોબિયા સાથે સંકળાયેલી પોસ્ટ કરવાને લઈ ત્રણ ભારતીયોને નોકરીમાંથી છૂટા કરી દેવામાં આવ્યા છે અથવા તો સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. થોડા દિવસો પહેલા જ યુએઈના ભારતીય રાજદૂતે પ્રવાસી ભારતીયોને કડક શબ્દોમાં સોશિયલ મીડિયા પર કોઈ પણ પ્રકારની ભડકાઉ પોસ્ટ ન કરવા માટે સૂચના આપી હતી. સોશિયલ મીડિયામાં કરવામાં આવેલી પોસ્ટને લઈ યુએઈમાં રહેતા છ જેટલા ભારતીયો વિરૂદ્ધ કાર્યવાહી થઈ છે અને તે યાદીમાં વધુ ત્રણ ભારતીયોના નામ પણ જોડાઈ ગયા છે.

શેફ રાવત રોહિત, સ્ટોરકીપર સચિન કિન્નીગોલી અને એમ્પ્લોયરે જેની ઓળખ જાહેર નથી કરી તેવા એક કેશ કસ્ટોડિયનને આ યાદીમાં સામેલ કરવામાં આવ્યા છે. ઈસ્લામોફોબિયા સાથે સંકળાયેલી સોશિયલ મીડિયા પોસ્ટ મામલે કાર્યવાહીનો સામનો કરનારા લોકોની સંખ્યા સતત વધી રહી છે જેથી ભારતીય પ્રવાસીઓએ પોતાના રાજદૂતની સૂચનાને અવગણી હોવાનું કહી શકાય. યુએઈની રાજકુમારી હેંદ કાસિમીએ પણ તેમના દેશમાં રહેતા ભારતીયો નફરતનો ફેલાવો કરતી પોસ્ટ કરશે તો તેમના વિરૂદ્ધ આકરી કાર્યવાહી કરવામાં આવશે તેવી ચેતવણી આપી હતી.

રાજકુમારીની આક્રમક ટ્વિટ બાદ ભારતીય રાજદૂત પવન કુમારે ભારત અને યુએઈ કોઈ પણ જાતના ભેદભાવ વગર બધા સાથે સમાન વ્યવહાર કરે છે તેમ જણાવીને યુએઈમાં રહેતા ભારતીયોને તે ધ્યાનમાં રાખવા સૂચના આપી હતી.

મુંબઈમાં સાર્વજનિક ગણેશોત્સવ સાદાઈથી ઉજવવાનો નિર્ણય લેવાયો

મુંબઈ

હજી તો મે મહિનાની શરૂઆત થઈ છે, તે છતાં આ વર્ષે સાર્વજનિક ગણેશોત્સવની સાદાઈપૂર્વક ઉજવણી કરવાનો નિર્ણય અત્યારથી જ લઈ લેવામાં આવ્યો છે, કારણ કે દર વર્ષે મે મહિનાની આખરથી ગણેશોત્સવની તૈયારીઓનો આરંભ કરાતો હોય છે. આ વર્ષે મુંબઈ સહિત મહારાષ્ટ્ર રાજ્ય, ભારત અને સમગ્ર દુનિયામાં કોરોના વાઈરસની જીવલેણ બીમારીએ હાહાકાર મચાવી દીધો છે. સેંકડો, હજારો, લાખો મરણ થયા છે ત્યારે કોઈ પણ પ્રકારની ઉજવણી આ વર્ષે ફિક્કી બની રહેવાની શક્યતા છે. બૃહન્મુંબઈ સાર્વજનિક ગણેશોત્સવ મંડળના પ્રમુખ નરેશ દહિબાવકરે એક મહત્ત્વની અપીલ શહેરના તમામ સાર્વજનિક મંડળોને કરી છે કે આ વર્ષે ગણેશોત્સવ અત્યંત સાદાઈથી ઉજવવાનો છે. આ માટે મંડળ પ્રમુખે ભૂતકાળનું ઉદાહરણ આપતા કહ્યું કે દાયકાઓ પહેલાં પ્લેગની બીમારી ફાટી નીકળી હતી ત્યારે પણ ગણેશોત્સવ સાદાઈથી ઊજવવામાં આવ્યો હતો. મંડળ પ્રમુખ દહિબાવકરની આ અપીલને બહુમતી પ્રસિદ્ધ ગણેશોત્સવ મંડળોએ સમર્થન વ્યક્ત કર્યું છે. મંડળ પ્રમુખે કહ્યું કે સાર્વજનિક ગણેશોત્સવ વખતે ભક્તો-શ્રદ્ધાળુઓની અપાર ભીડ થતી હોય છે, પરંતુ આ વખતે ફેલાયેલા કોરોના વાઈરસનું જોખમ આગામી કેટલાક મહિનાઓ સુધી પણ રહેશે.

રેલ્વેએ ૮૫ ટકા સબસિડી આપી છેઃ ભાજપ

ભૂખ્યા-તરસ્યા મજૂરો પાસેથી ભાડું વસૂલવું કેવી નૈતિકતા?: સુબ્રમણ્યમ્ સ્વામી

ન્યુ દિલ્હી

પ્રવાસી મજૂરો પાસે રેલવે ભાડું વસૂલશે તેનો મામલો તુલ પકડતો દેખાઈ રહ્યો છે. હવે ભાજપના નેતા અને રાજ્યસભા સભ્ય સુબ્રમણ્યમ સ્વામીએ કહ્યું કે ભૂખ્યા-તરસ્યા પ્રવાસી મજૂરોને લાવવા માટે રેલવે ભાડું વસૂલવું ભારત સરકારની કેવી નૈતિકતા છે. વિદેશોમાં ફસાયેલા ભારતીયોને એર ઈન્ડિયા દ્વારા મફતમાં લાવવામાં આવ્યા હતા.

સુબ્રમણ્યમ સ્વામીએ પોતાની ટ્વીટમાં કહ્યું કે જો રેલવેએ ખર્ચ ઉઠાવાનો ઈકાર કરી દીધો તો પીએમ કેઅર્સ દ્વારા ચૂકવણી કેમ ના કરી? સ્વામીની પહેલાં કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ મામલો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે એક બાજુ રેલવે મજૂરો પાસેથી ટિકિટનું ભાડું વસૂલાઈ રહ્યું છે અને બીજીબાજુ રેલવે મંત્રાલય ૧૫૧ કરોડ રૂપિયાનું ફંડ આપી રહ્યું છે. તેના પર ભાજપ નેતા સંબિત પાત્રાએ કહ્યું કે રાહુલ ગાંધીજી, ગૃહ મંત્રાલયના દિશાનિર્દેશોના મતે કોઈપણ સ્ટેશન પર જવા માટે ટિકિટો વેચાઈ રહી નથી. રેલવેએ ૮૫ ટકા સબ્સિડી આપી છે અને રાજ્ય સરકારો ૧૫ ટકા ભાડું આપશે. રાજ્ય સરકાર ચૂકવણી કરી શકે છે (મધ્યપ્રદેશ સરકાર ચૂકવણી કરી રહ્યું છે.). કોંગ્રેસ સરકાર પણ પાલન કરે.

લોકડાઉનના અંત બાદ ચીન ધમધમતું થયુઃ બે દિવસમાં ૧૦ લાખ લોકો આવ્યા

બેઇજિંગ

ચીનના વુહાન શહેરમાંથી ફેલાયેલી કોરોના મહામારીના કારણે આખી દુનિયા મુશ્કેલીમાં મુકાઈ છે અને લગભગ તમામ દેશો લોકડાઉનમાં કેદ છે. દિવસે ને દિવસે કોરોનાના કારણે મરનારા લોકોનો વૈશ્વિક આંકડો વધી રહ્યો છે અને તેનું સંક્રમણ ખૂબ જ ઝડપથી ફેલાઈ રહ્યું છે. ત્યારે ચીન જ્યાંથી પાંચ મહીના પહેલા આ વાયરસના ફેલાવાની શરૂઆત થઈ હતી ત્યાં સ્થિતિ હવે ફરીથી રાબેતા મુજબ થઈ રહી છે. ચીનમાં લોકડાઉન હટાવી લેવામાં આવ્યું તેની સાથે જ ફેક્ટરીઓ અને પરિવહન પણ ખોલી દેવાયા છે.

ચીનમાં પર્યટન ક્ષેત્રે પણ ખૂબ જ ઝડપી વધારો નોંધાયો છે. એક અહેવાલ પ્રમાણે મે મહીનાની શરૂઆતના બે દિવસમાં આશરે ૧૦ લાખ લોકો શાંઘાઈમાં ફરવા પહોંચ્યા હતા. ચીની સરકારે મે દિવસના અવસર પર કેટલાક પર્યટન સ્થળો ખોલવા આદેશ આપ્યો હતો જેથી પહેલી મેના રોજ ૪,૫૬,૦૦૦ અને બીજી મેના રોજ ૬,૩૩,૦૦૦ લોકો ફરવા પહોંચ્યા હતા.

પાંચ દિવસની રજાઓના પહેલા બે દિવસમાં ચીનમાં ૫૦ લાખથી વધારે લોકોએ મુસાફરી કરી હતી અને મંગળવારે રજાઓના અંત સુધીમાં આશરે ૯૦ લાખ લોકો યાત્રા પૂરી કરે તેવી આશા છે. સંસ્કૃતિ અને પર્યટન મંત્રાલયના અહેવાલ પ્રમાણે ઘરેલુ પર્યટન રેવન્યુ ૯.૭ અબજ યુઆન (આશરે ૧.૩૮ અબજ ડોલર)થી વધારે થવાની સાથે રજાઓના પહેલા દિવસ શુક્રવાર સુધીમાં ૨૩ લાખ ઘરેલુ પર્યટન યાત્રાઓ થઈ.

ઘરેલુ પર્યટનમાં વૃદ્ધિ બાદ ચીને પોતાની મહામારી સંબંધી ઈમરજન્સી પ્રતિક્રિયાને બીજી કે નીચેની શ્રેણીઓમાં સૌથી ગંભીર કરતા ઉતરતા ક્રમે રાખી દીધી હતી. શુક્રવારે દેશભરના કુલ ૮,૪૯૮ એ-સ્તરીય પર્યટક આકર્ષણોને જનતા માટે ખોલી દેવામાં આવ્યા હતા જે કુલ ૭૦ ટકાને કવર કરે છે.

ફરી એક વખત સ્માર્ટ વોચ તારણહાર બની, ૮૦ વર્ષિય મહિલાનો જીવ બચાવ્યો

લંડન

સ્માર્ટ વોચે લોકોના જીવ બચાવ્યા હોય તેવી અનેક ઘટનાઓ સામે આવી છે. આ ઘટનામાં વધારે એક ઘટનાનો ઉમેરો થયો છે. એપલની સ્માર્ટ વોચે એક ૮૦ વર્ષિય મહિલાનો જીવ બચાવ્યો છે. યુરોપિયન હાર્ટ જર્નલમાં પ્રકાશિત એક રિપોર્ટ પ્રમાણે એપલની સ્માર્ટ વોચે મહિલાને થયેલી ગંભીર બિમારીને ઓળખી કાઢી છે. આ મહિલાને લાંબા સમયથી છાતીમાં દુખાવાની ફરિયાદ હતી. જેથી તે હોસ્પિટલ ગઈ, જ્યાં તેનું ઈસીજી કરવામાં આવ્યું. હોસ્પિટલમાં કરેલા ઈસીજીનો રિપોર્ટ તો નોર્મલ આવ્યો, જેના કારણે ડોક્ટરોએ મહિલા એકદમ સ્વસ્થ હોવાનું જણાવ્યું.

નોર્મલ રિપોર્ટ આવ્યા બાદ પણ જ્યારે મહિલાને બેચેની અને છાતીમાં દુખાવો શરુ થયો તો તેણીએ એપલની સ્માર્ટ વોચનો ઉપયોગ કર્યો. એપલની સ્માર્ટ વોચમાં પણ ઈસીજીની સુવિધા આવે છે. જ્યારે સ્માર્ટ વોચના ઈસીજીનો રિપોર્ટ જોયો તો તેમાં કોઈ ગંભીર બિમારીના લક્ષણો હતા. બાદમાં હોસ્પિટલ જઈને તે રિપોર્ટ ડોક્ટરોને બતાવ્યો, જેમાં ગંભીર કોરોનરી બિમારીના સંકેત હતા. ત્યારબાદ ફરી વખત તેના રિપોર્ટ કરવામાં આવ્યા, તો તેમાં પણ આ બિમારી સામે આવી. ત્યારબાદ એન્જિયોપ્લાસ્ટી વડે મહિલાની સારવાર કરવામાં આવી.

ટૂંકમાં સ્માર્ટ વોચના કારણે મહિલાનો જીવ બચી ગયો. સ્માર્ટ વોચ સાથે જોડાયેલી એક એપ્લિકેશન આવે , જેને ઈન્સટોલ કર્યા બાદ ઘડિયાળની સ્ક્રિન પર આંગળી રાખતા તમારું ઈસીજી રેકોર્ડ થાય છે. જેને એપ્લિકેશનની અંદર જોઈ શકાય છે.

ગાંધીનગરમાં કોરોનાને હરાવવા રાજીવ ગુપ્તાના માર્ગદર્શન હેઠળ ૧૭ મુદ્દાનો એકશન પ્લાન તૈયાર

- **કેટલીક ખાનગી હોસ્પિટલો સંપાદિત કરાઇ**
- **આગામી ૩ દિવસમાં સે. ૨૪માં આશરે ૨૫૦૦ ઘરોનું સર્વે હાથ ધરાશે**
- **કોરોનાનો ચેપ લાગે તો એવા ખાનગી ડોક્ટરને વીઆઇપી ગણીને સારવાર અપાશે**

રાજ્યના પાટનગર ગાંધીનગરને કોરોના રોગચાળામાં રેડઝોન જાહેર કરાયો છે. શરૂઆતમા કેસો ઓછા હતા અને ત્યારબાદ તેને કોરોનામુક્ત જાહેર કરાયું અને એકાએક કેસો વધતા ગાંધીનગર રેડ ઝોનમાં આવી ગયું છે. સરકારે ગાંધીનગરમાં કોરોનાનો સામનો કરવા સિનિયર સનદી અધિકારી અને હાલમાં સરદાર સરોવર નિગમના એમડી અને અધિક મુખ્ય સચિવ રાજીવ ગુપ્તાને જવાબદારી સોંપી છે. ગુપ્તાએ ગાંધીનગર કલેકટર અને અન્ય ઉચ્ચ અધિકારીઓની સાથે ગહન ચર્ચા કરીને ૧૭ મુદ્દાનો એકશન પ્લાન તૈયાર કર્યો છે.

એક વાતચીતમાં રાજીવ ગુપ્તાએ કહ્યું કે ગાંધીનગરને ઝડપથી કોરોના મુક્ત કરવા માટે પોલીસ અને અને અન્ય વિભાગ સાથે સંયુક્ત આયોજન હાથ ધરવામાં આવ્યું છે. ગાંધીનગરની ગોએંકા સહિત અન્ય કેટલીક હોસ્પિટલો સંપદિત કરવામાં આવી છે. જાણીતી એપોલો હોસ્પિટલમાં કોરોનાની સારવાર માટે દરેક માળ ઉપર એક અલાયદી સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી રહી છે.

કોરોનાના કેસો માટે ટેસ્ટ સેમ્પલ વધારવામાં આવી રહ્યાં છે. આગામી ૩ દિવસમાં સે. ૨૪માં આશરે ૨૫૦૦ ઘરોનું સર્વે હાથ ધરાશે. તેમાંથી સંભવિતનો ટેસ્ટ કરાશે. પોઝીટીવ કેસની ૫૦ મીટરની ત્રિજયામાં રહેતા લોકો વગેરે.,નું પણ ટેસ્ટીંગ કરાશે. અંદાજે ૧૦૦થી ૧૫૦ ટેસ્ટ માત્ર સે. ૨૪માં કરાશે.

તેમણે કહ્યું કે શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં કન્ટેનમેન્ટ ઝોન અને ઔડાને અડીને આવેલા ગુડા વિસ્તારમાં ટેસ્ટીંગ વધારાશે. અંદાજે ૧ હજાર કીટની વ્યવસ્થા થશે. ૨૪ કલાકમાં કેટલા કેસો નોંધાયા તેની નિશાની નકશા પર કરાશે. ઉચ્ચ અધિકારીઓને મોબાઇલ પર જાણકારી અપાશે.

રાજયકક્ષાની જેમ શહેર કક્ષાએ પણ રોજેરોજ કેસોની માહિતી કલેક્ટરે રજૂ કરવાની રહેશે. મિડિયાને અપાશે. ગ્રામ્ય વિસ્તારમાં માસ્ક ફરજિયાત કરાશે. જિલ્લા વિકાસ અધિકારી દરરોજ ૨૦થી ૨૫ સરપંચો સાથે વિડિયો દ્વારા સંપર્ક કરશે.

વડસર એરફોર્સ ખાતે એક કેસ નોંધાતા આ મથકની આરોગ્ય સેવાનો કઈ રીતે ઉપયોગ થાય તેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ઓનલાઇન ફૂડ ડીલીવરીનું પ્રમાણ વધતાં અને ડીલીવરી બોયને કોરોના થતાં જાહેરનામુ બહાર પાડીને હોમ ડિલીવરી સ્થગિત કરવામાં આવી છે.

તેમણે કહ્યું કે લોકોને કોરોના સિવાયના રોગોની સારવાર મળી રહે તે માટે ખાનગી દવાખાના ફરી શરૂ કરાશે. ગાંધીનગરના કોઈ ખાનગી તબીબ કે સ્ટાફને અવરજવર માટે આઈ કાર્ડ પોલીસ દ્વારા અપાશે. ઉપરાંત ખાનગ દવાખાનામાં આવતા દર્દીને તાકીદે કોરોના ટેસ્ટીની જરૂર ઉભી થાય તો ૧થી ૨ કલાકમાં આવો ટેસ્ટ થઈ જાયા અને તરત જ રિપોર્ટ મળે તેવી વ્યવસ્થા ગોઠવાશે.

ખાનગી દવાખાના ખુલ્લા રાખતા કોઈ ડોક્ટરને કોરોનાનો ચેપ લાગે તો એવા ડોક્ટરને વીઆઈપી ગણીને સારવાર અપાશે.

બિહાર સરકાર ક્વોરેન્ટાઈન સેન્ટરમાં રહેનાર શ્રમિકોને એક હજાર રૂપિયા આપશે

પટના

બિહાર સરકારે પરપ્રાંતિય શ્રમિકોના રેલ ભાડા અંગે મોટો નિર્ણય લીધો છે. મુખ્યમંત્રી નીતીશ કુમારે સોમવારે કહ્યું કે કોઈ પણ કાર્યકરને પૈસા આપવાની જરૂર નથી. તમામ કામદારોને ક્વોરેન્ટાઈન સેન્ટરમાં રાખવામાં આવશે અને તે પછી તેમને એક હજાર રૂપિયા આપવામાં આવશે.

સીએમ નીતીશ કુમારે કહ્યું, 'હું બિહારના લોકોને પાછા મોકલવાના સૂચનને ધ્યાનમાં લેવા બદલ કેન્દ્રનો આભાર માનું છું. અન્ય રાજ્યોમાં ફસાયેલા બિહારના લોકોને બિહારમાં પાછા મોકલવા બદલ કેન્દ્રનો આભાર. કોઈએ પણ ટિકિટ માટે ચૂકવણી કરવાની રહેશે નહીં. અહીં તેમના માટે ક્વોરેન્ટાઈન સેન્ટર બનાવવામાં આવ્યું છે. સીએમ નીતીશ કુમારે કહ્યું કે, 'બહારથી આવેલા તમામ પરપ્રાંતિયો ૨૧ દિવસ માટે ક્વોરેન્ટાઈન સેન્ટરમાં રહેશે. આ પછી, તેમને બિહાર સરકાર દ્વારા ઓછામાં ઓછી એક હજાર રૂપિયાની રકમ આપવામાં આવશે. આ યોજના અંતર્ગત રાજ્ય સરકારે ૧૯ લાખ લોકોને એક હજાર રૂપિયા આપી દીધા છે. આ અગાઉ રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી) નેતા તેજસ્વી યાદવે બિહાર સરકાર પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું હતું કે અમે શરૂઆતમાં બિહાર સરકારને ૫૦ ટ્રેનો આપવા તૈયાર છીએ. સરકારે આગામી દિવસમાં ટ્રેનોની વ્યવસ્થા કરવી જોઈએ. પાર્ટી તરત જ તેનું ભાડું સરકારના ખાતામાં ટ્રાન્સફર કરશે.

લોકડાઉન છતાં પહેલા પાનાથી ચાલુ

કોરોના વાયરસથી સંક્રમિત ૧૧૭૦૭ દર્દી અત્યાર સુધી સાજા પણ થયા છે. આ આંકડા અનુસાર, દેશમાં હવે કોરોના વાયરસના એક્ટિવ કેસ ૨૯૪૫૩ છે. નોંધનીય છે કે, કોરોનાના સતત વધી રહેલા ચેપી રોગને જોતા દેશમાં લૉકડાઉનનો ત્રીજો તબક્કો લાગુ કરવામાં આવ્યો છે જે ૪ મેથી ૧૭ મે સુધી માટે રહેશે. દેશમાં હાલની સ્થિતિમાં મહારાષ્ટ્ર કોરોના વાઈરસના સંક્રમિતોની સૌથી વધુ સંખ્યા વાળું રાજ્ય છે. મહારાષ્ટ્રમાં અત્યાર સુધી કુલ ૧૨,૯૭૪ લોકો સંક્રમિત છે. બીજા ક્રમે ગુજરાત છે જ્યાં સંક્રમિતોનો આંકડો પાંચ હજારને પાર કરી ગયો છે. રાજધાની દિલ્હી હાલ ૪,૫૪૯ સંક્રમિતો સાથે ત્રીજા ક્રમે છે.

દિલ્હીમાં BSFના વધુ ૨૫ જવાન સંક્રમિત મળ્યા છે એમ કહીને સૂત્રોએ વધુમાં જણાવ્યું કે દિલ્હીની જામા મસ્જિદ પાસે તહેનાત બીએસએફના ૨૫ જવાન કોરોના સંક્રમિત મળી આવ્યા છે. દિલ્હીમાં અત્યાર સુધી ૪૨ અને ત્રિપુરામાં ૧૨ BSF જવાન કોરોનાના સંકજામાં આવી ચુક્યા છે. સાથે જ CRPF મુખ્યાલયનો એક ડ્રાઈવર પણ સંક્રમિત છે. મુખ્યાલયને સેનેટાઈઝ કરાઈ રહ્યું છે. CRPFના ૧૩૫ જવાન પહેલાથી પોઝિટિવ છે.

મજૂરોને કોઈ કીટ પહેલા પાનાથી ચાલુ

પરંતુ વિદેશમાં રહેતા ભારતીયોને વિમાન દ્વારા તદ્દન મફત અને ગરીબ શ્રમિકો પાસેથી રેલવે ટિકીટનો ચાર્જ વસુલવામાં આવતો હોવાનો આરોપ કોંગ્રેસે લગાવ્યો હતો.

જેને લઈને વિવાદ ઉભો થતા રેલવે મંત્રાલયે સ્પષ્ટિકરણ કરતા કહ્યું છે કે, ભારતીય રેલવે પ્રવાસી શ્રમિકોને ટિકિટ માટે સામાન્ય ચાર્જ વસૂલી રહી છે એન તે પણ રાજ્ય સરકાર પાસેથી માત્ર ૧૫ ટકા જ. રેલવે તરફથી કોઈ ટિકિટ વેચવામાં નથી આવી રહી, માત્ર તે મુસાફરોને ટ્રેનમાં બેસાડવામાં આવી રહ્યા છે જેમની જાણકારી રાજ્ય સરકારો આપી રહી છે. બીજી સોશિયલ ડિસ્ટન્સિંગના કારણે ટ્રેનની અનેક બર્થ ખાલી રાખવામાં આવી રહી છે. દરેક પ્રવાસી મજૂરને રેલવે તરફથી મફત ભોજન અને પાણીની બોટલ આપવામાં આવી રહ્યાં છે.

અમેરિકાની કંપની પહેલા પાનાથી ચાલુ

જીઓનો પબ્લિક ઈસ્યુ વહેલો આવશે. સિલ્વર લેક સાથે થયેલ સોદાની મહત્વની વાત એ છે કે ફેસબૂકે જિયોનું જે વેલ્યુએશન(૪.૬૨ લાખ કરોડ) આંક્યું હતુ તેનાથી પણ ૧૨.૫%ના પ્રિમિયમ સાથે આઅજે સિલવર લેક સાથે સોદો કર્યો છે.

લોકડાઉમાં છૂટ પહેલા પાનાથી ચાલુ

છે. દેશભરમાં જે-જે વિસ્તારોમાં દારૂની દુકાનો ખોલવા માટેની છૂટ આપવામાં આવી છે તે વિસ્તારોમાંથી તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયુવેગે વાયરલ થઈ રહ્યા છે.

રાજકોટમાં બિનગુજરાતી લોકોની ધીરજ ખૂટી, વતન જવાની જીદ પર અડગ થયા

રાજકોટ

કોરોનાના કહેર વચ્ચે રાજકોટમાંથી આજે એક મોટા સમાચાર મળી રહ્યા છે. રાજકોટમાં આજે શ્રમિકો પોતાના વતન જવા માટે જીદે ભરાયા છે, ત્યારે શ્રમિકો આજે ઉગ્ર બન્યા છે. રાજકોટના ગોંડલ ચોકડી પાસે શ્રમિકોએ હોબાળો કરીને બેરિકેટ ઉંધા પાડી દીધા હતા. એટલું જ નહીં, અનેક જગ્યાએ તોડફોડના અહેવાલો પણ મળી રહ્યા છે. રાજકોટના ગોંડલમાં શ્રમિકો ઉગ્ર બનતા પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચીને સ્થિતિ પર કાબૂ મેળવવાની કોશિશ કરી રહ્યો છે. પોલીસના ઉચ્ચ અધિકારીઓ શ્રમિકોને પોતાના વતન પહોંચાડવાનું આશ્વાસન આપીને શાંત કરવાના પ્રયત્નો કરી રહ્યા છે. હવે વતન જવાની જીદ પર અડગ થયા છે. પોલીસને જાણ થતા દોડી આવી હતી અનો સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ મજૂરો માનતા નથી. પોલીસને પણ ચિમકી ઉચ્ચારી હતી કે,

અમને તાત્કાલિક અમારા વતન મોકલો નહીંતર ચાલવા લાગીશું. જો કે પોલીસે સમજાવટ બાદ સૌ શાંત થયા હતા અને પોતાના નામ અને કેટલા વ્યક્તિઓને ક્યાં જવું છે તેનું લીસ્ટ તૈયાર થઈ રહ્યું છે. જો કે ગઈકાલે કલેક્ટરે પણ જાહેરાત કરી હતી કે ટ્રેન દ્વારા વતન મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે લોકો શાંતિ રાખે અને તંત્રને સાથે આપે. કલેક્ટર કચેરીએ પણ પરપ્રાંતિયોના ટોળા ઉમટ્યા છે. વતન જવા માટે ફોર્મ લેવા શ્રમિકો ઉમટ્યા છે. સુરતમા રહેતા પરપ્રાંતીય કારીગરોને પોતાના વતન જવાની છૂટ આપવામમાં આવી છે.

જ્યારે યુપી, બિહાર અને ઝારખંડના કામદારો માટે હજી સુધી સરકાર દ્વારા કોઇ યોગ્ય નિરાકરણ કરવામાં વિલંબ થઇ રહ્યો હોવાથી પાંડેસરા પોલીસ કોલોની વિસ્તારમાં રહેતા અંદાજે ૭૦થી ૮૦ કામદારોએ મુંડન કરાવી અનોખી રીતે વિરોધ કર્યો હતો. આ સાથે કામદારોએ સ્થાનિક રાજકીય નેતાઓ પર ગંભીર આક્ષેપ કર્યા હતા. બીજી બાજુ વડોદરા શહેર અને જિલ્લામાં લોકડાઉનના કારણે ફસાયેલા કુલ ૧૨૦૯ પરપ્રાંતીયોને મોડી રાત્રે ટ્રેન મારફતે ઉત્તરપ્રદેશ મોકલવામાં આવ્યા છે. વડોદરા જિલ્લા કલેક્ટર દ્વારા ઉત્તરપ્રદેશ તંત્ર સાથે સંકલન કરીને પરપ્રાંતીયોને તેમના વતન મોકલવા માટેની વ્યવસ્થા કરવામાં આવી હતી. મોડી રાત્રે આ શ્રમજીવીઓને સિટી બસમાં બેસાડીને રેલવે સ્ટેશન લઇ જવાયા હતાં. જ્યાંથી તેઓ ટ્રેનમાં બેસીને વતન જવા રવાના થયા હતા.

રૂપાણી સરકાર લોકડાઉન અમલ કરાવવામાં નિષ્ફળ...!?

કડક કહેવાતું લોક 'ડાઉન'...ઠેર ઠેર મોટી સંખ્યામાં એકઠાં થયા શ્રમિકો

ગુજરાતમાં અમદાવાદ, સુરત, રાજકોટ, મહેસાણા સહિતના શહેરોમાં કલેક્ટર કચેરીઓ સામે શ્રમિકોની ભીડ

ગાંધીનગર

ગુજરાતમાં કોરોના સંકટ ચરમસીમાએ પહોંચ્યુ છે. કેન્દ્ર સરકારનો શ્રમિકોને તેમના વતન મોકલવાનો નિર્ણય રાજ્ય સરકારો માટે માથાનો દુખાવો બની રહ્યો છે. આજે વહેલી સવારથી જ ગુજરાતમાં અમદાવાદ, સુરત, રાજકોટ, મહેસાણા સહિતના શહેરોમાં કલેક્ટર કચેરીઓ સામે શ્રમિકોની ભીડ જામી છે. લોકડાઉનની સ્થિતિમાં પણ આ શ્રમિકો આટલા મોટા પ્રમાણમાં અહીં કેવી રીતે પહોંચ્યા તે એક મોટો પ્રશ્ન છે. આ ભીડ કોરોનાના ફેલાવવામાં નિમિત્ત બનશે તો વિનાશ નોતરશે.

અમદાવાદ કલેકટર કચેરીઓ પરપ્રાતિઓ એક્ઠા થયા છે. વતન પરત જવા માટે મંજૂરી લેવા માટે મોટા પ્રમાણમાં પરપ્રાંતિયો એકઠાં થયા છે. મંજૂરી લેવામા આરટીઓ સર્કલ પાસે ભીડ જોવા મળી રહી છે. લોકડાઉન દરમિયાન સુરત શહેરમાં લોકો ઘરની બહાર નિકળ્યા છે. કોરોનાના દર્દીઓની સંખ્યા વધતા મનપા કામગીરી કરી રહી છે. ત્યારે લોકોએ ઘરની બહાર નિકળવાનું બંધ કર્યુ નથી. લોકોમાં સોશિયલ ડિસ્ટન્સનો અભાવ જોવા મળી રહ્યો છે. એક તરફ દિવસે દિવસે કોરોનાના દર્દીઓની સંખ્યા વધી રહી છે. તો બીજી તરફ લોકો ઘરમાં રહેવાનું પણ પાળતા નથી. ત્યારે આજે શહેરના મજૂરા ગેટ વિસ્તારમાં મોટી સંખ્યામાં લોકો એક સાથે બહાર નિકળ્યા હતા. લોકો ઘરની બહાર નિકળતા તંત્રની ચિંતામાં વધારો થયો છે. મહેસાણા કલેકટર કચેરી આગળ પર પ્રાંતીયનો હોબાળો કર્યો છે. યુપી-બિહારના પર પ્રાંતીયોએ હોબાળો કર્યો છે. વતન જવા પરવાનગી નહીં મળતા હોબાળો કર્યો છે. ૨૦૦ જેટલા પર પ્રાંતીય કલેકટર કચેરી આગળ ધસી આવ્યા છે. રાજકોટમાં કલેક્ટર ઓફિસ પહોચ્યુ શ્રમિકોનુ ટોળુ. કલેક્ટર કચેરીએ શ્રમિકો પાસ લેવા પહોચ્યા. કલેક્ટર કચેરી ખાતે સો.ડિસ્ટન્સનો અભાવ જોવા મળ્યો હતો. દેશમાં લોકડાઉન ૩ મે થી બે અઠવાડિયા વધારી ૧૭ મે સુધી કરવામાં આવ્યું છે, પરંતુ સુરતમાં લોકડાઉનના ધજાગરા ઉડ્યા હતા. સુરતના અડાજણ, મજુરાગેટ, અઠવાગેટ સહિતના વિસ્તારોમાં જાણા લોકડાઉન પૂર્ણ થઇ ગયું હોય, તેવી રીતે લોકો રોડ પર સાધનો લઇને નીકળી પડ્યા હતા. શહેરના અડાજણ સ્થિત ગુજરાત ગેસ સર્કલ પાસે સામાન્ય દિવસોની જેમ ટ્રાફિક જામ સર્જાયો હતો, જ્યારે મજુરાગેટ પર પોલીસના અધિકારીઓ પણ ટ્રાફિક જામમાં ફસાયા હતા.

અમદાવાદ ગ્રામીણ અને જિલ્લામાં નવા ૦૮ કોરોના કેસ નોંધાતા કુલ આંક ૫૪ થયો

અમદાવાદના દસ્ક્રોઈ તાલુકામાં ૩૯ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા

અમદાવાદ

શહેરમાં કોરોનાનો વ્યાપ વધી રહ્યો છે, ત્યારે ગ્રામ્ય વિસ્તાર અને જિલ્લામાં તેની અસર જોવા મળી રહી છે. અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં કુલ ૫૪ કોરોના પોઝિટિવ કેસ આવ્યા છે. જે પૈકી ૩૯ કેસ દસ્ક્રોઈ તાલુકામાં નોંધાયા છે. અમદાવાદ ગ્રામ્યમાં દસ્ક્રોઈ નવો હોટસ્પોટ બની રહ્યો એવું જણાઈ રહ્યું છે. અમદાવાદના ગ્રામીણ અને જિલ્લામાં સોમવારે નવા ૦૮ કેસ પોઝિટિવ આવતા કુલ આંકડો ૫૪ પર પહોંચ્યો છે. જેમાંથી ૨ લોકોના મોત પણ નીપજ્યાં છે. અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં સેનેટાઈઝેશન કરવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સેનેટાઈઝેશન ટેક્નો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.મોટાભાગના કેસ અમદાવાદ ગ્રામ્ય બોપલ, ઈન્દિરાનગર, ધોળકા સહિતના વિસ્તારોમાં નોંધાયા છે. બોપલમાં ૪, ધોળકામાં ૩ અને ઈન્દિરાનગરમાં એક કેસ પોઝિટિવ નોંધાયો છે. સોમવારે નોંધાયેલા કેસ પ્રમાણે અમદાવાદના દસ્ક્રોઈ અને ધોળકા તાલુકામાં સૌથી વધુ કેસ કોરોનાના પોઝિટિવ આવ્યા છે.ઉલ્લેખનીય છે કે, આ વિસ્તારોમાં કોરોનાને ફેલાવતા અટકાવવા માટે તંત્ર દ્વારા માસ સેનિટાઈઝેશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં આશરે ૮૯ હજાર જેટલા ઘરોને સેનિટાઈઝ કરવામાં આવ્યા હતા.અમદાવાદ ગ્રામ્યના કુલ ૫૪ કોરોના પોઝિટિવ કેસમાંથી ૫-૫ કેસ ધોળકા અને સાણંદ તાલુકામાં નોંધાયા છે. જ્યારે ૧-૧ કેસ બાવળા, ધંધુકા, વિરમગામમાં સામે આવ્યા છે.દસક્રોઈ તાલુકાના જે વિસ્તારોમાં વધુ કોરોના પોઝિટિવ કેસ સામે આવી રહ્યા છે, એ અમદાવાદને અડીને આવેલા બોપલ, શેલા સહિતના વિસ્તારોમાંથી છે. આ પરિસ્થિતિને જોતા તંત્ર દ્વારા બોપલના કેટલાક સોસાયટી અને વિસ્તારને કન્ટેનમેન્ટ ઝોન જાહેર કર્યા છે.

દિલ્હી સહિત ઉત્તર ભારતના અનેક રાજ્યોમાં તોફાન સાથે વરસાદ સંભાવના

અમદાવાદ

ઉત્તર ભારતમાં હવામાનમાં ફેરબદલ થઈ રહ્યુ છે અને ગરમ રહેતો મહિનો મેમાં હળવી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. વેસ્ટર્ન ડિસટર્બેંસના કારણે શનિવારે એઠલે કે, ૨ મેથી વાતાવરણમાં ઘણો બદલાવ આવ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી ૪૮ કલાકમાં દિલ્હી-એનસીઆર સહિત ઉત્તર ભારતના અનેક રાજ્યોમાં તોફાન સાથે વરસાદ અને ઝડપી પવન ફુંકાવાની શક્યતા સાથે કરા સાથે વરસાદ પડવાની સંભાવના છે.

રવિવારે દિલ્હી, હરિયાણા, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન સહિત ઉત્તર ભારતના અનેક રાજ્યોમાં તોફાની પવન સાથે વરસાદ થવાની આગાહી છે. હાલ જ્યાં લોકો ઘરોમાં છે, ત્યાં વળી ખેડૂતોના પાકને પણ આ મૌસમના કારણે ભારે નુકસાન થવાનુ છે. સીકર સહિત રાજસ્થાનના અનેક વિસ્તારોમાં કરા સાથે વરસાદ પડ્યો હતો. તો વળી પહાડી વિસ્તારોમાં પણ બરફવર્ષા થઈ હતી. પશ્ચિમી દિશામાં થયેલા પરિવર્તનના કારણે હવામાનમાં આવેલા બદલાવના કારણે મે મહિનાની શરૂઆતમાં વરસાદ થયો છે. હવામાન વિભાગની આગાહી છે કે, દિલ્હી-એનસીઆર સહિત ઉત્તર ભારતના મોટા ભાગના રાજ્યોમાં ૬ મે સુધી ડમરી સાથે તોફાન, વાદળોનો ગડગડાટ અને જોરદાર વરસાદ થઈ શકે છે. આ વરસાદના કારણે ગરમી થોડી હળવી થઈ શકે છે.

શ્રમિકો જિલ્લા કોંગ્રેસ કંટ્રોલ રૂમનો કરે સંપર્ક: અમિત ચાવડા

અમદાવાદ

જે પણ શ્રમિકો વતન પરત જવા માગતા હોય તેમનો ખર્ચ કોંગ્રેસે ઉપાડવાની જાહેરાત કરી છે. કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીએ પ્રદેશ સમિતિઓને આ અંગે સૂચના આપી છે. શ્રમિકોનો વતન જવાનો ખર્ચ દરેક પ્રદેશ સમિતિ ઉપાડશે. જેને લઈને હવે ગુજરાત કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાનું નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું છે કે જે પરપ્રાંતીય લોકો વતન પાછા ફરવા માંગતા હોય તેઓ જિલ્લા કોંગ્રેસ સમિતિના કંટ્રોલ રૂમનો સંપર્ક કરે. કોંગ્રેસ ઓન લાઈન ફોર્મ ભરવામાં અને જરૂરિયાતમંદ લોકોને જરૂરી મદદ કરશે.

અમિત ચાવડાએ કહ્યું કે પરપ્રાંતીય લોકોને તેમના વતન જવા માટે કોંગ્રેસ એક તરફનું ભાડું આપશે. તેમણે કહ્યું કે છેલ્લા ચાલીસ દિવસથી ચાલી રહેલા લોકડાઉનના કારણે શ્રમિકોની હાલત ખુબ ખરાબ છે. રાજ્ય સરકાર મુખ્યમંત્રી માટે ૨૦૦ કરોડનું પ્લેન ખરીદી શકે છે, નમસ્તે ટ્રમ્પ ઈવેન્ટ પાછળ ૧૦૦ કરોડ ખર્ચી શકે છે, પણ વતન જવા ઇચ્છતા લોકોનું ભાડુ ભરી શકતી નથી. અમિત ચાવડાએ એમ પણ કહ્યું કે કોંગ્રેસ પોતાની વિચારધારા ને અનુસરી જવાબદાર વિપક્ષ તરીકે પોતાની ફરજ અદા કરી પરપ્રાંતિય લોકોને પોતાના વતન જવા મદદ કરશે.

કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીએ કેન્દ્ર સરકાર પર આ મામલે મોટો આરોપ લગાવ્યો છે. તેમણે રેલવે મંત્રાલય પર નિશાન સાધતા કહ્યું કે સરકાર અને રેલવે મંત્રાલય મજૂરો પાસેથી ટિકિટના પૈસા વસૂલી રહ્યાં છે. રેલવે મંત્રાલય પર કટાક્ષ કરતા તેમણે કહ્યું કે જ્યારે રેલવે મંત્રાલય પીએમ કેર્સ ફંડમાં ૧૫૧ કરોડ રૂપિયા આપી શકે છે તો ગરીબ મજૂરો પાસેથી પૈસા કેમ વસૂલે છે.

લોકોનાનો કહેર જોતા ખેડૂતોને ખેતરમાં એકબીજાથી ૬ ફૂટનું અંતર રાખવા સલાહ

અમદાવાદ

જ્યારે ગુજરાત અને ખાસ કરીને અમદાવાદ, સુરત અને વડોદરા જેવા મોટા શહેરોમાં કોરોનાવાયરસ રોગચાળાએ ભરડો લીધો છે અને દરરોજ કેસોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે, ત્યારે રાજ્ય સરકારે ખેડૂતો માટે આ રોગચાળાથી બચવા માટે ખેતરમાં કામ કરવા માટેની માર્ગદર્શિકા જાહેર કરી છે. આ માર્ગદર્શિકામાં રાજ્ય સરકારે ખેત કામગીરીમાં બે વ્યક્તિઓ વચ્ચે ૬ ફૂટનું અંતર રાખવાની ઈનપુટ ડીલરોને પણ 'સોશિયલ ડિસ્ટન્સિંગ'નું પાલન કરવાની સલાહ આપવામાં આવી છે.

સરકારે આ માર્ગદર્શિકામાં ખેડૂતોના પરિવારનાં તમામ સભ્યોને આરોગ્ય સેતુ એપ્લિકેશન ડાઉનલોડ કરવાની સલાહ આપી છે, જેથી તેમને તેમની આસપાસના સમુદાયોમાં કોરોનાવાયરસના દર્દીઓ વિશે જાણકારી મળી શકે. સાથે સાથે ખેડૂતોને ખેતીવાડી સંબંધિત ચીજવસ્તુઓના પરિવહન અને વેપારીઓ સાથે જોડાણની સરળતા માટે કિસાન રથ નામની એપ્લિકેશન ડાઉનલોડ કરવાની સલાહ પણ આપવામાં આવી છે. અત્યારે લોકડાઉનને કારણે રાજ્યમાં ખેતમજૂરની અછત ઊભી થઈ છે. આ સ્થિતિમાં ખેડૂતો ખેતીવાડીની સાધન સામગ્રીઓ અને મશીનરીઓનો ઉપયોગ કરવા કસ્ટમર હાઈરિંગ સેન્ટરની મદદ લઈ શકે છે.

ઉપરાંત રાજ્ય સરકારે ખેડૂતોને મગફળીના પાકમાં લીલી ઈયળ કે લશ્કરી ઈયળનો ઉપદ્રવ વધારે જોવા મળે, તો ઈમામેક્ટિન બેન્ઝોએટ ૫ ટકા એસજીનો ૧૦ લિટર પાણીમાં ૭ ગ્રામ ઉમેરીને છંટકાવ કરવાની સલાહ પણ આપી છે. સરકારે ખેડૂતોને પશુધનને બપોરે છાંયડામાં રાખવા, પીવા માટે ઠંડુ પાણી આપવા અને એમને દિવસમાં બેથી ત્રણ વાર ઠંડા પાણીથી સ્નાન કરાવવાની સલાહ આપી છે.

વધતા કોરોના કેસોને પગલે હવે દર સપ્તાહે ફેરિયાઓનું સ્ક્રિનિંગ કરાશે

અમદાવાદમાં કેસ ડબલિંગ રેટ ૧૨ દિવસ થયો જ્યારે એક્ટિવ કેસનો વૃદ્ધિ દર ૬%થી નીચે ગયો

માસ્ક ન પહેરનાર ફેરિયા પાસેથી ખરીદી ન કરવા છસ્ઝનું શહેરીજનોને આહ્વાન

ગાંધીનગર

આ બેઉ આંકડાઓની વચ્ચે રવિવારે અમદાવાદમાં ૨૩, સુરતમાં બે અને આણંદ, વડોદરા, ગાંધીનગરમાં એક-એક એમ કુલ ૨૮ દર્દીઓના અવસાન પણ થયા છે. આમ, ગુજરાતમાં કોરોના વાઈરસની મહામારીથી મૃત્યુ પામનારાઓની સંખ્યા ૨૯૦ થઈ છે. આ સાથે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનર વિજય નહેરાએ કોરોનાની સ્થિતિને લઈને પોતાના બુલેટિનમાં માહિતી આપી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર વિજય નેહરાએ જણાવ્યું કે, અમદાવાદમાં કેસ ડબલિંગ રેટ ૧૨ દિવસ થયો છે, જ્યારે એક્ટિવ કેસનો વૃદ્ધિ દર ૬ ટકાથી નીચે ગયો છે. કોરોનાનું વધુ સંક્રમણ અટકાવવા છસ્ઝએ આજે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. દર સપ્તાહે ફેરિયાઓનું સ્ક્રિનિંગ કરાશે. ફેરિયાઓને સ્ક્રિનિંગ કરી ૭ દિવસનું કાર્ડ અપાશે. ૭ દિવસ બાદ ફરીથી સ્ક્રિનિંગ કરાવવું પડશે. ફેરિયાએ માસ્ક ન પહેર્યું હોય તો ખરીદી ન કરવી તેવું શહેરીજનોને આહ્વાન કર્યું છે.

વિજય નેહરાએ વધુમાં જણાવ્યું હતું કે, અત્યાર સુધી ૨૨૨ સુપર સ્પ્રેડર્સ પોઝિટિવ આવ્યા છે. માસ્ક ન પહેરનારા પાસેથી રૂપિયા ૯ લાખનો દંડ વસૂલાયો છે. લૉકડાઉનનો ત્રીજો તબક્કો મહત્વનો હોવાનું નહેરાએ જણાવ્યું હતું. શીફા હોસ્પિટલને કોવિડ કેર સેન્ટરની મંજૂરી મળી છે. સુપર સ્પ્રેડર મામલે કરેલી કાર્યવાહી અંગે વાત કરીએ તો અત્યાર સુધીમાં ૧૧,૬૫૧ સુપર સ્પ્રેડરનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું છે અને ૨,૭૧૪ના સેમ્પલ લીધા હતા. જેમાંથી ૨૨૨ના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. આ સુપર સ્પ્રેડરને લઈ આપણે નિર્ણય કર્યો છે કે,ફેરિયાઓનું સ્ક્રિનિંગ કરી કાર્ડ આપવામાં આવશે અને કાર્ડ ન હોય તેને વેપાર કરવા દેવાશે નહીં. કેસ ડબલિંગ રેટ ૧૫ એપ્રિલ સુધી ૪ દિવસે કેસ ડબલ થતા હતા જે ૨૭-૨૮ એપ્રિલે ૮ દિવસે થવા લાગ્યા હતા. એક્ટિવ કેસનો વૃદ્ધિદર પણ ૧૦ ટકાથી ઘટીને ૮ ટકા થયો હતો અને હવે તે ૬ ટકા થયો છે, જ્યારે હવે કેસ ડબલિંગ રેટ ૧૨ દિવસનો થઈ ગયો છે.

આ વૃદ્ધિ દરને મેના અંત સુધીમાં ઘટાડીને ઝીરો ટકા સુધી લઈ જવો છે. એક સાથે કેસોમાં વધારો થઈ જાય તો આરોગ્ય તંત્ર પહોંચી ન શકે જેથી ઈન્ફેક્શન ઘટાડવું ખૂબ જરૂરી છે. ૧૮ એપ્રિલે ૨૫૦ કેસ સામે આવતા હતા, જો ૪ દિવસનો ડબલિંગ રેટ હોય તો રોજ ૨૦૦૦ અને ૮ દિવસ ડબલિંગ રેટ હોય તો રોજના ૧૦૦૦ કેસ આવે પરંતુ એટલા આવતા નથી. કમિશનર વિજય નેહરાએ જણાવ્યું કે, ખોડિયાર કન્ટેનર ડેપોમાં દવાનો જથ્થો સળગ્યો હતો. દવા સળગવાથી શહેરમાં રાત્રે ગંધ આવતી હતી. જેના પર બે ત્રણ દિવસમાં કાબૂ આવી જશે. આ તીવ્ર દુર્ગંધ બે દિવસ પહેલા વૈષ્ણોદેવી સર્કલ પાસે આવેલા ખોરજ ગામમાં કન્ટેનર ડેપોના કેમિકલના કન્ટેનરમાં લાગેલી આગ કારણે ફેલાઈ હોવાનું અનુમાન ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા લગાવવામાં આવ્યું હતું. આ અંગે GPCBએ ટ્વીટ કરી માહિતી આપી છે કે ખોરજ ICD ડેપોમાં લાગેલી આગના કારણે આ દુર્ગંધ ફેલાઈ છે. જે અંગે વધુ માહિતી એકત્ર કરવામાં આવી રહી છે.

ગાંધીનગરના ત્રણ અગ્રગણ્ય તબીબો સાથે ટેસ્ટીંગ, દર્દીઓ તથા સારવાર માટે કરાઈ ચર્ચા

ગાંધીનગર

રાજયના પાટનગરમાં કોરોના બેકાબુ થતા સિનિયર IAS અધિકારી રાજીવ ગુપ્તાને કમાન સોંપવામા આવી છે. ત્યારે ગાંધીનગરના ત્રણ અગ્રગણ્ય તબીબો – ડૉ. જયેશભાઈ શાહ, ડૉ.જીગ્નેશભાઈ રાજવીર તથા ડૉ. અસીમભાઈ શાહ ને વિશેષ આમંત્રિત તરીકે બેઠકમાં બોલાવી તેમની પાસેથી ટેસ્ટીંગ, દર્દીઓ તથા સારવાર અંગેના સૂચનો મેળવવામાં આવ્યા તેમજ ખાનગી હોસ્પીટલ તથા દવાખાના શરૂ કરવામાં નડતા અંતરાયો વિષે ચર્ચા કરવામાં આવી. ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબના નિર્ણય લેવામાં આવ્યા.

- લોકોને કોવિડ સિવાયના રોગોની સારવારમાં તકલિફ ના પડે તે માટે ખાનગી દવાખાનાઓ તાત્કાલિક અસરથી ચાલુ કરવાના રહેશે.

- ગાંધીનગરના ખાનગી તબીબોને ત્યાં સ્ટાફ તરીકે બહારથી અપ-ડાઉન કરતાં લોકોને અવર જવરમાં અગવડ ન પડે તે માટે આવા સ્ટાફને ડૉક્ટરના લેટરપેડ ઉપર તેમણે ફોટા સહિત પ્રમાણપત્ર આપવાનું રહેશે. આવા તમામ ખાનગી દવાખાનાઓના સ્ટાફના પ્રમાણપત્રો સંકલિત કરીને જિલ્લા પોલિસ વડાને રજૂ કરવાના રહેશે, જેઓ તેમને પ્રવેશ માટે વ્યવસ્થા ગોઠવશે.

પોલિસ સ્ટાફ ચેક પોસ્ટ ઉપરથી જ જે તે ખાનગી ડૉક્ટરને ફોન કરીને ખાત્રી પણ કરી શકશે.

- ખાનગી ડોક્ટર દ્વારા તેમની પાસે આવતા દર્દીઓને કોરોના ટેસ્ટ કરાવવાની જરૂર જણાય ત્યારે ૧ થી ૨ કલાકમાં આવો ટેસ્ટ વિના અડચણ થઈ શકે તે માટે કલેકટર તથા મ્યુનિસિપલ કમિશ્નર દ્વારા સાંજે ૫ વાગ્યા સુધીના સમય માટે તથા ત્યારબાદના સમય માટે એમ બે વ્યવસ્થા ગોઠવી સંબંધિત આરોગ્ય અધિકારીઓના નામ તથા ફોન નંબર ખાનગી તબીબોને ઉપલબ્ધ કરાવવાના રહેશે.

- ખાનગી તબીબોને દવાખાના ખુલ્લા રાખવાથી કોરોના સંક્રમણનો ભય રહે તે સ્વાભાવિક છે. જો આવી પ્રેક્ટિસ કરતાં ખાનગી તબીબને કોરોના સંક્રમણ થાય તો તેમને VIP ગણીને સારવાર આપવાની રહેશે.

- ખાનગી તબીબો તેમના દર્દીઓ સાથેના સતત સંપર્ક દરમ્યાન કોઇ પણ અગત્યની બાબત ધ્યાને આવે તો અથવા કોઇ સૂચન હોય તો કલેક્ટર તથા મ્યુનિસિપલ કમિશ્નરને જણાવી શકશે.

કોરોનાના વધતા કેસોને લઈ ગાંધીનગરમાં લેવાયો મહત્વનો નિર્ણય

ગાંધીનગરના પોઝિટીવ કેસોવાળા વિસ્તારોમાં કરાશે દરરોજ ૨૦૦ ટેસ્ટ

ગાંધીનગર

રવિવારની સાંજે અત્યાર સુધીના ૨૪ કલાકમાં સૌથી વધુ ૩૭૪ ચેપગ્રસ્ત મળ્યાનું જાહેર થતા ગુજરાતમાં કોવિડ-૧૯ના કુલ કેસોની સંખ્યા ૫,૪૨૮એ પહોંચી છે. જેમ ચેપગ્રસ્તો મળી રહ્યા છે એમ એક જ દિવસમાં અત્યાર સુધીમાં સૌથી વધુ ૧૪૬ દર્દીઓ સારવાર લઈને સાજા થઈને ઘરે જતા ગુજરાતમાં કુલ ડિસ્ચાર્જ કેસોની સંખ્યા પણ વધીને ૧૦૪૨ થઈ છે. આ બેઉ આંકડાઓની વચ્ચે રવિવારે અમદાવાદમાં ૨૩, સુરતમાં બે અને આણંદ, વડોદરા, ગાંધીનગરમાં એક-એક એમ કુલ ૨૮ દર્દીઓના અવસાન પણ થયા છે. આમ, ગુજરાતમાં કોરોના વાઈરસની મહામારીથી મૃત્યુ પામનારાઓની સંખ્યા ૨૯૦ થઈ છે. આજે પણ ગુજરાતના અલગ અલગ વિસ્તારોમાં કોરોના પોઝિટીવના કેસ વધ્યા હતા. ગાંધીનગરમાં કોરોનાના વધતા કેસને લઈ આજે એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. કોરોનાના વધતા કેસને લઈ પોઝિટિવ કેસવાળા વિસ્તારમાં વધુ ટેસ્ટ કરાશે. કોરોનાના દૈનિક ૨૦૦ ટેસ્ટનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. જેના માટે ગાંધીનગર માટે નવી ૧૦૦૦ કિટની માગણી કરવામાં આવી છે. ગાંધીનગરમાં જ્યાં પોઝીટીવ કેસ છે એવા સેક્ટરમા વધુ ટેસ્ટ કરાશે. ગઈકાલે ૧૭૩ સેંપલ શહેરમાંથી લેવાયા હતા, જ્યારે ગ્રામ્યમાં ૭૩ સેંપલ લેવાયા છે. રોજના ૨૦૦ ટેસ્ટ કરવાનો લક્ષ્યાંક હોવાનો નિર્ણય કરાયો છે.

અમદાવાદની વિચિત્ર પ્રેમ કહાની

છૂટાછેડા બાદ અન્ય જોડે પ્રેમ બાદમાં પ્રેગ્નન્ટ થતા પ્રેમીએ પણ મહિલાને છોડી

અમદાવાદ

શહેરના ઘાટલોડિયા વિસ્તારમાં એક મહિલાએ તેના પ્રેમી સામે ફરિયાદ નોંધાવી છે. લગ્ન બાદ છૂટાછેડા લઈને મહિલા એક યુવકના સંપર્કમાં આવી હતી અને બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો. બાદમાં પ્રેમીએ પ્રેમિકા સાથે જબરદસ્તીથી શારીરિક સંબંધો બાંધ્યા હતા. બાદમાં મહિલા ગર્ભવતી થઈ હતી. પ્રેમીને આ વાતની જાણ કરતા તેણે નફ્ફટાઈ ભર્યું વર્તન કરીને મહિલા પર આક્ષેપ કર્યો કે તેના અનેક પુરુષો સાથે સબંધ હોઈ શકે છે. જેથી આ બાળક તેનું નથી. આખરે પોલીસે આ મામલે ફરિયાદ નોંધી દગાખોર પ્રેમીની ધરપકડ કરી છે.

મેમનગરમાં રહેતી ૩૩ વર્ષીય મહિલા હાલ તેની માતા સાથે રહે છે. વર્ષ ૨૦૧૨માં મણીનગર ખાતે એક યુવક સાથે તેના લગ્ન થયા હતા. પણ મનમેળ ન રહેતા બે વર્ષ પહેલા તેણીએ છૂટાછેડા લીધા હતા. ૧૦ વર્ષ પહેલા જયદીપ બુદ્ધિસાગર બારોટ સાથે તેની મુલાકાત થઈ હતી. બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો પરંતુ યુવતીના લગ્ન થઈ જતા તેણે જયદીપ સાથે સબંધ પર પૂર્ણવિરામ મૂકી દીધુ હતું.

જયદીપ પણ પરિણીત હતો અને તેને પણ બાળકો હતા. પ્રેમિકાના લગ્ન થઈ ગયા બાદ પણ તેણે તેની સાથે વાતો ચાલી રાખી હતી. આખરે યુવતીએ તેના પતિને છૂટાછેડા આપી દીધા હતા. બાદમાં વર્ષ ૨૦૨૦માં જાન્યુઆરી માસમાં જયદીપ રાત્રે યુવતીના પિયર જતો હતો. યુવતી મનાઈ કરે તેમ છતાં તે શારીરિક સંબંધ બાંધતો હતો, આવું તેણે અનેકવાર કર્યું હતું. બીજી તરફ બે ત્રણ માસથી યુવતીને માસિક ન આવતા તેણે ચેકઅપ કરાવ્યું હતું. જેમાં તે ગર્ભવતી હોવાનું માલુમ પડ્યું હતું. યુવતીએ જયદીપને આ અંગે વાત કરતા તેણે કહ્યું હતું કે, "આ બાળક તેનું ન હોઈ શકે. તારે અનેક લોકો સાથે સબંધ હશે. જેથી બીજા કોઈનું બાળક હોઈ શકે છે." આ વાત કહેતા જ યુવતીને મનમાં લાગી આવ્યું હતું. યુવતી આઘાતમાં આવી જતા તે વસ્ત્રાપુર લેક જતી રહી હતી. ત્યાં વસ્ત્રાપુરની શી ટીમ આ મહિલાને જોઈ જતા તેનું કાઉન્સેલિંગ કર્યું હતું. બાદમાં ઘાટલોડિયા પોલીસનો સંપર્ક કરાવી આપતા યુવતીએ આ અંગે જયદીપ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીની ધરપકડ કરી બંનેના મેડિકલ ટેસ્ટ કરાવવાની તજવીજ હાથ ધરી છે.

અમદાવાદ બોપલના વધુ ૪ કોરોના કેસ નોંધાતા તંત્રમાં દોડધામ

ઈ સ્ટાર બજાર અને હોસ્પિટલમાં કામ કરતા વ્યક્તિને કોરોના પોઝિટિવ

અમદાવાદ

કોરોના વાઈરસના કેપિટલ અમદાવાદ શહેરને અડીને આવેલા અને જિલ્લામાં ગણાતા બોપલ વિસ્તારમાં દરરોજ પોઝિટિવ કેસ વધી રહ્યા છે. મોડી રાતે બોપલમાં ૪ પોઝિટિવ કેસ સામે આવ્યા છે. બોપલ સરકારી ટ્યુબવેલ પાસે આવેલ ઈ સ્ટાર બજાર અને સંગીતા હોસ્પિટલમાં કામ કરતા વ્યક્તિને કોરોના પોઝિટિવ આવ્યો છે. જ્યારે મોરલ અને પ્રતીક્ષા એપાર્ટમેન્ટમાં પણ એક એક વ્યક્તિનો કોરોના પોઝિટિવ આવ્યો છે.

સ્ટાર બજારમાં કામ કરતા કર્મચારીને કોરોના પોઝિટિવ આવતા સ્ટાર બજારને ૧૪ દિવસ માટે બંધ કરી દેવામાં આવ્યું છે. તમામ સ્ટાફ અને ગત અઠવાડિયામાં સ્ટાર બજારમાં આવનાર ગ્રાહકોનો કોરોનાનો ટેસ્ટ કરાવવામાં આવશે. ઉપરાંત રાતે સંગીતા હોસ્પિટલમાં પણ નોકરી કરતો હોવાથી હોસ્પિટલમાં પણ લોકોના સંપર્કમાં આવ્યો હોવાથી તેઓનો પણ કોરોના ટેસ્ટ કરવામાં આવશે. સ્ટાર બજાર અને તેની આસપાસના વિસ્તારમાં સેનિટાઈઝની પ્રક્રિયા કરવામાં આવશે. ધોળકામાં ૩, બોપલમાં ૪ અને ઈન્દીરાનગરમાં ૧ મળી કુલ ૮ કેસ નોંધાતા જિલ્લામાં પોઝિટિવ કેસનો આંકડો ૫૪ પર પોહચ્યો છે. અમદાવાદ જિલ્લામાં કેસોની સંખ્યામાં અચાનક જ વધતાં તંત્રમાં ચિંતા વધી છે.

આરોગ્યમંત્રીની જાણ બહાર તેમના "હિટલિસ્ટ" વાળા ડોક્ટરને નિમણૂંક અપાતા વિવાદ...!

• ભ્રષ્ટાચારના કથિત આરોપિત ડોક્ટરને સરકારે ફરીથી ગાંધીનગર સીવીલના આરએમઓ બનાવતા વિવાદ

• નીતિન પટેલે આરોપિત ડોક્ટરની બદલી કરીને કહ્યું હતું કે હવે ગાંધીનગરને ભૂલી જજો....અને એ જ ડોકટર કોલર ઉંચા કરીને ગાંધીનગર પાછા આવ્યાં...

ગાંધીનગર

ગુજરાતમાં કોરોના રોગચાળાના કેસો ૫ હજારને પાર કરી ગયા છે. આરોગ્ય વિભાગ દ્વારા કોરોના સામેની લડાઈની માહિતી એટલે કે કામગીરીની જાણકારી આરોગ્ય મંત્રી નિતિન પટેલને બદલે આરોગ્ય સચિવ જયંતિ રવિ દ્વારા આપવામાં આવી રહી છે. જાણે કે સરકારને નીતિન પટેલ પર વિશ્વાસ ન હોય કે પછી પટેલને મિડિયા બ્રિફિંગમમાં રસ ના હોય તેવું ચિત્ર ઉપસી રહ્યાંની વચ્ચે નીતિન પટેલે આરોગ્ય મંત્રી તરીકે જે સરકારી ડોક્ટરને ગાંધીનગરની બહાર મોકલીને, હવે ફરીને ગાંધીનગર આવતા નહીં...ગાંધીનગરને ભૂલી જજો...એમ કહ્યું તે ડોક્ટરને ગાંધીનગર સીવીસ હોસ્પિટલના આરએમઓ તરીકેનો ચાર્જ સોંપવામાં આવ્યો છે અને તેના કારણે વિવાદ એ છે કે આ ઓર્ડરની જાણ ખુદ આરોગ્યમંત્રી નીતિન પટેલને પણ નથી....!

આ અંગે સૂત્રોએ કહ્યું કે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ૩ મહિના પહેલાં ડોક્ટર રાજેન્દ્ર ચૌહાણ આરએમઓ તરીકે નિવૃત્ત થતાં જગ્યા ખાલી પડી હતી. જેમાં ડોક્ટર સુધાબેનને ખુરશી સોંપવામાં આવી હતી. પરંતુ હવે આ ત્રણ જ મહિનામાં તેમની પાસેથી ખુરશી ખેંચી લેવામાં આવી રહી છે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રેસિડેન્ટ મેડિકલ ઓફિસર તરીકે ડોક્ટર દેવાંગ શાહને ઓર્ડર આપવામાં આવ્યો છે ત્યારે સિવિલ હોસ્પિટલનું રાજકારણ ગરમાયું છે.

ડોક્ટર દેવાંગ શાહ સહિત અન્ય બે તબીબો દ્વારા વર્ષ ૨૦૦૧માં ભ્રષ્ટાચારનો આરોપ લાગ્યો હતો. જેમાં શિક્ષા સ્વરૂપે સુરેન્દ્રનગર જિલ્લા પંચાયતમાં બદલી કરી દેવામાં આવી હતી. જેની સાથે અન્ય બે તબીબની પણ સંડોવણી હતી તેમને પણ શિક્ષા કરવામાં આવી હતી ત્યારબાદ ખાતાકીય તપાસ ચાલી રહી હતી પરંતુ તે કેટલે પહોંચી છે હવે કહેવું મુશ્કેલ છે તે સમયે રાજ્યના આરોગ્ય પ્રધાન નીતિન પટેલ હતા. ત્યારે તેમણે કહ્યું હતું કે, હવે કોઈ દિવસ ગાંધીનગરમાં નોકરી ભૂલી જવાની. ત્યારબાદ થોડાક સમય માટે આરોગ્ય પ્રધાન તરીકે શંકર ચૌધરી આવ્યાં હતાં અને તેમની પાસે સ્વતંત્ર હવાલો હતો તે સમયે ડોક્ટર શાહે ગાંધીનગરમાં પ્રવેશ કરી લીધો હતો.

ભૂતકાળમાં જ્યારે મારુતિ ૮૦૦ ખરીદનારને તવંગર ગણવામાં આવતો હતો સામાન્ય વ્યક્તિ માટે તો મારુતિ ૮૦૦ સ્વપ્ન જ પૂરતી હતી. તેવા સમયે ડોક્ટર સહિત અન્ય બે તબીબ એક જ દિવસે મારૂતિ એસ્ટીમ મોડેલની કાર ખરીદી હતી. આ મામલો પણ તે સમયે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને તબીબોમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો હતો. ગાંધીનગર સિવિલ વર્તમાન સુપ્રિટેન્ડેન્ટ નિયતિ લાખાણી ડોક્ટર દેવાંગ શાહ ક્લાસમેટ હોવાના કારણે તેમની પસંદગી કરવામાં આવી હોય તેવું પણ સૂત્રો દ્વારા જાણવા મળી રહ્યું છે. ભૂતકાળમાં પણ જ્યારે સિવિલ હોસ્પિટલમાં આરએમઓની જગ્યા ખાલી પડી હતી, તે સમયે ડોક્ટર લાખાણી દ્વારા તેમને સપોર્ટ કરવામાં આવ્યો હતો, તેમની ઉપર પસંદગીનો કળશ ઢોળાતાં હતાં. પરંતુ રાજ્યના વર્તમાન નાયબ મુખ્યપ્રધાન નીતિન પટેલે અને દંડ કર્યો હોવાની વાતને લઈને સુપ્રિટેન્ડેન્ટના પગ ઢીલાં પડી ગયાં હતાં વર્તમાન આર.એમ.ઓ ડોક્ટર સુધાબેન હવે મેદાનમાં આવી ગયાં છે તેમ સૂત્રો દ્વારા જાણવા મળી રહ્યું છે. સુધાબેન પણ કહી રહ્યાં છે કે, જો મને આર.એમ.ઓ તરીકે કામગીરી સોંપવી ન હતી, તો ૩ મહિનાં પહેલાં કેમ બેસાડવામાં આવ્યાં જેને લઈને તેમના દ્વારા પણ આરોગ્ય કમિશનર કચેરીમાં રજૂઆત કરવામાં આવી હોય તેવું જાણવા મળી રહ્યું છે.

ભાવનગરમાં કોરોના વધુ ૧૭ કેસો સામે આવતા તંત્રમાં ખળભળાટ, કુલ કેસો ૭૩ થયા

ભાવનગર

આજે ભાવનગરથી કોરોના વાયરસને લઈ મોટા સમાચાર મળી રહ્યા છે. ભાવનગરમાં જાણે કોરોનાના નવા કેસોનો રાફડો ફાટ્યો છે. શહેરના અલગ અલગ વિસ્તારોમાંથી કોરોનાના નવા ૧૭ પોઝિટિવ કેસ સામે આવ્યાં છે. આ સાથે જ ભાવનગરમાં કોરોનાના કેસનો આંકડો ૭૩ પર પહોંચી ગયો છે. ભાવનગર હાલ રેડ ઝોનમાં છે. ગુજરાતના ૫ મહાનગરોમાં ખાનગી ઓફિસો ખોલવાની કેન્દ્ર સરકારની ગાઈડ લાઈન પણ લાગુ થઈ શકશે નહીં. ભાવનગરના ગંગાજળિયા પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલને કોરોના પોઝિટીવ આવ્યો છે. એક જ દિવસમાં ૧૭ કેસ નોંધાતા હડકંપ મચી જવા પામ્યો છે. ભાવનગરના પખાલીવાડ, સંઘેડિયા કન્ટેનમેન્ટમાં ૧૦ કેસ નોંધાયા છે. અત્યાર સુધી ભાવનગરમાં ૭૩ કેસ નોંધાયા છે.

આ સિવાય ગોધરામાં કોરોનાના વધુ ૫ કેસ આજે સામે આવ્યા છે. ગોધરાના સાતપુલ, કાછીયાવાડ, ગોન્દ્રામાં કોરોના વાયરસના પોઝિટીવ કેસ સામે આવ્યા છે. ધંતિયા પ્લોટ વિસ્તારમાં કોરોનાનો કેસ નોંધાયો છે. અત્યાર સુધી પંચમહાલમાં ૪૮ કેસ નોંધાઈ ચૂક્યા છે.

પંચમહાલના ગોધરા શહેરમાં સાતપુલ, કાછીયાવાડ, ગોન્દ્રા અને ધંતિયા પ્લોટ વિસ્તારમાંથી કોરોના પોઝીટીવ કેસ મળી આવ્યા છે. તમામને ગોધરા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા છે. પંચમહાલ જિલ્લામાં કુલ કોરોના પોઝીટીવ કેસ ૪૮ થયા છે. આ સાથે જ ગોધરામાંથી ૪૫ અને હાલોલમાંથી ૩ કેસ પોઝીટીવ નોંધાયા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૩૩ ટકા સ્ટાફ સાથે ઓફિસ ખોલવાની કેન્દ્ર સરકારની ગાઈડલાઈન ગુજરાતના ૫ મહાનગરો અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા અને ભાવનગરમાં લાગુ થવાની નથી. સમગ્ર ગુજરાતમાં કોરોનાની સ્થિતિ પર વાત કરીએ તો ગઈ કાલે સાંજે આરોગ્ય વિભાગના અગ્ર સચિવ જયંતી રવિએ કોરોનાની આપેલી માહિતી મુજબ રાજ્યમાં ૩૭૪ નવા કેસ સાથે હાલ ૫૪૨૮ પોઝિટિવ કેસ છે. ૨૯૦ લોકોએ જીવ ગુમાવ્યાં છે અને ૧૦૪૨ લોકોએ કોરોનાને માત આપવામાં સફળતા મેળવી છે.

જામનગરનો ગ્રીન ઝોનમાં સમાવેશ થતા ઉદ્યોગોને લીલીઝંડી

જામનગર

આખરે જામનગર જિલ્લાનો ગ્રીન ઝોનમાં સમાવેશ થતા આજથી મોટા ભાગના ધંધા વ્યવસાય ધમધમતા થશે. જિલ્લા કલેક્ટરે જાહેરનામું બહાર પાડીને દુકાનો અને ઓફિસો ખોલવાની મંજૂરી આપી છે. સવારના ૭ વાગ્યાથી લઈને સાંજના ૭ વાગ્યા સુધી જામનગરમાં દુકાનો ખોલી શકાશે. અગાઉ જામનગર જિલ્લાનો ઓરેન્જ ઝોનમાં સમાવેશ કરાયેલો હતો. પરંતુ હવે ગ્રીન ઝોનમાં સમાવેશ થતા લોકડાઉન ૩.૦માં લોકોને વધુ રાહત મળી છે. જીવન જરૂરિયાતના વેપારને સવારે ૭થી સાંજના ૭ વાગ્યા સુધી ચાલુ રાખવાની મંજૂરી મળી છે.

અન્ય દુકાનો અને ઓફિસો પણ સવારે ૧૦થી સાંજના ૭ વાગ્યા સુધી ખુલ્લી રાખવામાં આવશે. જો કે સાંજના ૭ વાગ્યાથી લઈને સવારના ૭ વાગ્યા સુધી બિનજરૂરી અવરજવર પર રોક લગાવવામાં આવી છે. બસ અને રિક્ષાઓ ૫૦ ટકાની ક્ષમતા સાથે ચાલુ રહેશે. ચાની કીટલીઓ અને પાનના ગલ્લા જો કે બંધ રહેશે. ઠંડા પીણાં, મીઠાઈ ફરસાણ અને ફાસ્ટફુડની દુકાનો પણ બંધ રહેશે. જામનગરનો ગ્રીન ઝોનમાં સમાવેશ થતા ઉદ્યોગોને લીલીઝંડી મળી ગઈ છે.

જામનગરમાં ૫ હજારથી પણ વધુ લઘુ અને મધ્યમ ઉદ્યોગો છે. જામનગર લઘુ અને મધ્યમ ઉદ્યોગોમાં એશિયાનું હબ ગણાય છે. ૩૫ હજારથી પણ વધુ પરપ્રાંતી મજૂરોને આ ઉદ્યોગો શરૂ થતા રોજી રોટી મળશે. ઉદ્યોગો શરૂ થતા પરપ્રાંતીય મજૂરોનું સ્થળાંતર અટકે તેવી શક્યતા છે. ગુજરાતમાં માત્ર બેજ મહાનગરોમાં ઉદ્યોગો શરૂ થશે. જેમાં એક જામનગર અને બીજુ જૂનાગઢ છે.

USમાં MS યુનિ.ના પૂર્વ પ્રોફેસરનું કોરોનાથી મોત, પુત્ર-પુત્રવધૂ પણ સંક્રમિત

વડોદરા

અમેરિકામાં વૈશ્વિક બિમારી કોરોનાએ ભારે ખુમારી મચાવી છે. અમેરિકામાં કોરોનાની ઝપેટમાં અનેક ભારતીયો અને ગુજરાતીઓ સપડાયા છે અને ઘણા મોટા લોકોએ આ બિમારી સામે નતમસ્તક બનીને પોતાનો જીવ ગુમાવ્યો છે. ત્યારે આજે વડોદરાની એમએસ યુનિવર્સિટીમાંથી એક મહત્વપૂર્ણ સમાચાર મળી રહ્યા છે. વડોદરાની જાણીતી એમ.એસ. યુનિવર્સિટીના પૂર્વ અધ્યાપકનું કોરોનાથી અમેરિકામાં મોત થયું હોવાના સમાચાર મળી રહ્યા છે.

અમેરિકામાં પણ કોરોનાએ ભારે હાહાકાર મચાવ્યો છે, તેમજ કોરોનાથી અમેરિકામાં હજારોના મોત થયા છે. જેમાં અનેક એનઆરઆઈ અને એનઆરજીનો પણ સમાવેશ થાય છે. ત્યારે વડોદરાના વતની અને એમ.એસ. યુનિવર્સિટીના પૂર્વ અધ્યાપક શરદભાઈ પટેલનું કોરોનાથી મોત થયું હોવાના સામાચાર સામે આવ્યા છે. એટલું જ નહીં, તેમનો દીકરો અને પુત્રવધૂ પણ કોરોનાની ઝપેટમાં આવી ગયા છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, અમેરિકાના ન્યુજર્સીમાં રહેતા ૮૦ વર્ષીય શરદ પટેલને કોરોના રિપોર્ટ પોઝિટીવ આવ્યો હતો. અને ૩૦ દિવસ સુધી વેન્ટિલેટર પર રહ્યા બાદ તેમને કોરોના સામે જંગ હારી ગયા હતા. બીજા મહત્વપૂર્ણ સમાચાર એવા મળી રહ્યા છે કે, મૃતક શરદભાઈના પુત્ર અને પુત્રવધૂને પણ કોરોના વાયરસનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રવિવારની સાંજે અત્યાર સુધીના ૨૪ કલાકમાં સૌથી વધુ ૩૭૪ ચેપગ્રસ્ત મળ્યાનું જાહેર થતા ગુજરાતમાં કોવિડ-૧૯ના કુલ કેસોની સંખ્યા ૫,૪૨૮એ પહોંચી છે. જેમ ચેપગ્રસ્તો મળી રહ્યા છે એમ એક જ દિવસમાં અત્યાર સુધીમાં સૌથી વધુ ૧૪૬ દર્દીઓ સારવાર લઈને સાજા થઈને ઘરે જતા ગુજરાતમાં કુલ ડિસ્ચાર્જ કેસોની સંખ્યા પણ વધીને ૧૦૪૨ થઈ છે.

મહીસાગરમાં એકસાથે ૧૦ નવા કોરોના પોઝિટિવ કેસ નોંધાતા તંત્રમાં ફફડાટ

મહીસાગર

મહીસાગરમાં એકસાથે ૧૦ નવા કોરોના પોઝિટિવ કેસ નોંધાતા ફફડાટ ફેલાયો છે. કડાણામાં ૪, વીરપુરમાં ૩ કેસ નોંધાયા હતા. જ્યારે લીંબોદરા અને દોલતપુરામાં ૧-૧ કેસ નોંધાયો હતો. ખાનપુરમાં ૧ કેસ નોંધાયો હતો. જે રીતે કેસ વધી રહ્યા છે તે જોતા ઓરેન્જ ઝોનમાં આવેલા મહીસાગર જિલ્લાને રેડ ઝોનમાં આવતા વાર નહિ લાગે તેવું લાગી રહ્યું છે. લુણાવાડા તાલુકાના લીંબોદરા ગામના ૪૦ વર્ષનાં પુરુષને અને મલેકપુર ગામના ૨૯ વર્ષના પુરુષને એ મળીને કુલ લુણાવાડા તાલુકામાં ૨, સંતરામપુર તાલુકામાં મોવાસા ગામના ૨૩ વર્ષની મહિલા, ખાનપુર તાલુકાના નરોડા ગામે ૫૩ વર્ષીય પુરુષ, વિરપુર તાલુકાના વીરપુરમાં ૩૦ વર્ષીય અને ૪૪ વર્ષીય પુરુષ તથા વીરપુર તાલુકાના બારોડા ગામના ૨૭ વર્ષીય યુવકનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.

તો કડાણા તાલુકામાં વડઝાપા ગામના ૩૫ વર્ષીય પુરુષ, ૩૧ વર્ષીય અને ૪૮ વર્ષીય પુરુષનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આમ મહીસાગર જિલ્લામાં ગઈકાલના ૨૩ અને આજે બીજા ૧૦ કેસ ઉમેરાતા કુલ આકડો ૩૩ થવા પામ્યો છે. જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા કોરોના પોઝિટિવ કેસના સંપર્કમાં આવેલા લોકોને ક્વોરેન્ટાઈન કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

કોરોનાના વધતા કેસોના પગલે અમદવાદ જિલ્લા કલેક્ટરનો મહત્વનો નિર્ણય

અમદાવાદ ગ્રામ્યમાં ૨૫૧૧ મકાનના ૯૨૮૪ લોકો કન્ટેઈન્મેન્ટ ઝોનમાં

અમદાવાદ

અમદવાદ જિલ્લા કલેક્ટરે મહત્વનો નિર્ણય લીધો છે. કોવિડ ૧૯ ને અટકાવવા અમદાવાદ ગ્રામ્ય વિસ્તારના કોવિડ પોઝીટીવ વિસ્તારને કન્ટેઈન્મેન્ટ વિસ્તાર અને તેની આસપાસના વિસ્તારને બફર ઝોન જાહેર કર્યા છે. ૨૫૧૧ મકાનની ૯૨૮૪ વસ્તી ને કન્ટેઈન્મેન્ટ જાહેર કરાઈ છે. આ વિસ્તારમાં ૨૮ પોઝીટીવ કેસ મળી આવ્યાં છે. ૩૨૬૬ મકાનની ૧૧૮૮૩ વસતીને બફરઝોનમાં મુકાઈ. જેતલપુરના પ્રજાપતીવાસ અને દરબારવાસ કન્ટેઈન્મેન્ટ વિસ્તાર જાહેર કરાયા. આજ ગામના રાવળવાસ, ઉંડી ફળી, ઉમિયા ફળી રબારીવાસ સ્વામીનારાયણ મંદિર, ભાઈવાસ, ઠાકોર વાસ, નવી ફળી, રૂપાફળી, આઝાદફળી ગંગામાનો ઓરડો અને રામજી મંદિર બફર ઝોન જાહેર કરાયા છે. બોપલના પ્રશાંતીહોમ, સાગરીકા એપાર્ટમેન્ટ, ભગવતી કૃપા, મદનમોહન બંગલોઝ, આનંદ બંગલોઝ, શિવકૃપા, કમલેશ્વર, યશકૃપા, યશ રો હાઉસ શુગન મોરલ, કદમફ્લેટ, પરમધામ ફ્લેટ અને ઈસ્કોન ફ્લેટ કન્ટેઈન્મેન્ટ અને તેની આસપાસનો વિસ્તાર બફર ઝોન જાહેર કરાયા છે. બારેજાની હરીદર્શન સોસાયટી કન્ટેઈન્મેન્ટ અને હરી સોસાયટી અને હરીકૃપા સોસાયટી બફર ઝોન જાહેર કરાયા છે. ઓડની મેલડી માની ઓડી અને ભોઈ વાસ કન્ટેઈન્મેન્ટ તથા દરબાર વાસ અને વાલ્મીકી વાસ બફર ઝોન, વાંચ ગામનો ઓડ વાસ કન્ટેઈન્મેન્ટ અને રબારી પ્રજાપતી વાણીયા તથા તીરગર વાસ બફર ઝોન, કઠવાડાના ઔડાના મકાનનો ક્યુ બ્લોક કન્ટેઈન્મેન્ટ અને ઓ તથા પી બ્લોક બફરઝોન, હુડકોના એબીસી બ્લોક તથા ૨૩૧ અને ૨૮૨ કન્ટેઈન્મેન્ટ વિસ્તાર જાહેર કરાયા છે. જ્યારે એબીસી ૨૯૩ અને ૩૦૨ બફરઝોન જાહેર કરવામાં આવ્યાં છે.

ગત્રાડના ગોહિલ વાસ અને પ્રજાપતિ વાસ કન્ટેઈન્મેન્ટ વિસ્તાર તથા ખારવા મોટા ઘરો અને વણકર વાસ બફર ઝોન, ધોળકાનો મ્યુ ગોલવાડ કન્ટેઈન્મેન્ટ વિસ્તાર અને ગંજીયાવાડ તથા શાક માર્કેટ બફર ઝોન, કેરાલાની બી આર સ્ટીલ પ્રાઈવેટ લીમીટેડ કન્ટેઈન્મેન્ટ તથા કેરાલા નવું પરુ બફર ઝોન જાહેર કરાયા છે. ચાંગોદરની રાધે એસ્ટેટ કન્ટેઈન્ટમેન્ટ અને શંખેશ્વર એસ્ટેટ બફર ઝોન, માણકલોનો મતદાર વાસ કન્ટેઈન્મેન્ટ અને સેનવા વાસ બફર ઝોન જાહેર કરવામાં આવ્યાં છે.

વડનગર હોસ્પિટલમાં કોવિડ ૧૯માં અસુવિધાનું દર્દીએ વીડિઓ વાઈરલ કરી ખોલી પોલ

મહેસાણા

દેશ કોરોના વાઈરસની મહામારીમાં સપડાયો છે, ત્યારે ગુજરાત રાજ્ય કોરોના સંક્રમિત તરીકે દેશમાં બીજો નંબર મેળવી ચૂક્યું છે. છતાં આજે પણ રાજ્ય સરકાર અને આરોગ્ય વિભાગની લાલીયાવાળી 'જેશે થે'ની સ્થિતિમાં જોવા મળી રહી છે, ત્યારે આવો જોઈએ કે કોરોના પોઝિટિવ રિપોર્ટ આવનાર દર્દીઓને વડાપ્રધાન મોદીના વતન વડનગરની સરકારી મેડિકલ હોસ્પિટલમાં સારવાર માટે રાખવામાં આવ્યા છે પણ દર્દીઓ તંત્ર સામે આક્ષેપ કરતા સારવારના નામે મીંડુ અને સુવિધાઓનો પણ અહીં અભાવ હોવાનું જણાવી રહ્યા છે.

વડનગર સરકારી મેડિકલ હોસ્પિટલને કોવિડ ૧૯ માટે સ્પેશિયલ સેવા અપાતી હોસ્પિટલ જાહેર કરાઈ છે, પરંતુ અહીં તાજેતરમાં લાવવામાં આવેલા ૧૭ જેટલા કોરોના ઈફેકટેડ દર્દીઓ છેલ્લા ૨ દિવસથી આઈસોલેટ કરાયા છે, પરંતુ તેમને સારવારના નામે મીંડુ સાથે સુવિધાઓનો પણ અભાવ જોવા મળ્યો છે.દર્દીઓ માટે પાણી ખોરાકની અસુવિધા સાથે એક મહિલા દર્દીએ તો પોતાના નાના બાળક માટે દૂધ કે ખાવા પીવાની યોગ્ય વ્યવસ્થા ન હોવાનો ગંભીર આક્ષેપ કરી મહેસાણા જિલ્લા વહીવટી અને આરોગ્ય તંત્રની પોલ છતી કરી છે, ત્યાં સવાલ એ પણ છે કે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ સરકારમાં પોતે સતત દર્દીઓ અને હોસ્પિટલોની દેખરેખ પર ધ્યાન આપે છે તેવા દાવા કરે છે, ત્યારે શું મહેસાણા કલેક્ટર કે આરોગ્ય અધિકારીને દર્દીઓની આ સમસ્યાઓ ધ્યાને આવી નહિ હોય...?

ભાવનગરમાં કોરોનાને માત આપનાર પ્રથમ સાજા થયેલા દર્દીએ પ્લાઝમાં દાન કર્યું

ભાવનગર

ભાવનગરમાં કોરોનામાંથી સાજા થયેલા ૨૩ લોકો પૈકી પહેલી વ્યક્તિએ ૩ મેના રોજ રાત્રે ભાવનગર સર.ટી.હોસ્પિટલ ખાતેની બ્લડ બેંકમાં પ્લાઝમાનું દાન કર્યું હતું. કોરોના પોઝિટિવમાંથી નેગેટિવ બની મુક્ત થનાર સાજીદ પરસડાએ પ્લાઝમા સંશોધન કેન્દ્ર માટે પ્લાઝમાનું દાન કર્યું હતું. જેનો ઉપયોગૈઝર્ઝની ગાઈડલાઈન મુજબ પાત્રતા ધરાવતા કોરોના પોઝિટિવ દર્દીઓની સારવાર માટે કરવામાં આવશે.

કોરોના વાઇરસનો રામબાણ ઈલાજ હજુ શક્ય ન હોય ત્યારે દેશભરના આરોગ્ય વિભાગ દ્વારા હાલ પ્લાઝમા થેરાપી પર સંશોધન હાથ ધર્યું છે. ભાવનગર ખાતે તાજેતરમાં જેને આઈ.સી.એમ.આર દ્વારા મંજૂરી આપવામાં આવી છે એવા દેશના ૧૨માં અને રાજ્યના ત્રીજા પ્લાઝમા સંશોધન કેન્દ્ર માટે ભાવનગરના કોરોના પોઝિટિવ દર્દીમાંથી સાજા થઈ ચુકેલા સાજીદ હુસેનભાઈ પરસડાએ પ્લાઝમાનું દાન કર્યું હતું.

પ્લાઝમા ડોનેટ કરવા અંગે સાજીદભાઈ તત્પરતા દાખવતા તેના રિપોર્ટ કરવામાં આવ્યા હતા અને જેમાં તમામ રિપોર્ટ નોર્મલ આવતા સર.ટી.હોસ્પિટલની બ્લડ બેંકમાં તેનું પ્લાઝમા લેવામાં આવ્યું હતું. આ તકે ભાવનગર કલેકટર, કમિશનર, જિલ્લા વિકાસ અધિકારી, હોસ્પિટલ ડીન અને સુપ્રિન્ટેન્ડેન્ટ પણ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં આ પ્લાઝમાનો ઉપયોગ આઈ.સી.એમ.આરની ગાઈડલાઈન મુજબ કોરોના પોઝિટિવ કેસોમાં પાત્રતા ધરાવતા દર્દીની સારવાર માટે કરવામાં આવશે તેમ જણાવ્યું હતું .તેમજ આજે વધુ એક કોરોનામાંથી સાજા થનાર વ્યક્તિ પ્લાઝમા ડોનેટ કરશે તેમ જણાવ્યું હતું.

ખોરજ ICD ડેપોમાં લાગેલી આગમાં દવાનો જથ્થો સળગતા શહેરમાં દુર્ગંધ ફેલાઈ: AMC

વડોદરા

ગુજરાતમાં કોરોના વાઈરસની મહામારીથી મૃત્યુ પામનારાઓની સંખ્યા ૨૯૦ થઈ છે. આ સાથે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનર વિજય નહેરાએ કોરોનાની સ્થિતિને લઈને પોતાના બુલેટિનમાં માહિતી આપી હતી. અમદાવાદમાં રાત્રિના સમયે દુર્ગંધ આવવાના મુદ્દે આજે વિજય નહેરાએ ઘટસ્ફોટ કર્યો હતો. વિજય નહેરાએ જણાવ્યું હતું કે, ખોરજ આઈસીડી ડેપોમાં લાગેલી આગમાં દવાનો જથ્થો સળગતા શહેરમાં દુર્ગંધ ફેલાઈ હતી. ખોડિયાર પાસે કન્ટેનરમાં લાગેલી આગ જવાબદાર હોવાનું જણાવ્યું હતું. રાત્રે તાપમાન નીચું હોવાથી ગંધ આવે છે. આગામી બે દિવસમાં દુર્ગંધ બંધ થઈ જશે તેવું નેહરાએ જણાવ્યું હતું.

કમિશનર વિજય નેહરાએ જણાવ્યું કે, ખોડિયાર કન્ટેનર ડેપોમાં દવાનો જથ્થો સળગ્યો હતો. દવા સળગવાથી શહેરમાં રાત્રે ગંધ આવતી હતી. જેના પર બે ત્રણ દિવસમાં કાબૂ આવી જશે. આ તીવ્ર દુર્ગંધ બે દિવસ પહેલા વૈષ્ણોદેવી સર્કલ પાસે આવેલા ખોરજ ગામમાં કન્ટેનર ડેપોના કેમિકલના કન્ટેનરમાં લાગેલી આગ કારણે ફેલાઈ હોવાનું અનુમાન ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા લગાવવામાં આવ્યું હતું. આ અંગે જીપીસીબીએ ટ્વીટ કરી માહિતી આપી છે કે ખોરજ આઈસીડી ડેપોમાં લાગેલી આગના કારણે આ દુર્ગંધ ફેલાઈ છે. જે અંગે વધુ માહિતી એકત્ર કરવામાં આવી રહી છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે, અમદાવાદના બોપલ, પાલડી, પ્રહલાદનગર, એસજી હાઈવે, વસ્ત્રાપુર,ગોતા સહિતના વિસ્તારમાં છેલ્લા બે દિવસથી રાતે જંતુનાશક દવા જેવી દુર્ગંધ ફેલાતા લોકોમાં ભયનો માહોલ ફેલાયો છે. આ અંગે એએમસી કમિશનર વિજય નેહરાએ જણાવ્યું છે. આ તીવ્ર દુર્ગંધ બે દિવસ પહેલા વૈષ્ણોદેવી સર્કલ પાસે આવેલા ખોરજ ગામમાં કન્ટેનર ડેપોના કેમિકલના કન્ટેનરમાં લાગેલી આગ કારણે ફેલાઈ હોવાનું અનુમાન ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા લગાવવામાં આવ્યું હતું. અંગે જીપીસીબીએ ટ્વીટ કરી માહિતી આપી છે કે ખોરજ આઈસીડી ડેપોમાં લાગેલી આગના કારણે આ દુર્ગંધ ફેલાઈ છે. જે અંગે વધુ માહિતી એકત્ર કરવામાં આવી રહી છે.

જામનગરમાં પિતાએ ઠપકો અપાતા પુત્રે કરી હત્યા, કરાઈ ધરપકડ

જામનગર

રાજ્યમાં કોરોના કહેર વચ્ચે ફરીથી ધીમેધીમે ગુનાઓનું પ્રમાણ સામે આવી રહ્યું છે. જામનગરમાં લોકડાઉનમાંથી મુક્તિ આપીને ફરીથી ત્યાં ઔધોગિકથી માંડીને નોકરી ધંધા ફરીથી શરૂ થયા છે. ત્યારે જામનગરમાં કામધંધો કરવાનું કહેતા પિતાનું ઢીમ ઢાળી દેનાર નરાધમ પુત્રને પોલીસે પકડી પાડી પોલીસ મથકમાં કોરેન્ટાઈનમાં રખાયો છે. પોલીસે આરોપીની રિમાન્ડની તજવીજ હાથ ધરી છે. પિતાની હત્યા કરી ફરાર થઈ ગયેલા પુત્રને હાપા યાર્ડ સામે આવેલી બાવળની ઝાડીમાંથી પોલીસે દબોચી લીધો હતો.

આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે, શહેરના ગુલાબનગર નજીક યોગેશ્વરનગર-૨ વિસ્તારમાં રહેતા દ્વારકાદાસ કાનદાસ ગોંડલિયા(ઉ.વ.૬૦) એ શુક્રવારે રાત્રીના દારૂના રવાડે ચડેલા પોતાના પુત્ર દિપક ઉર્ફે મુનિયાને કામધંધો કરવા બાબતે ઠપકો આપ્યો હતો. આથી ઉશ્કેરાયેલા પુત્ર દિપકે પિતાને છાતીના ભાગે છરીનો ઘા ઝીંકી પિતાનું ઢીમ ઢાળી દીધું હતું. બનાવ અંગે ખુદ માતાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી આથી પોલીસે પુત્ર સામે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

પિતાની હત્યા કરી પુત્ર ફરાર થઈ જતાં પોલીસે તેની શોધખોળ હાથ ધરી હતી. આ દરમ્યાન આરોપી પુત્ર દિપક હાપા યાર્ડ સામે બાવળની ઝાડીમાં છૂપાયો હોવાની બાતમી પોલીસને મળી હતી. આથી પોલીસે દરોડો પાડી દિપકની ધરપકડ કરી રિમાન્ડની તજવીજ હાથ ધરી છે. આરોપી દિપકને પોલીસ મથકમાં કોરેન્ટાઈનમાં રાખવામાં આવ્યો છે.

રાજુલાના કોવાયામાં સિંહોની કારચાલકે પજવણી કરી, કાંકચમાં ૫ સિંહો ખેતરમાં જોવા મળ્યા

અમરેલી

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના કોવાયા ગામનો સિંહની પજવણી કરતો ટીકટોક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે. વાઈરલ વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે સિંહ દર્શન કરવા કેટલાક શખ્સોએ કાર સિંહની પાછળ ચલાવી હતી. સિંહ પશુનો શિકાર કરતો હતો પરંતુ કેટલાક ટીખળોએ સિંહને શિકાર ન કરવા દઈને સિંહને ભગાડ્યા હતા. ત્યારે સિંહની પજવણીનો વીડિયો વાઈરલ થતાં વનવિભાગ સામે અનેક સવાલો ઉઠ્યા છે. બીજી તરફ કાંકચમાં એક ખેતરમાં ૫ સિંહો લટાર મારતા હોવાનો વીડિયો વાઈરલ થયો છે.

રેવન્યુ વિસ્તારમા ૫ જેટલા સિંહો લટાર મારતા જોવા મળ્યા હતા. લીલીયાના કાંકચ વિસ્તારમા સિંહો જોવા મળ્યા હતા. કાંકચ વિસ્તારનો વીડિયો હોવાનું સ્થાનિકોનું અનુમાન છે. એક સ્થાનિકે પોતાના મોબાઈલમાં વીડિયો કેદ કર્યો હતો. લોકડાઉનમા લોકો કામ સિવાય ઘરની બહાર નીકળી રહ્યા નથી. ત્યારે ગ્રામ્ય વિસ્તારો અને ખેતરોમાં સિંહોની ચહલપહલ વધી ગઈ છે.સિંહો પણ સોશિયલ ડિસ્ટન્સ રાખી ચાલતા હોવાની રમૂજ પણ સોશિયલ મીડિયામાં વહેતી થઈ છે.

અમદાવાદ માઈક્રો કન્ટેઈનમેન્ટ ખાડીયાની પોલીસ કમિશ્નરે લીધી મુલાકાત

અમદાવાદ

શહેરના ખાડીયા વિસ્તારમાં કોરોનાને અનેક કેસ હોવાથી ખાડીયાને માઈક્રો કન્ટેઈમનેટ જાહેર કરવામાં આવ્યું છે.આ કન્ટેઈમનેટ વિસ્તારમાં લોકડાઉનનું ચુસ્તપણે પાલન કરવામાં આવે તો જ કેસોમાં ઘટાડો થઈ શકે છે. તેથી કોઈ પણ જાતની છૂટછાટ પણ આ વિસ્તારમાં આપવામાં આવી નથી. આ તમામ વિસ્તારની મુલાકાત અમદાવાદ શહેર પોલીસ કમિશનર દ્વારા લેવામાં આવી રહી છે. અમદાવાદ શહેર પોલીસ કમિશનર આશિષ ભાટિયાએ એડીજીપી શમશેર સિંઘ, ડીસીપી સહિતના ઉચ્ચ અધિકારીઓ તથા કોર્પોરેશનના અધિકારીઓ સાથે મળીને સમગ્ર ખાડીયા વિસ્તારની મુલાકાત લીધી હતી અને વધતાં જતાં કેસોને કાઈ રીતે કાબૂમાં લઈ શકાય તે અંગે ચર્ચા કરવામાં આવી તથા લોક ડાઉનના પાલન અંગે પણ સમીક્ષા કરવામાં આવી હતી.

UKમાં શો કરવા ગયેલા વડોદરાના બે ગ્રુપો દોઢ માસથી લોકડાઉનમાં ફસાયા

વડોદરા

યુકેમાં શો કરવા ગયેલા શહેરના બે ગ્રુપના ૧૫ સભ્યો લોકડાઉનના કારણે ફસાઈ ગયા છે. ભારત પરત આવવા માટે પીએમઓમાં અરજી કરવામાં આવી છે. તેમને વતન લાવવા માટેની માગણી કરી છે. શહેરમાં રહેતા તેમના પરિવારજનો પણ યુકેની પરિસ્થિતિના પગલે ચિંતિત જોવા મળી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગત જાન્યુઆરી મહિનામાં શહેરમાંથી ચેરિટી શો કરવા માટે યુ.કે. મોમ્સ બેન્ડના કલાકારો ગયા હતા.

માર્ચ મહિનામાં બેન્ડના સભ્યો પાછા આવવાના હતા.જો કે લોકડાઉન ના પગલે ફ્લાઈટ બંધ થઈ જતા તેઓ પરત આવી શક્યા ન હતા. ભારતમાં અને યુકેમાં બંનેજગ્યાએલોકડાઉનની પરિસ્થિતિના પગલે બેન્ડના સભ્યો અટવાઈ ગયા છે. ઈન્ટરનેશનલ ટ્રાવેલ્સ અત્યારે મૂકવામાં આવ્યો હોવાથી વડોદરાથી ગયેલા બે બેન્ડના ૧૫થી વધારે સભ્યો ભારત પરત આવવાની રાહ જોઈને બેઠા છે ભારત સરકાર દ્વારા તને ભરત પોતાના વતન લાવવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

ગોધરામાં કોરોનાના વધુ ૫ કેસ નોંધાયા, પંચમહાલમાં કેસની સંખ્યા ૪૮ થઈ

ગોધરા

પંચમહાલ જિલ્લામાં કોરોના વાઈરસનો કહેર છેલ્લા કેટલાક દિવસથી વધી રહ્યો છે. જેને પગલે ગોધરાને રેડ ઝોન જાહેર કરાયેલુ છે. ગોધરામાં આજે કોરોના વાઈરસના વધુ ૫ પોઝિટિવ કેસ નોંધાયા છે. જેથી પંચમહાલ જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૪૮ પોઝિટિવ કેસો થયા છે.

ગોધરામાં રોજ ૭૦થી ૮૦ જેટલા સેમ્પલ લેવાય છે

ગોધરાને રેડ ઝોન જાહેર કરવામાં આવ્યો હોવાથી આવશ્યક સેવાઓ અને જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ સિવાયના દુકાનો-ઓફિસો-ઉદ્યોગો શરૂ કરવા પરના પ્રતિબંધ યથાવત રાખવામાં આવ્યો છે. સંક્રમણને આગળ વધતુ અટકાવવા ટ્રેસિંગ, ટ્રેકિંગ અને ટેસ્ટીંગ ઝડપી બનાવવા ઉપરાંત વધુ લોકોના સંપર્કમાં આવતા લોકો જેવા કે ફેરિયા, દુકાનદારો, આરોગ્યકર્મીઓ, પોલીસકર્મીઓનું મેડિકલ સ્ક્રિનિંગ કરી સેમ્પલ લઈ પરીક્ષણ કરવામાં આવ્યા છે. પંચમહાલ જિલ્લામાં પ્રતિદિન ૭૦થી ૮૦ સેમ્પલ લઇને પરીક્ષણ અર્થે મોકલાઈ રહ્યા છે. હાલની સ્થિતિમાં પંચમહાલ જિલ્લામાં ૫૧૬ વ્યક્તિઓ ક્વોરેન્ટાઈન હેઠળ છે. ગોધરામાં કોરોનાના આજના ૫ પોઝિટિવ દર્દીઓના નામ

(૧) વિભૂતિ રત્નેશ પટેલ (ઉ.૨૪), રહે, કાછીયાવાડ, ગોધરા (૨) વિજય રસિકલાલ પટેલ (ઉ.૫૨) રહે, કાછીયાવાડ, ગોધરા (૩) નમા મહેમુદ મોહમ્મદ (ઉ.૫૦), રહે, ગોન્દ્રા, ગોધરા (૪) ફૈઝલ યુનુસ યાકુબ (ઉ.૨૫) રહે, સાતપૂલ સોસાયટી, ગોધરા (૫) જદી સુફિયાન ગુલામ (ઉ.૨૬) ધન્તિયા પ્લોટ, ગોધરા

અન્ય ૧૧ યુવકોના કોરોના રિપોર્ટ નેગેટીવ આવતા હાશકારો

થરાદ

થરાદની મહારાષ્ટ્રમાં જમાતમાં ગયેલા બાર યુવકો પૈકી એકનું મૃત્યુ નિપજતાં અરેરાટી પ્રસરવા પામી હતી. જોકે ત્યાં શંકાના આધારે કરાવવામાં આવેલા મૃતક અને બાકીના તમામના રિપોર્ટ નેગેટીવ આવ્યા હતા. ૧ ફેબ્રુઆરીના રોજ થરાદના બાર યુવકો મહારાષ્ટ્ર જમાતમાં ગયા હતા. ૨૩ માર્ચના રોજ પરત ફરવાના હતા. પરંતુ એ જ દિવસે લોકડાઉન થવાના કારણે તેઓ ફસાઈ જતાં ત્યાં જ રોકાઈ ગયા હતા. જે પૈકીનો થરાદમાં રેડીયોની દુકાન ધરાવતો યુવક બિમાર પડ્યો હતો. તેને પીળીયો થવા પામ્યો હોવાનું જાણવા મળ્યું હતું.જો કે હોસ્પીટલો બંધ હોવાના કારણે તેને સમયસર સારવાર મળી શકી ન હતી. અને બિમારી વધતાં પિળીયામાંથી કમળો અને કમળી થવા પામી હતી. આથી કોરોનાની ગંભીરતાને પગલે શનિવારે મહારાષ્ટ્રની આકોલા હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં તેનો કોરોના સેંપલ લઈને રિપોર્ટ માટે મોકલાયો હતો. સારવાર દરમ્યાન જ તેનું મોત નિપજ્યું હતું. જો કે તેનો રિપોર્ટ નેગેટીવ આવ્યો હતો. તંત્ર દ્વારા સાથે રહેલા અન્ય અગિયાર યુવકોના કોરોના રિપોર્ટ કરાવાતાં તે પણ નેગેટીવ આવ્યા હતા. પરંતુ ત્રીજા તબક્કાના લોકડાઉનના કારણે મૃતકનો નશ્વરદેહ થરાદ લાવી ન શકાતાં મહારાષ્ટ્રના આલાવાડી મસ્જીદના કબ્રસ્તાનમાં દફનવિધી કરવામાં આવી હતી.

મધ્યપ્રદેશથી દાહોદ આવેલા એક જ પરિવારના પાંચ સભ્યોને કોરોના પોઝીટીવ

દાહોદ

દાહોદમાં મધ્યપ્રદેશના નિમચથી દાહોદ આવેલા પરિવારના પાંચ સભ્યો કોરોના પોઝિટિવ આવતા શહેર સહીત જિલ્લામાં ખળભળાટ મચાવી દીધો છે. આજરોજ વધુ એક સાથે આ પરિવારમાંથી પાંચ કેસ કોરોના પોઝિટિવ આવતા લોકોમાં રીતસરનો ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. દાહોદમાં કોરોનાના કુલ ૧૧ કેસો નોંધાવવા પામ્યા છે. જે પૈકી ત્રણ લોકો કોરોના મુક્ત થતાં ઘરે મોકલવામાં આવ્યા છે. ત્યારે હાલ કોરોનાગ્રસ્તો આઠ લોકો કોવીડ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આજથી ધંધા રોજગારમાં આંશિક છૂટછાટોની વચ્ચે એકસાથે કોરોનાના પાંચ કેસો આવતા લોકોની ચિંતા વધારી દીધી છે. દાહોદ જિલ્લા વહીવટી તંત્રના જણાવ્યા અનુસાર મધ્યપ્રદેશના નીમચ ગામેથી લગ્ન પ્રસંગમાં ગયેલા દાહોદના જુના વણકરવાસ કસ્બા વિસ્તારમાં રહેતા

આ પરિવાર ના સદસ્યો ૨૦મી માર્ચના રોજ મધ્યપ્રદેશના નિમચ ખાતે લગ્ન પ્રસંગમાં હાજરી આપવા ગયા હતા. કોરોનાવાયરસ ની મહામારી વચ્ચે સરકાર દ્વારા સમગ્ર દેશને લોકડાઉન કરી દેતા આ પરિવાર નીમચ ખાતે જ રોકાઈ ગયું હતું. ગત તારીખ ૨૯મી એપ્રિલના રોજ આ પરિવાર નીમચથી બસમાં સવાર થઈ જ મધ્યપ્રદેશના ઝાબુઆ ખાતે આવી પહોંચ્યા હતા. ત્યારબાદ તેઓ યેનકેન પ્રકારે દાહોદમાં પ્રવેશ્યા હતા. આ સમગ્ર ઘટનાની જાણ દાહોદ જિલ્લા આરોગ્ય તંત્ર તેમજ વહીવટી તંત્રને થતા તાબડતોડ આ પરિવારની શોધ સાથે મુલાકાતે પહોંચ્યા હતા. ઉપરોક્ત સમગ્ર હકીકત સામે આવ્યા બાદ દાહોદ આરોગ્યતંત્ર દ્વારા આ પરિવારના તમામ સભ્યોને ક્વોરેન્ટાઈનમાં મુકી દેવામાં આવ્યા હતા. તેઓના તમામ ના સેમ્પલ લઈને તપાસ માટે મોકલી આપવામાં આવ્યા હતા. પ્રથમ પરિવારના મુખ્ય વ્યક્તિનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. બાદ તેના નાના ભાઈ નો અને ત્યાર પછી આજરોજ આજ પરિવારના પાંચ સદસ્યોનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યાની સત્તાવાર જાહેરાત થઈ હતી.

ડીસામાં કોરોનાના કેસ આવતાં કન્ટેનમેન્ટ વિસ્તાર કરાયો જાહેર

ડીસા

લોકડાઉનના એકતાલીસમાં દિવસે ઉત્તર ગુજરાતના વેપારી મથક ડીસામાં કોરોનાના ત્રણ પોઝીટીવ કેસ સામે આવ્યા છે. કોરોના પોઝીટીવના પગલે વહીવટી તંત્ર હરકતમાં આવી ગયું છે અને ડીસાને કન્ટેન્ટમેન્ટ વિસ્તાર તરીકે જાહેર કરી દેવામાં આવ્યો છે. લોકડાઉનનો આજે એકતાલીસમો દિવસ છે અને એકતાલીસ દિવસ સુધી કોરોનાથી સુરક્ષિત રહેલા ડીસામાં આજે એક સાથે ત્રણ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા છે.

ડીસાની કોવિડ-૧૯ હોસ્પિટલમાંથી બીજી મેં ના લેવાયેલા દર્દીઓના સેમ્પલમાંથી ત્રણના સેમ્પલ કોરોના પોઝીટીવ આવતા ડીસામાં ગભરાટ ફેલાઈ ગયો છે. ડીસામાં આજે પ્રથમવાર જે દર્દીના પોઝીટીવ કેસ સામે આવ્યા છે તેમાં ડીસા શહેરના ઢેબર રોડની ૩૩ વર્ષીય નીતાબેન નરેશભાઈ દૈયા નામની મહિલા, આસેડા ગામની ૪૫ વર્ષીય જીવીબેન બાબુભાઇ વાઘેલા, ૫૦ વર્ષીય બાબુભાઈ ઉકાભાઈ વાઘેલા નામના આધેડનો સમાવેશ થાય છે.

આ ત્રણેય કોરોના પોઝીટીવ દર્દીઓને સ્થાનિક આરોગ્ય વિભાગ દ્વારા તાત્કાલિક પાલનપુર સ્થિત કોવિડ-૧૯ હોસ્પિટલ ખસેડીને આઈસોલેટ કરી દીધા છે. એક સાથે ડીસામાં ત્રણ કોરોના પોઝીટીવ કેસ સામે આવતા પોલીસ વિભાગ પણ હવે ખૂબ જ સતર્ક બની ગયું છે અને આજે બપોરના સમયે ડીસાને કન્ટેન્ટમેન્ટ વિસ્તાર જાહેર કરતા જાહેર રસ્તા પરથી પસાર થતા તમામ વાહનોનું ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. ડીસામાં અત્યારે ઢેબર રોડ અને આસેડા ગામને ક્લસ્ટર ઝોન તરીકે જાહેર કરી દેવામાં આવ્યા છે. જ્યારે જે વિસ્તારમાંથી પોઝીટીવ દર્દીઓ મળી આવ્યા છે તેના ત્રણ કિલોમીટરની ત્રિજ્યા ધરાવતા વિસ્તારને કન્ટેન્ટમેન્ટ વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવ્યો છે અને પોલીસ અત્યારે તેનું ચુસ્ત પાલન કરાવી રહી છે.

ગોંડલ અને ભાવનગરમાંથી બસો ભરી શ્રમિકોને પોતાના વતન રવાના કરાયા

રાજકોટ

ગોંડલ તાલુકામાં પ્રતિવર્ષ પેટિયું રળવા એમપી, યુપી જેવા પ્રદેશોથી શ્રમિકો બહોળા પ્રમાણમાં આવતા હોય છે. લોકડાઉનમાં ફસાયેલા અને પોતાના વતન જવા માંગતા શ્રમિકો માટે તંત્ર દ્વારા બે બસની વ્યવસ્થા કરી આપવામાં આવી હતી. ગોંડલ ગ્રામ્ય વિસ્તારમાં મજૂરી અર્થે આવેલા મધ્યપ્રદેશના મજૂરોને લોકડાઉન દરમિયાન પોતાના વતનમાં પરત જવાનું હોય, રાજેશકુમાર આલના માર્ગદર્શન તળે ભરતસિંહ ચુડાસમાએ બે બસ ભરીને આશરે ૭૫ મજુરોને મધ્યપ્રદેશ મોકલવા કલેક્ટર રાજકોટને દરખાસ્ત કરતા શનિવાર મોડીરાત્રે સરકારની ગાઈડલાઈન મુજબ વ્યવસ્થાના ભાગરૂપે કલેકટર રેમ્યા મોહન દ્વારા જિલ્લામાં સૌપ્રથમ મંજૂરી ગોંડલ તાલુકાને આપવામાં આવી હતી. સ્થળાંતર થનાર દરેક મજુરોનું મેડિકલ ચેકઅપ કરાવ રવાના કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ભાવનગરમાંથી પણ ત્રણ બસ ભરી શ્રમિકોને પોતાના વતન મધ્યપ્રદેશ મોકલવામાં આવ્યા છે. લોકડાઉનની વિકટ સ્થિતિમાં વિવિધ રાજ્યોમાંથી ગુજરાતના વિવિધ શહેરોમાં વસતા લોકોને તેમના રાજ્યમાં જવા અંગે સરકાર વ્યવસ્થા કરી રહી છે. ત્યારે ભાવનગર શહેરમાં વસવાટ કરતા મધ્યપ્રદેશના ૮૪ લોકો કે જે છેલ્લા ૪૦ દિવસથી પોતાના ઘરોમાં જ પૂરાઇ રહેવા મજબુર બન્યા હતા. તેમજ લોકડાઉન લંબાતા તેઓ પોતાના વતન જવાની માંગ કરી રહ્યા હતા. જેને લઈને આજે ભાવનગર મામલતદારની મંજૂરી બાદ ત્રણ બસમાં ૮૪ લોકોને મધ્યપ્રદેશ રવાના કરવામાં આવ્યા હતા. ભાજપના પ્રદેશ પ્રમુખ અને ધારાસભ્ય જીતુભાઈ વાઘાણીએ ભાવનગરમાં ફસાયેલા પરપ્રાંતીય લોકોને તેમના વતન જવા માટે સ્પેશિયલ ટ્રેન દ્વારા મોકલવા માટે રજૂઆત કરતા તેનો હકારાત્મક પ્રતિસાદ મળ્યો છે.

અરવલ્લી જિલ્લામાં વધુ ૭ દર્દીઓએ કોરોના હરાવતા હોસ્પિટલમાંથી અપાઈ રજા

મોડાસા

અરવલ્લી જિલ્લામાં કોરોના પોઝિટિવ કેસનો આંક ૧૯ પર પહોંચ્યો છે. જિલ્લામાં કોરોનાના ૧૮માંથી હવે ફક્ત સાત દર્દીઓ સારવાર હેઠળ છે. અરવલ્લી જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. અમરનાથ વર્માએ જણાવ્યું હતું કે અરવલ્લી જિલ્લામાં અત્યાર સુધી કોરોના ૧૯ કેસ નોંધાયા હતા. જેમાંથી ભિલોડાના દર્દીનું મોત થયા બાદ ચાર તાલુકાઓમાં ૧૮ જેટલા એક્ટીવ કેસ હતા. જે મોડાસાની સાર્વજનિક અને બાયડની વાત્રક કોવિડ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા. જેમની યોગ્ય સારવારને લઈ શુક્રવારે એક, શનિવારે પાંચ અને રવિવારે પણ પાંચ દર્દીઓને રજા આપતા હાલ જિલ્લામાં ૭ દર્દીઓ સારવાર હેઠળ છે. જેમાં બે બાયડ અને પાંચ મોડાસાની કોવિડ હોસ્પિટલમાં છે. જ્યારે મોડાસાના એક, બાયડના સાઠંબાના ૨ અને મેઘરજના ૨ દર્દીઓ સ્વસ્થ થતાં રજા અપાઈ હતી.

કડોદરામાં કાદમાવાળા અને પૂજા મિલ દ્વારા ભોજનની વ્યવસ્થા

શ્રમિકોને પગાર ચૂકવાતા ખુશીની લાગણી

સુરત

ગુજરાત સરકારની ગાઈડ લાઈન મુજબ લોક ડાઉનના સમયગાળામાં તાતીથૈયાની કાદમાવાળા તથા પૂજા એવી બન્ને મીલ દ્વારા આજ દિન સુધીના પગાર અને દૈનિક ભોજનની સુવિધા કરાતા કામદારોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ હતી.

કોરોનાની વૈશ્વીક મહામારીના કારણે સમગ્ર વિસ્તારમાં લોકડાઉનની સ્તિતિ ઉભી થઈ છે ત્યારે રોજગાર ધંધા બંધ હોય જેનાથી કોઈ કામદારન અટવાઈ અને તેમની સહાયતા કરવાના હેતુથી તાતીથૈયામાં આવેલ કાદમાવાલા ડાઉંગ એન્ડ પ્રિન્ટિંગ મિલ તથા પૂજા ડાઈંગ મિલ એન્ડ પ્રિન્ટિંગ મિલ દ્વારા લોક ડાઉન થી લઈ મિલના કામદારોના આજ દિન સુધીના પગાર ચુકવી દેવામાં આવ્યા છે. તે ઉપરાંત લોકડાઉન જાહેર થયેલ તેના બીજા દિવસથી અનાજની કિટોનું વિતરણ કર્યા બાદ મિલના કમ્પાઉન્ડમાં રોજ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં રોજના ૪૦૦૦ વ્યક્તિઓની ફરતી ફરતી રસોઈ બનાવી મિલના કામદારો ઉપરાંત આજુ બાજુની અન્ય મિલમાંથી આવતા લોકોને કોઈ પણ જાતના ભેદભાવ વગર જમાડી રહ્યા છે. કાદમાવાળા મિલના માલિક પોતે ભક્તિભાવ વાલા છે. જેથી મંગળવાર તથા શનિવારના રોજ ચોખ્યા ઘીમાં બનાવેલ બુંદીના લાડુ પ્રસાદરૂપે પીરસાવવામાં આવે છે. આ માનવ સેવા કાર્યમાં મિલના ડાયરેક્ટર સંજય અગ્રવાલ મુકેશ અગ્રવાલ તથા તાલુકા પંચાયત પલસાણાના સભ્ય અરૂણ કુમાર દુબે સહયોગ આપી રહ્યા છે.

૩ દિવસમાં ૧૮ ટ્રેનો દ્વારા ૨૧ હજારથી વધુ પરપ્રાંતિયોને વતન મોકલાયા

સુરત રત્નકલાકારોને વતનમાં મોકલવાની વ્યવસ્થા સરકાર કરશે

ગાંધીનગર

ગુજરાતના સીએમઓ સચિવ અશ્વિની કુમારે પત્રકાર પરિષદમાં રાજયમાંથી શ્રમિકોને વતન મોકલવાને લઈને ટ્રેનની વ્યવસ્થા અંગેની જાણકારી આપી હતી. જેમાં જણાવાયું હતું કે છેલ્લા ૩ દિવસમાં ૧૮ ટ્રેન મારફતે ૨૧ હજારથી વધારે શ્રમિકોને તેમના વતન મોકલવામાં આવ્યાં છે. ગુજરાત સરકારના અગ્ર સચિવ અશ્વિની કુમારે આજે પત્રકાર પરિષદને સંબોધન કરતાં જણાવ્યું હતું કે પરપ્રાંતિયોને લઈને રાજ્યમાંથી છેલ્લા ૩ દિવસમાં ૧૮ ટ્રેન રવાના કરવામાં આવી હતી. જેમાં અંદાજે ૨૧ હજારથી વધુ શ્રમિકોને તેમના વતન મોકલાયાં છે.

આ સાથે બસ અને ખાનગી વાહનો દ્વારા પણ મોકલવામાં આવી રહ્યાં છે. સરકાર શ્રમિકો માટે વિચારણ કરી રહી છે. સુરતમાં વસતા રત્નકલાકારોને લઈને સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. જેમાં રત્નકલાકારોને તેમના વતનમાં મોકલવાની વ્યવસ્થા સરકાર કરશે. સરકારે રત્નકલાકારો સમક્ષ શરતો મૂકી છે.જેમાં સુરતથી રત્નકલાકારો નીકળે ત્યારે સ્ક્રિનિંગ કરાશે. ગુજરાતના અગ્ર સચિવ અશ્વિની કુમારે આજે સુરત શહેરના રત્નકલાકારોને લઈને અગત્યની જાહેરાત કરી છે. જેમાં શહેરના રત્નકલાકારોને પોતાના વતન સૌરાષ્ટ્રમાં મોકલતા સમયે સ્ક્રિનિંગ કરવામાં આવશે.

બિમારીના લક્ષણ ધરાવતાં લોકોને મોકલવામાં આવશે નહીં. સીએમઓ સચિવ અશ્વિની કુમારે રત્નકલાકરોને લઈને જણાવ્યું હતું કે જે સુરતથી સૌરાષ્ટ્ર જતા રત્નકલાકારને ફરજિયાત ૧૪ દિવસ ક્વોરન્ટાઈન થવુ પડશે. સૌરાષ્ટ્ર જતા શ્રમિકોએ ૧ મહિનો ત્યા જ રહેવા પડશે. શ્રમિકો ૧ મહિનો સુધી પરત પાછા ફરી શકશે નહીં. સુરત છોડવાની મંજૂરી યોગ્ય સમયે આપવામાં આવશે.

વ્યારાની કાલિદાસ હોસ્પિટલ દ્વારા રોગપ્રતિકારક શક્તિ વધારતી

“આર્સેનિક આલ્બમ ૩૦” હોમીઓપેથી દવાનું વિતરણ શરૂ કરાયું



વ્યારા

“કોરોના”ના સંક્રમણ સામે રક્ષણ આપતી રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટેની હોમીઓપેથી દવા “આર્સેનિક આલ્બમ ૩૦”નું વ્યારાની કાલિદાસ હોસ્પિટલ દ્વારા વિના મૂલ્યે વિતરણ શરૂ કરાયું છે.

ગુજરાત સરકાર અને ભારત સરકારના માર્ગદર્શન અનુસાર વ્યારા (તાડકુવા) સ્થિત સી.એન.કોઠારી હોમીઓપેથી મેડિકલ કોલેજ સંચાલિત કાલિદાસ હોસ્પિટલ, અને ઈંડિયન રેડક્રોસ સોસાયટી, તાપી દ્વારા વ્યારા નગરમાં અંદાજિત ૧૩,૦૦૦ ઘરોમાં વિનામુલ્યે “આર્સેનિક આલ્બમ ૩૦”નું વિતરણ શરૂ કરવામાં આવ્યું છે. જેનો પ્રારંભ તાપી જિલ્લા કલેક્ટર શ્રી આર. જે. હાલાણીના હસ્તે કરવામાં આવ્યો હતો. હોમીઓપેથી કોલેજ તથા કાલિદાસ હોસ્પિટલના આ પ્રયાસોને બિરદાવી કલેક્ટર શ્રી હાલાણીએ ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા પણ, જ્યારે રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટેના માર્ગદર્શક ઉપાયો સૂચવવામાં આવી રહ્યા છે ત્યારે, આ હોમીઓપેથી દવા વ્યારા નગરવાસીઓને ચોક્કસ જ લાભદાયી થઈ પડશે તેમ જણાવ્યુ હતું.

ઉલ્લેખનીય છે કે, સંસ્થાના “કોરોના યોદ્ધા ટિમ” વતી માનદ ચીફ એકઝીકયુટિવ ડાયરેક્ટર ડો.અજયભાઈ દેસાઈ, મંત્રી શ્રી રાકેશભાઈ કાચવાલા, અને ટ્રસ્ટી શ્રી સંજયભાઈ શાહના હસ્તે તાપી જિલ્લા પોલીસ ફોર્સના અંદાજિત ૨૨૦૦ થી વધુ જવાનો માટે પણ, તાજેતરમાં જ રોગ પ્રતિકારક શક્તિ વધારતી આ દવા પોલીસ વિભાગને સુપ્રત કરવામાં આવી હતી. જે બદલ પોલીસ અધિક્ષક શ્રી એન. એન.ચૌધરીએ સંસ્થાનો આભાર વ્યક્ત કર્યો હતો.

અછાંદશ કાવ્ય

જે હાથવગું હતું તે લઈને
પત્ની, બાળકો સાથે..
સેંકડો કિમી ચાલીને
ભૂખ, તરસ વેઠીને
એ આગળ વધતો ગયો..
શરીર જ નહીં, મન તૂટી રહ્યું હતું
ચોતરફ ભય, અનિશ્ચિતતાનું
વાતાવરણ હતું...
છતાં..મન મક્કમ રાખી
એ ચાલતો રહ્યો..
ચાલતો રહ્યો..
શું ઈચ્છતો હતો એ,
રોજગારી, ભોજન, પૈસા..?
ના..ના..
એને ભૂખ-તરસની પડી નહોતી
એ તો કેવળ
માદરે વતનની ધૂળમાં પગલાં પાડી
પરિવાર માટે
સલામત ખોળો ઈચ્છતો હતો..!

સુનીલ શાહ(સુરત)

કડોદરામાં મેડિકલ સ્ટોરમાં ફોર્મનું ગેરકાયદેસર વેચાણ

કડોદરા પોલીસે દુકાનદારની ધરપકડ

સુરત

કડોદરાના કિષ્ના નગરમાંથી પોલીસે ગેરકાદયે ફોર્મ બનાવી તેનું વેચાણ કરી લોકો પાસે નાણા ખંખેરતા મેડિકલના દુકાનદારની ધરપકડ કરી છેતરપીંડીનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર મુળ બિહારના વતની અને કડોદરા કિષ્ણાનગરમાં ચારભુજા કોમ્પલેક્સમાં રહેતા રાકેશ હરીચંદ્ર શર્મા કિષ્ના નગરમાં ચિંતામણી નામે મેડિકલની દકાન ધરાવે છે. ગઈ કાલે કલેક્ટર સુરતને ઉદ્દેશીને એક ફોર્મ બનાવ્યું હતું તેની ઢગલા બંધી ઝેરોક્ષ કોપી કરી વેચાણ અર્થે મુકયું હતું. વતન જવા માટેનું ફોર્મ મળતુ હોવાનું જણાતા પરપ્રાંતીય લોકો બહોળી સંખઅયામાં તે ફોર્મ લેવા માટે ઉમટી પડયા હતા. ફોર્મ માટે પડાપડી થઈ હતી. પરપ્રાંતીય લોકોને રૂ. ૧૦માં ફોર્મ પેચી ખુબ કમાણી કરતો હોવાની વિડિયો પોલીસના હાથમાં આવતા પોલીસે સ્થળે જઈ તપાસ કરી હતી. પોલીસની તપાસમાં ફોર્મ બોગસ હોવાનું બહાર આવ્યું હતું. આથી પોલીસે લોકોની પાસેથી નાણા ખંખેરી બનાવટી ફોર્મ આપવા જેવા ગુનાહિત પ્રવૃત્તિ કરનાર મેડિકલ સ્ટોરના રાકેશ શર્માની ધરપકડ કરી પોલીસે છતરપીંડીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

નવસારી માહિતી કર્મીઓ દ્વારા વિજય સંકલ્પ કરાયો

સુરત

ગુજરાત રાજયના સ્થાપના દિન નિમિત્તે નવસારી જિલ્લા સહાયક માહિતી નિયામકશ્રી રાજકુમાર જેઠવા દ્વારા માહિતી કચેરીના કર્મચારીઓને વિજય સંકલ્પ લેવડાવી માસ્ક પહેર્યા વગર બહાર નહિ નીકળું, હું સોશીયલ ડિસ્ટન્સીગ રાખીશ અને દો ગજ દૂરીને ધ્યાનમાં રાખીશ, અને હું દિવસમાં વારંવાર સાબુથી હાથ ધોઈશ અને સેનેટાઈઝ કરીશ નો સંકલ્પ લેવડાવ્યો હતો. સહાયક માહિતી નિયામકશ્રી જેઠવાએ નવસારીવાસીઓને ગુજરાત સ્થાપના દિનની શુભેચ્છા પાઠવી તેમણે પણ વિજય સંકલ્પ લઈ અન્ય લોકો પણ વિજય સંકલ્પ લે અને કોવીડ-૧૯ સામેના યુદ્ધમાં લડતા કોરોના વોરિયર્સને તમામ રીતે મદદરૂપ થવા આહ્વાન કર્યું હતું.

પાલનપુર પાટીયામાં શ્રમિકોના ટોળેટોળા રસ્તા પર ઉતર્યા

પોલીસે પર્યાપ્ત માત્રામાં બંદોબસ્ત તૈનાત કર્યો

સુરત

લોકડાઉન દરમિયાન વતન જવા ઉતાળા બનેલા પરપ્રાંતીય શ્રમજીવીઓ આજે સુરત શહેરના પાલનપુર પાટીયા વિસ્તારમાં મોટી સંખ્યામાં રસ્તા પર ઉતરી આવતા તાકીદે મોટો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. લોકડાઉન દરમિયાન પરપ્રાંતીય કામદારોની ધીરજ વતન જવા માટે ખૂટી ગઈ છે અને એનકેન પ્રકારે વતન જવા પરમીશનની માંગણી સાથે ઘણાં દિવસોથી પ્રયત્નો કરી રહ્યા છે. ત્યારે આજે પલસાણાના વરેલી ગામે પરપ્રાંતીય કામદારો દ્વારો તોફાન શરૂ કરી દેવાયા હતા. વરલી ગામમાં કામદારોએ પોલીસ પર પથ્થરમારો કરી પોલીસના વાહનોની તોડફોડ પણ કરી હતી. આ દરમિયાન આજે બપોરે સુરત શહેરના પાલનપુર પાટીયા વિસ્તારમાં પણ મોટી સંખ્યામાં પરપ્રાંતીય કામદારો રસ્તા પર ઉતરી આવતા પોલીસે જંગી માત્રામાં પોલીસ બંદોબસ્ત તૈનાત કરી દીધો હોવાનું જાણવા મળી રહ્યું છે.

ગુજરાતમાં દર ૨૨ સેકન્ડે એક વાહન થાય છે જમ્મ

લોકડાઉન છતાં અમદાવાદ અને સુરતમાં લોકડાઉનના ધજાગરા ઉડ્યા

અમદાવાદ

ગુજરાતમાં કોરોના ફફડાટ વચ્ચે લોકડાઉન છતાં આજે અમદાવાદ અને સુરતમાં લોકડાઉનના ધજાગરા ઉડ્યા હતા. અમદાવાદમાં એલિસ બ્રિજ તો સુરતમાં મજૂરા ગેટ પાસે જોરદાર ટ્રાફિક જામ થયો હતો. પોલીસની કડકાઈ છતાં લોકો ઘરમાંથી નોકરીના બહાને નીકળી રહ્યાં છે. જેઓને પોલીસે સમજાવીને ઘરે મોકલ્યા હોવા છતાં પબ્લિક સુધરી રહી નથી. લોકડાઉન લાગુ થયું ત્યારથી અત્યારસુધી પોલીસની કડક કાર્યવાહી છતાં આજે પણ લોકો વાહનો લઈને ઘરમાંથી નીકળી પડે છે. ગુજરાતમાં ૨૪ માર્ચથી શરૂ થયેલા લોકડાઉનમાં ૪૦ દિવસ સુધીમાં લોકડાઉનભંગ ની કુલ ૧,૨૩,૫૮૮ ફરિયાદ થઈ છે તે જોતા દર ૩૦ સેકન્ડે એક ગુનો નોંધાયો હતો. આજ પ્રમાણે આજ સુધીમાં કુલ ૧,૬૪,૬૩૨ વાહનો જમ્મ કરવામાં આવ્યા છે તે જોતા દર ૨૨ સેકન્ડે એક વાહન જમ્મ થઈ રહ્યું છે. ગુજરાતમાં કોરોનાના કેસો સતત વધી રહ્યા છે ત્યારે રાજ્યના ડીજીપી શિવાનંદ ઝાએ ફરી એક વખત રાજ્યના નાગરિકોને લોકડાઉનનો ચુસ્ત અમલ કરવા અપીલ કરી છે. ડીજીપી શિવાનંદ ઝાએ જણાવ્યું કે ગુજરાતના ગામડાઓમાં લોકડાઉનનું ચુસ્ત પાલન કરવામાં આવી રહ્યું છે પરંતુ શહેરોમાં વસતા નાગરિકો દ્વારા મોટા પાયે લોકડાઉનનું ઉલ્લંઘન કરાઈ રહ્યું છે. શહેરોમાં વસતા લોકોએ પણ લોકડાઉનનો ચુસ્ત અમલ કરવો જ પડશે. ડીજીપીએ જણાવ્યું કે સરકાર દ્વારા ઝોન નક્કી કરાયા છે પરંતુ જે લોકો ગ્રીન ઝોનમાં છે તે બીજા જિલ્લા કે ઝોનમાં નહીં જઈ શકે. તે જ પ્રકારે ઑરેન્જ કે રેડ ઝોનમાંથી પણ કોઈ વ્યક્તિ ગ્રીન ઝોનમાં નહીં જઈ શકે. ડીજીપીએ જણાવ્યું કે રેડ ઝોનમાં આવતા તમામ વિસ્તારોમાં લોકડાઉનને કડકાઈથી લાગુ કરાશે. સમગ્ર રેડઝોનને કોર્ડન કરવામાં આવશે. આ ઉપરાંત ઑરેંજ ઝોનમાં પણ શાકમાર્કેટ અને ગ્રોસરી સ્ટોર્સ પર પણ પોલીસ સખત પેટ્રોલીંગ કરશે.

સુરત શહેરમાં નોંધાયેલા પૈકી સૌથી વધુ ૨૬૦ કેસ લીંબાયત ઝોનમાં નોંધાયા

વધુ કેસ મળતા લીંબાયત ઝોનમાં વધુ ૧૦૦ ટીમો કાર્યરત

સુરત

સુરત મહાનગર પાલિકાના મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ ગઈ કાલે તા.૦૩જી મેના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, શહેરમાં કોરોના કેસમાં પોઝિટીવ કેસો પૈકી સુરતના લિંબાયત ઝોનમાંથી આજે લિંબાયત ઝોનમાં ૧૪૯ સર્વેલન્સ ટીમ છે, અને વધુ ૧૦૦ ટીમો તૈનાત કરવામાં આવશે. લિંબાયત ઝોનમાં કોરોના કન્ટ્રોલ માટે વિશેષ ધ્યાન આપવામાં આવશે. કુલ ૧૨,૧૮૮ ટેસ્ટીંગ કરવામાં આવતાં ૬૫૭ પોઝિટીવ અને ૧૧,૪૭૨ નેગેટીવ કેસો નોંધાયા છે.

મ્યુ. કમિશનરશ્રીએ વધુમાં જણાવ્યું કે, આજની સ્થિતિએ ૧૮૨૩ લોકો હોમ ક્વોરેન્ટાઈન અને વિકેન્દ્રિત ક્વોરેન્ટાઈન સેન્ટરમાં ૩૨૬ લોકો છે. સમરસ ખાતે કોવિડ કેર સેન્ટરમાં ૨૧૦ લોકો છે, જ્યાં આજે ૦૧ વ્યક્તિનો જન્મદિવસ ઉજવવામાં આવ્યો હતો, જેથી લોકોની માનસિક રીતે સધિયારો અને પ્રોત્સાહન મળે. હાલની પરિસ્થિતિમાં સ્લમ એરિયામાં ૨૫ ફિવર ક્લિનિકની સુવિધાના કારણે સઘન આરોગ્ય તપાસને વેગ મળી રહ્યો છે. ૮૬ હેન્ડવોશીંગ મશીન મુકવામાં આવ્યા છે. ૧૦૦૮ સર્વે ટીમ કામ કરી રહી છે. સ્લમ એરિયામાં ૧૫૪ વોશ બેસિનનુ આયોજન કરવામાં આવ્યુ છે.

શ્રી પાનીએ કહ્યું કે, કેન્દ્ર સરકારની ગાઈડલાઈન પ્રમાણે સુરત રેડ ઝોનમાં આવે છે તેથી સંપુર્ણ લોકડાઉનનું પાલન કરવામાં આવશે. તેમાં કોઈ પણ પ્રકારની છુટછાટ આપવામાં આવશે નહિં. લોકડાઉનના ત્રીજા તબક્કામાં જરૂરી પરવાનગી સિવાયના માણસોની અવરજવર પર સાંજના ૦૭ વાગ્યાથી સવારના ૦૭ વાગ્યા સુધી સંપુર્ણ પ્રતિબંધ લગાવવામાં આવશે. આવશ્યક વસ્તુઓ સિવાય કોઈ પણ પ્રકારની દુકાનો ખોલવામાં આવશે નહિં. ૧૦ વર્ષથી નાની ઉંમરનુ બાળક અને ૬૫ વર્ષથી વધુ ઉંમરની વ્યક્તિ અને સગર્ભા મહિલાને ઘરની બહાર નિકળવાની મંજુરી મળશે નહિં.

એક અગત્યની વાત ઉપર ભાર આપતા તેમણે જણાવ્યું હતું કે, લોકોએ ઈન્ફેક્શનથી બચવા માટે વધુમાં વધુ ગરમ પાણીનું સેવન કરવુ જોઈએ, ઉપરાંત લોકોએ પોતાની રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે આયુષ્માન મંત્રાલયના આરોગ્યલક્ષી સુચનોનું સંપુર્ણ પાલન કરવું. આજે સુરતથી ૩૬૦૦ લોકોને પોતાના વતન સુધી પહોંચાડવામાં આવ્યા છે. નોંધનીય છે કે, સુરત જિલ્લામાં ૩૪ અને શહેરમાં ૬૫૭ મળીને શહેર અને જિલ્લામાં કુલ ૬૯૧ કેસો નોંધાયા છે.

કોરોનાને હરાવવા સુરત સ્લમ વિસ્તારમાં રોડ પર જ મુકાશે હેન્ડ વોશ બેઝિન

અમદાવાદ

ગીચ વસ્તી અને લોકોમાં જાગૃત્તિના અભાવે સુરતના ૩૩૫ જેટલા સ્લમમાંથી અનેક સ્લમ કોરોના માટે હાઈ રિસ્ક બની ગયાં છે. કેટલાક સ્લમમાં કેસ આવ્યા બાદ મ્યુનિ. તંત્રએ સ્લમ વિસ્તારમા ધ્યાન કેન્દ્રીત કરીને અગમચેતીના ભાગરૂપે કામગીરી શરૂ કરી છે. મ્યુનિ.ના અધિકારી, ચુંટાયેલા પ્રતિનિધિ અને સ્લમના અગ્રણીઓને સાથે રાખીને કોરોના અટકાવવા માટેની તકેદારી રાખવા માટે લોકોને જાગૃત્ત કરવા માટેની કામગીરી શરૂ કરી દીધી છે. સુરતના વરાછા, લિંબાયત, રાંદેર ઝોન સહિતના કેટલાક સ્લમ વિસ્તારમાં કોરોના પોઝીટીવ આવ્યા બાદ મ્યુનિ. તંત્ર ચોંકી ઉઠયુ છે. સુરતના ૩૩૫ જેટલા સ્લમમાં ગીચ વસ્તી હોવાથી ત્યાં સોશ્યલ ડિસ્ટન્સનું પાલન પુરતું થાય તેમ ન હોવાથી આ વિસ્તાર કોરોના માટે હાઈ રિસ્ક બની ગયાં છે. મ્યુનિ. કમિશ્નર બન્છાનિધિ પાની કહે છે, સુરતના સ્લમ વિસ્તારમાં સંક્રમણ અટકાવવા માટે મ્યુનિ. તંત્રએ આયોજન કર્યું છે. શહેરના ૧૭૩ જેટલા સ્લમને બેરીકેટ કરી દેવા ઉપરાંત એન્ટ્રી પર જ હેન્ડ વોશીંગ મશીન મુકવાનું શરૂ કરવામાં આવ્યું છે. લોકો વારંવાર હાથ ધોઈ, કોઈ પણ માસ્ક કે કપડાંથી મોઢું ઢાંકે અને સોશ્યલ ડિસ્ટન્સ રાખે તો કોરોનાને ચેપ અટકાવી શકાય છે તેવી તેમને સમજણ અપાઈ રહી છે. મ્યુનિ. કમિશ્નરની સુચના બાદ તમામ ઝોનના અધિકારીઓ, સ્થાનિક કોર્પોરેટર અને સ્લમના અગ્રણીઓ સાથે ફરીને લોકોમાં જાગૃત્તિની કામગીરી કરી રહ્યાં છે.

આ ઉપરાંત સ્લમમાં મ્યુનિ. તંત્રએ ફીવર ક્લિનિક પણ શરૂ કર્યા છે જેના કારણે કોરોના જેવા શરદી- ખાંસી અને તાવના લક્ષણ ધરાવતાં દર્દીઓને શોધીને શંકા જણાય તો તેમના કોરોના ટેસ્ટ કરવામાં આવી રહ્યાં છે. આવા સ્લમમાં કોરોનાના વધુ લક્ષણ હોય તે પહેલા જ દર્દીને શોધીને ચેપ પ્રસરતો અટકાવવા માટેનો પ્રયાસ થઈ રહ્યો છે. સ્લમ વિસ્તારમાં મ્યુનિ. તંત્ર ઉપરાંત અન્ય લોકોને પણ હેન્ડ વોશીંગ મશીન માટે અપીલ થઈ રહી છે તેનો પ્રતિસાદ મળી રહ્યો છે. સ્લમ વિસ્તારના લોકો વારંવાર હાથ ધોઈને કોરોના સંક્રમણ અટકાવે તે માટે મ્યુનિ. તંત્ર આગામી દિવસોમાં તમામ સ્લમમાં ચાર હજાર જેટલા વોશ બેઝીન મુકવા માટે આયોજન કરી રહી છે.

પલસાણાના વરેલી ગામમાં મજૂરોનું તોફાન : પોલીસ પર ભારે પથ્થરમારો





સેંકડો કામદારો રસ્તા પર ઉતરી આવતા તોફાન : પોલીસે લાઠીચાર્જ કરી ટીયરગેસના શેલ છોડ્યા કેટલાક પોલીસ કર્મચારીઓ ઘવાયા

સુરત

ભૂખમરો, બેરોજગારી અને કોરોના વાયરસના ડરથી વતન જવા માંગતા વરેલી ગામના હજારોની સંખ્યામાં પરપ્રાંતીય શ્રમજીવીનું મસમોટુ ટોળુ તોફાને ચઢ્યું હતું. ઉશ્કેરાયેલા આ ટોળાને કાબુમાં લેવા માટે પોલીસે ભારે લાઠીચાર્જ કરવો પડ્યો હતો. વતન મોકલવા માટે સ્થાનિક પ્રશાસન દ્વારા રોજબરોજ નીતનવા ફતવા બહાર પાડવામાં આવતા શ્રમજીવીઓની ધીરજ ખૂટી રહી છે. જેનું પરિણામ વરેલી ગામમાં ૫૦૦૦થી વધુ શ્રમજીવીના ટોળાએ પોલીસ ઉપર હુમલો કર્યો હતો. લોકડાઉનના ત્રીજા રાઉન્ડના પ્રથમ દિવસે જ શ્રમજીવીઓની ધીરજ ખૂટી જતા એક વાગ્યાના સુમારે પલસાણા તાલુકાના વરેલી ગામે હજારોની સંખ્યામાં ઉમટી પડેલા પરપ્રાંતીય શ્રમજીવીઓએ પોલીસ ઉપર પથ્થરમારો કરતા પોલીસે લાઠીચાર્જ અને અશ્રુગેસ છોડ્યા હોવાનું જાણવા મળ્યું છે. વતન જવા માટે તોફાને ચઢેલા આ શ્રમજીવીના ટોળાએ પોલીસની ગાડીઓમાં પણ તોડફોડ કરી પથ્થરમારાને કારણે પોલીસ કર્મીઓ પણ ઘવાયા હતા. જ્યારે એક પોલીસ કર્મીની ઉપર ધારદાર વસ્તુથી હુમલો કરી ઈજા કરાઈ હોવાનું જાણવા મળ્યું છે. વરેલી ગામમાં પરપ્રાંતીય શ્રમજીવીઓ તોફાને ચઢતા સુરત જિલ્લાના અન્ય પરપ્રાંતીય વિસ્તારોમાં જડબેસલાક પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. જ્યારે વરેલી ગામની ઘટનાની જાણ થતાં ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો ઘટના સ્થળે ધસી ગયો હતો. હાલ પોલીસે ભારે લાઠીચાર્જ કરીને ઉશ્કેરાયેલા પરપ્રાંતીય શ્રમજીવીના ટોળાને વિખેરીને ધરપકડનો દોર શરૂ કરી દીધો છે. પરંતુ પરપ્રાંતીય શ્રમજીવીઓ પોલીસના કન્ટ્રોલમાં આવતા નથી અને તોફાન ચાલુ જ છે.

નવા ૨૦ કેસ નોંધાતા પોઝિટિવ કેસનો આંક ૭૧૩ પર પહોંચ્યો, વધુ એકનું મોત અને ૫૪ રિકવર થયા

૩૦૦૦ની વસ્તી ધરાવતા દિહેણ ગામમાં ૪ કેસ નોંધાતા માસ ક્વોરન્ટીન : ક્લસ્ટર વિસ્તારમાં આવેલા તમામ બેંકો બંધ રાખવાનો નિર્ણય લેવાયો :

સુરત

મહાનગરપાલિકાના જણાવ્યા પ્રમાણે નવા ૨૦ કેસ નોંધાતા જિલ્લામાં પોઝિટિવ કેસોની કુલ સંખ્યા ૭૧૩ થઈ ગઈ છે. શહેરમાં આજે અત્યાર સુધીમાં સૌથી વધુ ૫૪ પોઝિટિવ દર્દીઓને રજા આપવામાં આવી છે. આ સાથે શહેર જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૨૫૬ પોઝિટિવ દર્દીઓ સાજા થયા છે. જ્યારે આજે એક મહિલા પોઝિટિવ દર્દીનું મોત થતા મૃત્યુઆંક ૩૨ પર પહોંચ્યો છે. આજે નવા નોંધાયેલા કેસમાં સિટીમાં ૧૭ અને જિલ્લાના ગામમાં ૩ કેસ નોંધાયા છે.

આજે એક મહિલા પોઝિટિવ દર્દીનું મોત થતા મૃત્યુઆંક ૩૨ પર પહોંચ્યો છે. ઉમરવાડા વિસ્તારમાં આવેલી ચીમની ટેકરા ખાતે રહેતા રઝીયાબી પઠાણ (ઉ.વ.૫૫)ને ૩ મેના રોજ દાખલ કરવામાં આવ્યા હતા. દરમિયાન તેનું સારવાર દરમિયાન મોત થયું હતું. જેમને ડાયાબિટીસ અને બ્લડ પ્રેસરની બીમારી હતી.

આજે સુરત શહેરમાં નોંધાયેલા ૧૭ કેસ પાંચ ઝોનના વિસ્તારમાં નોંધાયા છે. જેમાં સેન્ટ્રલ ઝોનમાં ૩, વરાછા-એ ઝોનમાં ૬, કતારગામ ઝોનમાં ૪, લિંબાયત ઝોનમાં ૧ અને ઉધના ઝોનમાં ૩ કેસ નોંધાયા છે.

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાનું અંદાજે ૩૦૦૦ની વસ્તી ધરાવતા દિહેણ ગામમાં ૪ કેસ નોંધાતા માસ ક્વોરન્ટીન કરાયું છે. પોઝિટિવ વિનોદ સુરતીના સંપર્કમાં આવેલ તેના પરિવારજનોના સેમ્પલો તપાસમાં મોકલતા તે પૈકી તેની દિવાળીબેન લલ્લુભાઈ સુરતી ઉ.વ ૬૫ અને ભાણેજ યશ કનુભાઈ પરમાર ઉ.વ ૧૭માં કોરોનાનો ચેપ લાગ્યો છે. દિહેણ ગામે કોરોના પોઝીટીવના ઉદિવસમાં ૪કેસ નોંધાયા છે.

નવા નોંધાયેલા પોઝિટિવ દર્દીઓમાં કતારગામ વિસ્તારમાં ફરજ બજાવતા એસઆરપી જવાનો પૈકી વધુ એક જવાનનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જ્યારે જિલ્લામાં સચીન વિસ્તારમાં દારૂનો વેપલો કરતી એક મહિલા બુટલેગરનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે. જ્યારે સિવિલ હોસ્પિટલમાં કોરોનાની સારવાર લઈ રહેલી વધુ એક મહિલા દર્દીનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ સાથે શહેર જિલ્લામાં કોરોનાનો મૃતાંક ૩૧ થઈ ગયો છે.

લોકડાઉનના બંદોબસ્તમાં ફરજ બજાવી રહેલા અને કતારગામ પ્રજાપતિ સમાજની વાડીમાં રોકાયેલા વધુ એક એસઆરપી જવાનનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે. કલ્પેશ પ્રતાપસિંહ ભરવાડ (ઉ.વ.૩૪)ને શંકાસ્પદ લક્ષણો જણાતા તેમના સેમ્પલ લેવાયા હતા. જેનો રવિવારે રિપોર્ટ પોઝિટીવ આવ્યો હતો. અત્યાર સુધીમાં પ્રજાપતિ સમાજની વાડીમાં રોકાયેલા ૭ એસઆરપી જવાનનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જ્યારે સિંગણપોર કોમ્યુનિટી હોલમાં મળી આવેલા બે કેસ મળી ૯ એસઆરપી જવાનો અત્યાર સુધીમાં કોરોનાની ઝપટમાં આવી ચુક્યા છે.

જિલ્લામાં પણ હવે કેસમાં વધારો જોવા મળી રહ્યો છે. રવિવારે જિલ્લામાં એક જ દિવસમાં વધુ ૫ કેસ નોંધાયા છે. જેમાં સચીનના લાજપોર ગામ વિસ્તારમાં રહેતી અને દારૂનો વેપલો કરતી ઉષા રમેશ રાઠોડ(૪૨)ને સચીન પોલીસે પ્રોહીબીશનના ગુનામાં ઝડપી પાડ્યા બાદ જેલ હવાલે કરવા માટે તેનો કોરોનાનો રિપોર્ટ કરાવ્યો હતો. જે રવિવારે પોઝિટિવ આવ્યો.

રેડ ઝોન ગણાતા સુરતમાં લોકડાઉનના લીરેલીરા : સવારે રિંગરોડ પર ટ્રાફિક જામ



સવાર પડતા જ સામાન્ય સ્થિતિની જેમ વાહનો લઈ લોકો નીકળી પડતા પોલીસે વાહનો જપ્ત કરવાની કાર્યવાહી શરૂ કરી

સુરત

સુરત રેડ ઝોનમાં હોવા છતાં પણ આજે લોકડાઉનના ધજજીયા ઉડ્યા હતા. ઠેર-ઠેર લોકો વાહનોને લઈને ઉમટી પડતા ટ્રાફિક જામના દશ્યો સર્જાયા હતા.

કોરોના વાયરસની મહામારી સામે લડવા માટે કેન્દ્ર સરકારે સતત ત્રીજી વખત બે અઠવાડિયાનું લોકડાઉન લંબાવ્યું છે.રેડઝોન સિવાયના શહેરો જિલ્લાને લોકડાઉનમાં કેટલીક શરતોને આધિન કેટલીક મુક્તિઓ આપવામાં આવી છે.

સુરત શહેરમાં કોરોના વાયરસની ગંભીર પરિસ્થિતિને કારણે સુરત શહેરને રેડ ઝોનની યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. પરંતુ આજે સુરત શહેરમાં લોકડાઉનનો છડેચોક ધજ્જિયા ઉડ્યા હતા. સુરત શહેરના તમામ રસ્તાઓ ઉપર ટ્રાફિક જામના દશ્યો ઠેર ઠેર જોવા મળ્યા હતા. અડાજણ, રિંગરોડ, વરાછા સહિત મહત્ત્વના માર્ગો ઉપર લોકો ફોર વ્હીલ, ટુ વ્હીલર ગાડીઓ લઈને ઉમટી પડ્યા હતા. ખાસ કરીને સમગ્ર રિંગરોડ ઉપરનો ઠેર ઠેર ટ્રાફિક જામના દશ્યો સર્જાયા હતા.

ત્રીજા લોકડાઉનમાં સુરત શહેર રેડ ઝોનમાં હોવાથી માત્ર ઈમરજન્સી સેવા સહિતની જે માર્ગદર્શિકા હતી. એનો જ અમલ ચાલુ હોવા છતાં પણ સુરત શહેરમાં લોકડાઉનની ધજ્જિયા ઉડવા પામી છે. પોલીસ તંત્ર દ્વારા પણ વાહન ચાલકોના મેમો ફાડવાનું શરૂ કરી ગાડીઓ જમા લેવાનું શરૂ કરી દીધું છે.

લગ્નના ૨ મહિના બાદ વાપીના છરવાડામાં પરણીતાનું મૃત્યુ, હત્યાની શંકા

વલસાડ

વાપીના છરવાડા ગામમાં ખોડિયાર નગરમાં રહેતા ચેતન પાટીલના લગ્ન મહારાષ્ટ્રના જલગાવ ખાતે રહેતી પ્રતીક્ષા પાટીલ સાથે ૨ મહિના પહેલા થયા હતાં. લગ્નગાળાના આ સમય દરમિયાન શનિવારે સાંજે બન્ને પતિ-પત્ની પોતાના બેડરૂમમાં સુઈ ગયા હતાં. વહેલી સવારે એલાર્મ વાગ્યું ત્યારે, પત્ની પ્રતીક્ષા નહીં ઉઠતા તેનું શરીર તપાસવામાં આવ્યું હતું. જેમાં તેનું શરીર ઠંડુ જણાયુ હતું. જેથી પ્રતીક્ષાને નજીકના દવાખાને સારવાર અર્થે લઈ જવામાં આવી હતી. જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કરી હતી.

આ સમગ્ર ઘટના અંગે પ્રતીક્ષાના માતા-પિતાને જાણ થતાં તે વાપી દોડી આવ્યાં હતાં. વાપી આવ્યા બાદ તેમણે પોલીસ મથકે હત્યા હોવાની શંકા વ્યક્ત કરી ફરિયાદ નોંધાવી હતી. આ ઉપરાંત તેમણે પોતાની દીકરીના મૃતદેહનું વીડિયોગ્રાફી સાથે પેનલ પોસ્ટમોર્ટમ થાય તેવી માગ કરી હતી.પોલીસે ઘટના સ્થળે તપાસ હાથ ધરવામાટે એફએસએલ ટીમની મદદ લીધી હતી. જે બાદ મૃતદેહને ચલા સરકારી હોસ્પિટલમાં અને ત્યાંથી સુરત સિવિલ હોસ્પિટલમાં પેનલ પોસ્ટમોર્ટમ માટે ખસેડયો હતો. જ્યારે આ ઘટના બાદ મૃતક પરણીતાનો પતિ ચેતન પાટીલે પોતે આઘાતમાં હોવાનું અને ચક્કર આવતા હોવાનું જણાવ્યું હતું. જેથી તેમને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

કુકરમુંડાનું ઈંટવાઇ ગામને કન્ટેઈનમેન્ટ જાહેર કરાયું

સુરત

હાલમાં વિશ્વભરમાં કોરોના વાયરસ COVID-૧૯ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનધ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે.જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી ધ્વારા સમાયાંતરે કોરોના વાયરસ COVID-૧૯ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેરકરવામાં આવેલ છે. જેઅનુસંધાને કોરોના વાયરસ COVID-૧૯ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાતકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવર-જવર વાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસનેફેલાતો અટકાવવા સારૂ વિસ્તૃત સુચના બહાર પાડવામાં આવેલ છે. કોરોનાવાયરસ COVID-૧૯નાં ઝડપી સંક્રમણને ધ્યાને લેતા તાપી જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં સોસીયલ ડીસ્ટન્સીગ જાળવવું જરૂરી જણાય છે. જે ધ્યાનેલેતા તાપીના જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી આર. જે. હાલાણી,(આઈ.એ.એસ) દ્વારા ભારતીયફોજદારી કાર્યરીતિ અધિનિયમ- ૧૯૭૩ની કલમ-૧૪૪,ધીગુજરાતએપેડેમીકડિસીઝ એકટ૧૮૯૭ની કલમ-૨ અને નેશનલડિઝાસ્ટર મેનેજમેન્ટએક્ટ-૨૦૦૫ની કલમ—૩૦તથા૩૪ તથાઆરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : જીપી-૯/એનસીવી/૧૦૨૦૨૦/એસએફ.૧/જી, તા.૧૩/૦૩/૨૦૨૦અન્વયે, તાપી જિલ્લાના કુકરમુંડા તાલુકાનાં ઈંટવાઈ કંટેઇનમેંટ એરિયા જાહેર કરી, ગામના લોકોને હોમ ક્વોરોંટાઈનમા રહેવાનો હુકમ કરવામાં આવ્યો છે.

રેડ ઝોનમાંથી લાવ્યા હતા દારૂની બોટલ

સુરત લૉકડાઉન ૩.૦માં ઓફિસમાં જ દારૂની પાર્ટી કરતા ત્રણ નબીરાઓ ઝડપાયા

સુરત

કોરોના વાયરસને લઈને આજથી લૉકડાઉન ૩.૦ શરૂ થયું છે. જોકે, ગમે એટલા લૉકડાઉન આવે અમુક લોકો સતત નિયમોનું ઉલ્લંઘન કરતા રહે છે. સુરતમાં લૉકડાઉન વચ્ચે ત્રણ લોકો ઓફિસમાં દારૂની મહેફિલ માણતા ઝડપાયા છે. એટલું જ નહીં પોલીસ પૂછપરછમાં આ લોકો દારૂની બોટલ રેડ ઝોનમાંથી લાવ્યા હોવાની કબૂલાત કરી છે. આથી પોલીસ સાવચેતીના ભાગરૂપે ધરપકડ કરાયેલા લોકોના કોરોના ટેસ્ટ કરાવવાની તજવીજ હાથ ધરી છે. કોરોના વાયરસને ફેલાતો અટકાવવા માટે હાલ ત્રીજા તબક્કાની લૉકડાઉન ચાલી રહ્યું છે. આ સમયે સુરતના અમરોલી વિસ્તારમાં ભજીયા પાર્ટી, ખીચડી પાર્ટી, તલવાર વડે કેક કાપવાની ઘટના બાદ હવે દારૂની મહેફિલ સામે આવી છે. અમરોલી વિસ્તારના માથાભારે લાલુ જાલીમ ઉર્ફે અમીત મહેન્દ્રસિંહ રાજપૂતની તા. ૧ના રોજ જાહેરમાં તલવાર વડે બર્થ ડે કેક કાપી ઉજવણી કરવાના ગુનામાં પોલીસે તેના ૧૫ મિત્રો સહિત ધરપકડ કરી હતી. ધરપકડ બાદ તમામને પોલીસે જામીન પર મુક્ત કર્યા હતા.

જામીન મુક્ત થયા બાદ લાલુ જાલીમના ત્રણ મિત્ર અમરોલીના ૯૯ શોપિંગ સેન્ટરમાં ઓફિસ નં. ૪૦૬માં દારૂની મહેફિલ માણવા એક્ઠા થયા હોવાની બાતમી પોલીસને મળી હતી. જેના આધારે પોલીસ ટીમે ઉપરોકત ઠેકાણે દરોડા પાડયા હતા. જયાંથી રૂપેશ સનત સોની, કિરણ યશવંત કોસંબીયા અને હિતેશ બેચર મહેતાને દારૂની ૪ નંગ બોટલ અને ૫ નંગ મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૪૧,૪૦૦ના મુદ્દામાલ ઝડપાયા હતા.

ઉલ્લેખનીય છે કે ફાઈનાન્સનો ધંધો કરતા રૂપેશની ઓફિસમાં ત્રણેય મિત્રો દારૂની મિજબાની માણવા એકઠા થયા હતા અને દારૂની બોટલ ક્લસ્ટર જાહેર કરવામાં આવેલા કોસાડ આવાસ એચ-૨ની પાછળ રહેતા બુટલેગરે આપી હોવાની કબૂલાત કરી હતી. જે બાદમાં પોલીસે ઉપરોક્ત ત્રણેય જણાનો કોરોનાનો ટેસ્ટ કરાવવાની તજવીજ હાથ ધરી છે. નોંધનીય છે કે કાયદાની ઐસીતૈસી કરી લૉકડાઉનમાં પણ જાહેરમાં તલવાર વડે કેક કાપી બર્થ ડેની ઉજવણી કરનાર માથાભારે લાલુ જાલીમ પાસેથી બર્થ ડે કેક કાપવા માટે જે તલવારનો ઉપયોગ કર્યો હતો તે તલવાર કબ્જે લીધી હતી.

લોકડાઉનમાં ફસાયેલા સંબંધીને કારણે ઝઘડો: હેલ્પ લાઈનની મદદ

મહિલા હેલ્પ લાઈને ઝઘડાનું નિરાકરણ કર્યું

સુરત

સૂરત શહેરના નવાગામ ડીંડોલીથી એક પરણિતાનો અભયમ ૧૮૧ મહિલા હેલ્પલાઈનમા કોલ આવ્યો કે, મારા મમ્મી મુંબઈથી મને મળવા આવ્યા છે. પરંતુ લોક ડાઉનને કારણે તેઓ પરત જઈ શકતા નથી. જેથી મારી સાસરી વાળા તેમને રાખવા માંગતા નથી અને તે બાબતને લઈને ઘરમાં ઝગડા થઈ રહ્યા છે. અભયમ ટીમે મહિલાની સાસરીવાળાને સમજાવ્યા કે, હાલની પરિસ્થિતિમા વાહન વ્યવહાર બંધ છે જેથી તેઓ જઈ શકે તેમ નથી તમોં ને થોડી મુશ્કેલી પડશે પણ થોડુંક સહન કરી તેઓને રાખશો. પરણિતાની મમ્મીએ પણ દીકરીને ઘરે વધુ રોકાયાનું દુ:ખ વ્યક્ત કર્યું હતું અને પોતાને કારણે દીકરીની સાસરીમાં ઝગડા થયા છે. તેથી સુરતમા અમારા અન્ય એક સબંધિ રહે છે. વાહન વ્યવહાર બંધ હોવાથી હું જઈ શકતા નથી. જેથી અભયમ ટીમને વિનતી કરી હતી કે મારા સબંધિને ઘરે પહોંચાડવામાં આવે તો દીકરીની સાસરીમા ઝગડા બંધ થશે. જેથી અભયમ ટીમે તેઓ નો સંપર્ક કરી વાતચીત કરતા તેઓએ તેમને પોતાના ઘરે રાખવા સંમતિ આપતાં તેઓને તેમના સંબધિના ઘરે પહોંચાડવામાં આવ્યા હતા.

લોક ડાઉનમા અટવાયેલા સબંધીને કારણે થયેલા ઝગડાનું નિરાકરણ કરાવવામાં ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન ટીમે સફળતા મેળવી હતી.

કવાસ આરોગ્ય કેન્દ્રના આશા વર્કર બહેનોનું કાર્ય બિરદાવાયું

સુરત

હેલ્થ & વેલનેસ સેન્ટર કવાસ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઈચ્છાપોર, તા.ચોર્યાસી, સુરત ખાતે કોવિડ-૧૯ હેઠળ એક પોઝીટીવ કેસ મળતા ચિંતાજનક સ્થિતિમાં તારીખ ૦૨/૦૫/૨૦૨૦ ના રોજ સુરત જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિ ના અધ્યક્ષ શ્રી કિશોરભાઈ પાનવાલા સાહેબે કોરોના પોઝિટિવ વિસ્તારની મુલાકાત લઈ ને આરોગ્ય ખાતાના કર્મચારીઓને સેનિટાઈઝર, માસ્ક, ગ્લોસ વગેરે સુવિધાઓ ઉપલબ્ધ છે કે કેમ તેની માહિતી મેળવી માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે ડો. રિતિક્ષાબેન સાકરીયા, હરીશભાઈ ડી. સુરતી, (સુપરવાઈઝર), મયુર બી. સોલંકી (મ. પ.હે.વ.), અપેક્ષાબેન મનીષભાઈ પટેલ (ફિમેલ હેલ્થ વર્કર) અને નિરવ જી. પરમાર (મ.પ.હે.વ.) નોયેલ ક્રિશ્ચન (મ.પ.હે.વ.), અંજુબેન ડી. પટેલ, આશા ફેસીલેટર અને આશા બહેનો ની ઘણી સારી કામગીરી કરી રહ્યા છે તેમ જણાવી આનંદ વ્યક્ત કરી અભિનંદન આપ્યા હતા. શ્રી કિશોરભાઈ પાનવાલા એ આરોગ્યના કર્મચારીને કોઈ તકલીફ ન પડે તેની બાહેધરી આપી હતી. પોતાની તકેદારી રાખવા જણાવી હાલમાં મંદિર મસ્જિદ ચર્ચ બંધ છે પરંતુ નામદાર સરકાર આરોગ્ય વિષયક સેવાઓ છેવાડાના ગામડાઓ સુધી પહોંચાડી રહી છે તેમ જણાવ્યું હતું.

રાજપીપળાના લગભગ દરેક વીજ પોલ ઉપર વાયરોની માયાજાળ...?! છાશવારે શોટસર્કિટને આમંત્રણ

- રાજપીપળા શહેરમાં ઉનાળા માં એક બાદ એક શોર્ટ સર્કિટ ના બનાવો વધતા ગરમીમાં લોકો હેરાન
- દોલત બજાર વિસ્તાર માં સોમવારે સવારે સોર્ટ સર્કિટ થતા કલાકો સુધી વીજ પુરવઠો બંધ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા


રાજપીપળા વીજ કંપની ની લાલીયાવાડી દિવસે દિવસે વધી રહી હોઈ તેમ આકરી ગરમી માં છાસવારે સૉર્ટ સર્કિટ ના બનાવો બનતા કલાકો વીજળી ગુલ થતા લોકો ગરમીમાં શેકાઈ છે.ત્યારે હાલ લોકડાઉન માં માંડ અમુક ધંધાઓ શરૂ કરાયા હોઈ એ પણ બપોર સુધી ની છૂટ આપી છે તેવામાં કલાકો લાઈટો બંધ રહેતા વેપારીઓ વધુ હેરાન થઈ રહ્યા છે.

ચોમાસા પહેલા અને ત્યારબાદ દસ દસ કલાક પ્રિ મોન્સૂન અને મેંન્ટેનન્સ માટે લાઈટો બંધ રાખવામાં આવે છે તે સમયે લટકતા જોખમી વાયરો કે અન્ય મરામત ન થતા હાલ શહેરના લોકો ને આકરી ગરમીમાં લાઈટો વગર હેરાન થવું પડે છે.ત્યારે વીજ કંપનીના અધિકારીઓ કેમ પાણી આવતા પહેલા પાળ બાંધતા નથી...? મોટા ભાગના વીજ પોલો ઉપર આડેધડ લટકતા વાયરો ની ક્યારેય મરામત થતી નથી તેના પરિણામે વારંવાર સૉર્ટ સર્કિટ ની ઘટના બનતા કલાકો વીજ પુરવઠો બંધ થતાં લોકો બેબાકળા બની જાય છે.ત્યારે સુરત ભરૂચ બેઠેલા વી કંપનીના ઉચ્ચ અધિકારીઓ આ માટે કડક પગલાં લઈ રાજપીપળા શહેર ના લોકોને આવી કાયમી તકલીફો માંથી બહાર કાઢવા યોગ્ય કામગીરી કરવા સ્થાનિક અધિકારીઓ ની ઊંઘ હરામ કરે તે જરૂરી છે.



વીજ પોલો ઉપર આડેધડ લટકતા વાયરોનું કોઈ જ મેન્ટેનન્સ ન કરાતા વારંવાર સૉર્ટ સર્કિટની ઘટના ક્યારેક સ્થાનિકો માટે જોખમરૂપ

નર્મદા : ગોત્રી ખાતે સારવાર લઈ રહેલ નર્મદા જિલ્લાની કોરોના દર્દી સાજા થતા રજા અપાઈ : નર્મદા જિલ્લામાં હવે ફક્ત એકજ દર્દી સારવાર હેઠળ



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લામાં લોકડાઉન ના બીજા તબક્કામાં કોરોના એ દસ્તક દીધી હતી ત્યારબાદ ક્રમશ ૧૨ કોરોના દર્દીઓ નોંધાયા હતા ગત ૨૯ મી એપ્રિલ ના રોજ રાજપીપળા કોવિડ હોસ્પિટલ ખાતેથી કોરોના સામે જંગ જીતી સાજા થયેલા ૯ દર્દીઓને સન્માન સાથે રજા આપ્યા બાદ કોઈ પણ નવો પોઝિટિવ કેસ જિલ્લામાં નોંધાયો નથી.

નર્મદા જિલ્લામાં બાકી રહેલા બે દર્દીઓ પૈકી એક ડુમખલ ગામની મહિલા દર્દી ને શ્વાસ લેવામાં તકલીફ જણાતા ગત ૨૨મી એપ્રિલ ના રોજ વડોદરા ની ગોત્રી હોસ્પિટલ ખાતે તેમને રીફર કરાયા હતા ત્યારબાદ આજે ૧૨ દિવસ બાદ ડુમખલ ગામના વૃદ્ધ મહિલા સવિતાબેન નટવરભાઈ સાજા થતા ગોત્રી ખાતેથી તેમને રજા આપવામાં આવતા તે પોતાના ઘરે પોહચ્યા છે. હવે નર્મદા જિલ્લા માં રાજપીપળા કોવિડ હોસ્પિટલમાં ફક્ત એકજ કોરોના દર્દી દાખલ છે જેમની તબિયત પણ સારી છે જેથી કહી શકાય કે હાલ લોકડાઉન ના ત્રીજા તબક્કા માં ઓરેન્જ ઝોન માં રહેલો નર્મદા જિલ્લો આગામી સમય માં ગ્રીન ઝોન માં સમાવિષ્ટ થશે તેવી આશા સેવાઈ રહી છે. આજે વધુ ૮૯ સેમ્પલ ચકાસણી માટે વડોદરા સિવિલ હોસ્પિટલ ખાતે મોકલવામાં આવ્યા છે તેમજ ગતરોજ મોકલેલ ૧૩ સેમ્પલ ના તમામ રિપોર્ટ નેગેટિવ આવ્યા છે નર્મદા જિલ્લામાં હાલ આરોગ્ય વિભાગ દ્વારા વિશેષ સર્વે ચાલી રહ્યો છે જે સંદર્ભે કફ શરદી ના ૧૨૨, તાવના ૪૩ ઝાડાના ૨૨ તેમજ શ્વાસોચ્છવાસ માં તકલીફ હોય તેવા ૨ દર્દીઓ નોંધાયા છે જિલ્લામાં કુલ ૮૩૦૫૩ લોકોનો સર્વે કરાયો હોવાનું નર્મદા જિલ્લાના આરોગ્ય વિભાગ તરફથી જાણવા મળ્યું છે.

નર્મદા જિલ્લાની કોર્ટે ઓનલાઈન સુનાવણીમાં બળાત્કારની કોશિશ કરનાર આરોપીઓના જામીનના મંજુર કર્યા

આમલેથા પોલીસ સ્ટેશન ના બળત્કારની કોશિશના ગુનાના આરોપીઓની નર્મદા જિલ્લાની કોર્ટે ઓન લાઈન જામીન અરજીની સુનાવણી માં જામીન અરજી રદ કરતી કોર્ટ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ કોરોનાની મહામારી ને લઈ સમગ્ર દેશ માં લોકડાઉન ચાલી રહ્યું છે ત્યારે તમામ એવી જગ્યાઓ કે જ્યાં પબ્લીક એકઠી થતી હોય તેવા તમામ સ્થળો સરકારે બંધ રાખવા હુકમ કર્યા છે ત્યારે કોર્ટ કચેરીઓમાં પણ અત્યંત જરૂરી એવા કેસોની સુનાવણી બાબતે જાહેરનામા બહાર પાડવામાં આવ્યા હતા.

ત્યારે હાલ લોકડાઉન ના અમલ વચ્ચે બળાત્કાર નો પ્રયાસ કરનાર આરોપીઓની ઓનલાઈન સુનાવણી રાજપીપળા કોર્ટ દ્વારા કરાઈ હતી જેમાં આરોપીઓ માં હેમંત બાબુભાઈ વસાવા, ભાવિન રમેશભાઈ વસાવા, રાજેશ ઉર્ફે મંડોલ એ સમાન ઈરાદો પાર પાડવા માટે ભેગા મળી અગાઉની મોબાઈલ બાબતની અદાવત રાખી ભોગબનનારના ઘરમાં પ્રવેશકરી ભોગબનનાર ના કપડાં ફાડી ત્રણેય આરોપીઓ એ બળાત્કાર ની કોશિશ કરી ઈજા કરી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કરેલ જેની ફરિયાદ થતા તેમની આમલેથા પોલીસે ધરપકડ કરી જેમાં આજરોજ નર્મદા જિલ્લા માં zoom એપ્લિકેશન મારફતે એડી.સેસન્સ જજ તમાંગ ની કોર્ટ માં તેમની જામીન અરજી ની સુનાવણી online કરવામાં આવી જેમાં સરકાર પક્ષે જિલ્લા સરકારી વકીલ જીતેન્દ્રસિંહ જે ગોહિલ નાઓએ દલીલો કરેલ હતી જે માન્ય રાખી આરોપીઓની જામીન અરજી કોર્ટે રદ કરી છે આમ નર્મદા જિલ્લા માં ઈ્દ્વ એપ્લિકેશન ના માધ્યમ થી આ જામીન અરજી ની ઓનલાઈન સુનાવણી થઈ હતી.

રાજપીપળામાં કોરોના વાયરસ નો ફેલાવો અટકાવવા પાલીકા દ્વારા કડક સૂચના :અમલ નહિ કરનાર પાસે સ્થળ પર દંડ લેવાશે



સોમવારે સૂચના ના પહેલાજ દિવસે ૩૩ લોકો પાસે દંડ વસુલ કરી,માસ્ક વિના ફરતા લોકોને પાલીકા ટીમે વિના મૂલ્યે માસ્ક પણ વિતરણ કર્યા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ વિશ્વભર માં કોરોના વાયરસ બાબતે ખાસ તકેદારી લેવાઈ રહી છે જ્યારે હાલમાં અમુક ધંધા સહિતની બાબતે થોડીક છૂટછાટ આપાઈ છે જેમાં કોરોના વાયરસ ચેપનો ફેલાવો અટકાવી શકાય અને નાગરીકોની સલામતી જળવાય તે માટે રાજપીપળા નગરમાં રહેતા,બહારથી આવતા તમામ નાગરીકો, તમામ ધંધાદારીઓ,નાના મોટા તમામ વેપારીઓ, ફેરીયાઓ સહિતના તમામે ફરજીયાત માસ્ક પહેરવાનું રહેશે. સાથે ધંધાના સ્થળે હેન્ડ સેનેટાઈઝર રાખવાનું રહેશે અને સામાજીક અંતર જળવાય તે માટે ધંધાના સ્થળ આગળ રાઉન્ડ કરવાના રહેશે.દુકાનદારો એ પણ તમામ ગ્રાહકોને ફરજીયાત માસ્ક પહેરવા સુચનાઓ આપવાની રહેશે અને પાલીકા ટિમો આ બાબતે નજર રાખશે તેમાં જો સુચનાનો ભંગ કરવામાં આવશે તો રૂ.૧૦૦ થી રૂા.૫૦૦/- સુધીનો સ્થળ પર દંડ વસુલ કરવામાં આવશે અને તાત્કાલિક સ્થળ પર જ આવા એકમ સીલ કરી ધંધો વેપાર કરવા અચોકકસ મુદત સુધી રોક લગાવામાં આવશે.જેની તમામે નોંધ લેવા રાજપીપળા નગર પાલિકા ના ચીફ ઓફિસર જયેશ પટેલની સૂચના બાદ પાલીકા ટીમે સૂચના આપી કાયદાનું પાલન શરૂ કર્યું હતું. કાયદાનો અમલ કરાવવા આજે સોમવારે પ્રથમ દિવસેજ પાલીકા ટીમે શહેરમાં વિઝીટ કરતા કેટલાક લોકો માસ્ક વિના કે અન્ય નિયમ નું પાલન કરતા નહિ હોવાનું જણાઈ આવતા આવા ૩૩ જેવા લોકો પાસે સ્થળ પરજ દંડ વસુલ કરવામાં આવ્યો હતો સાથે માસ્ક વિના ફરતા કેટલાક લોકોને પાલીકા ટીમે વિના મૂલ્યે માસ્ક પણ આપી લોકોમાં જાગૃતિ લાવવા પ્રયાસ કર્યો હતો.

રાજપીપળામાં ૫ વર્ષીય બાળકી આમેના ખત્રીએ પ્રથમ રોઝો રાખી અલ્લાહની ઈબાદત કરી વિશ્વમાંથી કોરોના સંકટ દૂર થાય તેવી ખાસ દુઆ ગુજારી

ભારત દેશને કોરોના મુકત કરવા નાની રોઝેદારે ખાસ દુઆ કરી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના વડા મથક રાજપીપળા ના વડફળિયા વિસ્તારમાં રહેતી ૫ વર્ષીય માસૂમ બાળકીએ પોતાના જીવનનો પ્રથમ રોઝો રાખીને અલ્લાહની બંદગી કરી હતી. મુસ્લિમ બિરાદરોના પવિત્ર રમઝાન માસનો પ્રારંભ થયોછે ત્યારે મુસ્લિમ બિરાદરોએ ઉનાળાની કાળઝાળ ગરમીમાં રોઝા રાખી અલ્લાહની ઈબાદત કરી રહ્યા છે.જેમાં રાજપીપળા વડફળીયા માં રહેતી નાનકડી બાળકી તહૂરા આમેના રુહુલઅમીન ખત્રી એ પણ પોતાના જીવનનો પ્રથમ રોઝો રાખીને અલ્લાહની બંદગી કરી હતી નાની બાળકીએ પ્રથમ રોઝો રાખતા સમાજના તમામ લોકોએ બાળકીનો ઉત્સાહ વધારવા મુબારકબાદ પાઠવીને ભલી દુઆઓ ગુજારી આપી હતી. ઉલ્લેખનીય છેકે મુસ્લિમ બિરાદરોના પવિત્ર રમઝાન માસમાં તમામ મુસ્લિમ બિરાદરો ઉનાળાની કાળઝાળ ગરમીમાં પણ મળસ્કેથી સંધ્યાકાળ સુધી ભુખ તરસ બરદાસ્ત કરી અલ્લાહની બંદગી કરી ભારત દેશને કોરોના મુક્ત કરવાની દુઆઓ કરી રહ્યા છે સાથે જ આજે આ નાની બાળકીએ પોતાના જીવન નો પ્રથમ રોજો રાખી અલ્લાહ પાસે દુઆઓ કરી હતી અને ભારત સહિત સમગ્ર વિશ્વ માંથી કોરોના દૂર થાય તેવી દુઆ કરી જેમાં હિન્દૂ મુસ્લિમ ભાઈચારા નું ઉત્તમ ઉદાહરણ જોવા મળ્યું હતું.



લોકડાઉનમાં પાંડેસરામાં સુરત-ઓડિશાની ટિકિટની કાળા બજારીનો વીડિયો વાઈરલ

સુરત

અન્ય રાજ્યમાંથી સુરતમાં વસતા પરપ્રાંતિયોને વતન જવા દેવા માટેની મંજૂરીઓ આપવામાં આવી રહી છે. ત્યારે પાંડેસરા વિસ્તારમાં સુરત-ઓડિશાની ટિકિટની કાળા બજારીનો વીડિયો વાઈરલ થયો છે. જેમાં ૭૧૦ની ટ્રેનની ટિકિટના ૮૦૦ રૂપિયા વસૂલાતા હોવાનું સામે આવ્યું છે. મંદિરના નિર્માણના નામે વધુ ૯૦ રૂપિયા ખંખેરવાનો ધંધો જોરમાં ચાલી રહ્યો છે. અત્યાર સુધીમાં મોટી સંખ્યામાં ગરીબ લોકોએ ૮૦૦ના ભાવની ટિકિટ પણ લઈ લીધી છે. આ બ્લેક માર્કેટીયાને ટિકિટ વેચાણના હક્ક ક્યાંથી મળ્યા એ એક પ્રશ્ન છે. વાઈરલ થયેલા વીડિયોમાં ભોગ બનનારે ૧૫૦૦ રૂપિયા પણ લેવામાં આવતું હોવાનું જણાવતા સરકારી તંત્ર સામે ઉભા થયા પ્રશ્નો છે. આરપીએફ પીઆઈ ઈશ્વર યાદવે જણાવ્યું હતું કે, રેલવે પાસેથી તંત્ર દ્વારા ટિકિટ ખરીદવામાં આવી રહી છે. તંત્ર દ્વારા ૧૨૦૦ લોકોની ટિકિટ લેવામાં આવી હતી. હવે તે ટિકિટ નીચેના લેવલ પર કોને ડિસ્ટ્રીબ્યુટ કરે છે તે જાણ નથી. જો આવું હોય તો તંત્ર સુધી પહોંચોડવું જોઈએ. રલલેની કામગીરી તો જેની પાસે ટિકિટ છે તેને જવા દેવામાં આવે છે. વાઈરલ વીડિયો બાબતે સાંસદ સીઆર પાટીલે જણાવ્યું હતું કે, વીડિયો મારી ધ્યાનમાં આવ્યો છે. ઘટનાની જાણ થતાં જ તાત્કાલિક તપાસની સૂચના આપી છે.

સુરતમાં લોકડાઉનથી કંટાળી પાન-મસાલાના વેપારીએ કરી આત્મહત્યા

સુરત

કોરોના વાઈરસના પગલે આજથી ત્રીજા તબક્કાનું લોકડાઉન શરૂ થયું છે. ત્યારે અડાજણ વિસ્તારમાં આવેલી કૃષ્ણકુંજ સોસાયટીમાં રહેતા પાન માવાના વેપારીએ આપઘાત કરી લીધો છે. લોકડાઉનથી કંટાળી જઈને ઘરમાં જ ઝેરી દવા પી આપઘાત કરી લેતા અડાજણ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

અડાજણ વિસ્તારની કૃષ્ણ કુંજ સોસાયટીમાં લોકડાઉન શરૂ થયું ત્યારેથી પાન માવાના વેપારી ઉમેશ પટેલને ઘરની બહાર જવા દેવામાં આવતો નહોતો. પરિવારના સભ્યો દ્વારા ઘર બહાર નીકળવાની મનાઈ કરી હોવાથી માનસિક રીતે કંટાળી જઈને ઉમેશે ઝેરી દવા પી લઈ આપઘાત કરી લીધો હતો. ઝેરી દવા ગટગટાવી આપઘાત કર્યા બાદ અડાજણ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.હાલ મૃતદેહને પીએમ માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

સુરતમાં મે મહિનાની શરૂઆત સાથે તાપમાન ૪૦ ડીગ્રી નજીક

આવનારા દિવસોમાં હજુ પણ તાપમાન વધશે

સુરત

સમગ્ર રાજયમાં મે મહિનાની શરૂઆત સાથે જ ગરમીમાં નોંધપાત્ર વધારો થવાની શરૂઆત થઈ છે. હિટવેવના લીધે મોટા ભાગના શહેરોમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીની આસપાસ પહોંચી જતા સામાન્ય જનજીવન પ્રભાવિત થયું છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગતરોજ શહેરનું અધિકતમ તાપમાન ૩૯.૫ ડીગ્રી સુધી પહોંચી ગયું હતું. આજે સવારે ન્યુનતમ તાપમાન ૨૮ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૭૯ ટકા અને હવાનું દબાણ ૧૦૧૦.૫ મિલીબાર નોંધાયું છે. સવારથી જ દક્ષિણ પશ્ચિમ દિશાથી કલાકના ૬ કિલોમીટરની ઝડપે ગરમ પવન ફુંકાઈ રહ્યો છે. આજે બપોરે ૧૨ કલાકે જ શહેરનું તાપમાન ૩૭ ડીગ્રી સુધી પહોંચી જતા સાંજ સુધી ગરમીનો પારો ૪૦ ડિગ્રીને વટાવી જાય તેવી શક્યતા છે. નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગતરોજ અધિકતમ તાપમાન ૩૮.૫ ડીગ્રી નોંધાયું હતું. આજે સવારથી જ ગરમીમાં વધારો નોંધાઈ રહ્યો છે. સાંજ સુધી તાપમાન ૪૦ ડીગ્રી વટાવી જવાની શક્યતા છે.

પેન્શનરો જુનથી ઓગષ્ટ સુધી વાર્ષિક હયાતી ખરાઈ કરી શકશે

સુરત

સૂરત પેન્શન ચુકવણા કચેરી તથા તાબાની પેટા તિજોરી કચેરીઓમાંથીં ઈન્છ સ્કીમ હેઠળ (બેંક મારફત) રાજ્ય તથા કેન્દ્ર સરકારનું પેન્શન મેળવતા પેન્શનરોએ નાણા વિભાગના ઠરાવ મુજબ કોરોના મહામારીને ધ્યાનમાં લઈ વર્ષ ૨૦૨૦માં પેન્શનરોની વાર્ષિક હયાતીની ખરાઈ મે મહિનામાં કરાવવાને બદલે જુન મહિનામાં કરાવવાનું ઠરાવવામાં આવે છે. ઉપરાંત જે પેન્શનરો જૂન મહિનામાં હયાતીની ખરાઈ ન કરાવી શકે તેઓ જુલાઈ અને ઓગષ્ટ મહિનામાં પણ હયાતીની ખરાઈ કરાવી શકે છે. પેન્શનર બેંકમાં www.jeevanpramaan.gov.in પર ઓનલાઈન હયાતીની ખરાઈ પણ કરાવી શકશે. આમ ૨૦૨૦માં જૂન, જુલાઈ કે ઓગસ્ટ માસમાં હયાતીની ખરાઈ કરાવવામાં નિષ્ફળ જશે તો તેવા કિસ્સામાં સપ્ટેમ્બર માસથી પેન્શનની રકમનું ચુકવણું સ્થગિત કરવામાં આવશે જેની સર્વે પેન્શનરોને નોંધ લેવાની રહેશે. જે પેન્શનરોના આધાર કાર્ડ તથા પાન કાર્ડ બાકી છે તેવા પેન્શનરોએ આધાર કાર્ડ તથા પાન કાર્ડ હયાતિના ફોર્મ સાથે અચુક સામેલ કરવાના રહેશે.

વિદેશમાં રહેતા પેન્શનરોએ તેઓની હયાતી નોટરી પાસે ફોટા સહિત, બેંક/શાખા, પીપીઓ નંબર, ખાતા નંબર લખીને કરાવી શકશે. કચેરીની પુર્વ મંજુરી વિના જે પેન્શનરોએ તેઓની બેંકની શાખા બદલેલી હશે તેવા પેન્શનરોની હયાતિની ખરાઈ કરવામાં આવશે નહિ જેની દરેક પેન્શનરોએ નોંધ લેવી. પેન્શનરોએ કચેરીમાં પીપીઓમાં કરલી સહીના નમુના મુજબની જ સહી હયાતીના ફોર્મ પર કરવાની રહેશે. ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન જે પેન્શનરો જુની પધ્ધતિ કે નવી પધ્ધતિ મુજબ આવકવેરો કપાવા માગે છે તેની વિગત પુરી પાડવી તથા આવકવેરાના હેતુ માટે રોકાણ કરનાર હોય તેવા પેન્શનરોએ અત્રેની કચેરીને રોકાણની માહિતી ફોર્મ ૧૨બીમાં પુરી પાડવી રહે. સને ૨૦૧૯-૨૦ના આવકના પ્રમાણપત્ર hhps://cybertreasury.gujarat.gov.in વેબસાઈટ પરથી મેળવી લેવા જિલ્લા તિજોરી અધિકારી પેન્શન ચૂકવણા કચેરી દ્વારા જણાવાયું છે.